RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 6, Year : 67, September, 2020 Pages : 64, Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# POSTAL STAMPS ON **JAIN RELIGION**




The first stamp on Jainism was issued in India by Saurashtra State, before Independence on 18 Oct 1929. This stamp bears a view of Girnar Hills where 22nd Jain Tirthankar Neminath Bhagwan had attained Nirvana. Girnar is an important Jain pilgrimage center.




A 58 feet high idol of Bhagwan Bahubali called Gommateshwara, son of Tirthankar Rishabhdev was erected by the Chamundaraya in 981 A.D. Govt. of India issued a postage stamp on the occasion of the millennium year celebrations of the idol on 9 Feb 1981.




On the 2600th Janm Kalyanak year of Bhagwan Mahavira, Govt issued a stamp on 6 Apr, 2001.
The stamp depicts the unique symbol of Jain teachings of Ahimsa Paramo-dharma adopted with the words Parasparo-pagraho Jivanam by all Jain groups.




Jain Muni Mishrimalji (1891-1984) born in Pali was an extempore poet & vigorous orator. He composed over 5000 pages of prose & poetry. Govt issued a stamp on 24 Aug 1991 depicting the portrait of the Muni and his samadhi 'Marudhar Kesari Pavandham' at Jaitaran.




A Rs. 15 stamp depicting the Shatrunjaya Temple of Palitana was issued on 15 August 1949. It is of a Tirthankar Bhagwan Rishabhnath's temple built in the year 1618. The temple is famous for its excellent fine carving and architecture.




On the occasion of the centenary of the Baroda Museum, a se-tenant pair (set of two stamps) was issued on 20 Dec 1994. This se-tenant stamp bears the picture of the ancient bronze statue of Tirthankara Rishabhdev. The idol is exhibited in the Baroda Museum




Jhaverchand K Meghani (1896 -1947) was a noted Jain poet, writer, social reformer and freedom fighter. He is a well-known name in Gujarati folk literature. Mahatma Gandhi gave him the title of Rashtriya Shaayar.On 14 Sep 1999 a stamp was issued to honour him




On the occasion of the 2500th Nirvana Anniversary of Bhagwan Mahavira, Govt of India issued a stamp on 13 Nov 1974. The stamp depicted the Jal Mandir of Pawapuri, Bihar where Bhagwan Mahavira attained Nirvana.




The first stamp on Jainism issued from outside India came from East Germany. On 23 Aug 1979, their Postal Department issued four stamps on Indian miniature paintings. One of these showed the beautiful painting of Lord Mahavira from the fifteenth century.

# હાર્દિક અભિનંદન



## ડૉ. ઋત્વિ યોગેશ દોશી

બોટાદ (ધ્રાંગધ્રા) નિવાસી, હાલ કાંદિવલી (મુંબઈ)

માતુશ્રી સુભદ્રાબેન ભુપતરાય પ્રેમચંદ દોશીની પૌત્રી તથા માતુશ્રી સુધાબેન પ્રવીણકાન્ત હરિલાલ સંઘવીની દોહિત્રી શ્રેયા યોગેશ દોશી ની સુપુત્રી તથા ડૉ. આરોહી દોશીની બહેન ડૉ. ઋત્વિ દોશી Dr. Vaishampayam Memorial Government Medical Collegeથી M.U.H.S માં M.B.B.S ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે First Class સાથે ઉત્તીર્ણ થયેલ છે. ડૉ. ઋત્વિ દોશીએ. પરિવાર તથા સંઘવી પરિવાર તેમજ શ્રી ઝાલાવાડી સમાજ નું ગૌરવ વધારેલ છે.

તે જીવનમાં સફળતાનાં તમામ શિખરો સર કરે અને ઉજ્જવળ ભવિષ્ય બનાવે એ જ શુભેચ્છા સાથે અંતરના આશીર્વાદ.

**આશીર્વાદ સહ :**

જયેશ-હેમા
કમલેશ-મયુરી
ડૉ. અંકુર - ડૉ. ઝંખના
ડૉ. નિસર્ગ-ડૉ. શિવાની
ડૉ. અરુણભાઈ-વર્ષાબેન
ડૉ. નિલેશ-અલ્પા
કેયુરભાઈ-ડૉ. પ્રતિતી
કૃપાલી, શિવાની, ડૉ. ધ્વનિ-ભાવિનભાઈ, હરમીશ, દેવાંગી,

AAROHI SANITATION (9820021175)
DEVANGI HOSPITAL (9821123823)

Advt

**BIO DATA**



# Manali Kirit Udani

Date of Birth:
$8^{th}$ March 1993

Place of Birth:
Mumbai , Vile Parle

Height:
5'5"

Cast:
Zalawadi Dasa Shrimali

Contact details:
9769033208
manaliudani93@gmail.com

**Address** : 401/402, Laxmi Palace,Malaviya Road, Vile Parle (East), Mumbai – 400 057.
Tele No. – 26146391, 26127980

**Qualifications** : **Schooling :** L.R.&.S.M. Vissanji AcademyCollege : N.M. College of commerce andeconomics
**Degree :** Bachelor of commerce (Accounting & Finance) (BAF)Professional
**Qualification :** Pursuing actuarial science. Cleared 12 papers.Working with:Kotak Life Insurance Company

**Hobbies** : Tennis, reading, dance and travel.

**Family details**

Grandfather : Late Mansukhlal C Udani
Grandmother : Late smt Vijayaben M Udani
Father : Kirit Mansukhlal Udani
Occupation : Business – R M Corporation
Auto parts and accessories
Contact details : 23862164, 23888447
9821092302
kiritrmc@gmail.com
Mother : Rajul Kirit Udani
Occupation : Homemaker
Contact details : 9323285292
Sister : Ruchi Monish Parekh (Married)

**Parental Details**

Uncle - Anuty : Nitinbhai M Udani, Meeta N Udani
Contact details : 9969319348
Faiba : Smt. Sangitaben Gunwantbhai Hemani (Sion)
Contact No. : No.9869827065
Smt Deviben Jawaharbhai Shah (Sion)
Contact No. : 9920099586

**Maternal Details**

Grandfather : Late Shri Hasmukhrai Modi (Indore)
Grandmother : Late Smt Naliniben H Modi (Indore)
Uncle : Nitinbhai Modi
Contact No. : 09826602179
Deepakbhai Modi
Contact No. : 09827035634

Advt

## DHWANI RAKESH GOSALIA



### Personal Details :

**Date of Birth** : $2^{nd}$ October, 1992
**Height** : 5'6''
**Birth Time & Day** : 02.37 Pm & Friday (Mangal)
**Caste** : Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain
**Native Place** : Wadhwan, Surendranagar, Gujarat

**Education** : Post Graduation Diploma in Jewellery Study from IIGJ Institute
:MBA in Human Resource From IBS.
:Diploma in Event Management
:M.com from Mumbai University
:B.com from Mithibai College

**Profession** :Currently into business of trading of Readymade garments & Jewellery
:Founder of Gift Gallery

**Hobbies** : Travelling, Dancing & Photography

**Residential Address** : A/603, Highland Harmony, Mahavir Nagar, Kandivali West, Mumbai - 67

### Family Details:

**Father** : Rakesh Mulchand Gosalia
**Mother** : Jashmin Rakesh Gosalia (7977778219)
**Siblings:** : Bansri Rakesh Gosalia (LLB, CS & B.Com)
: Raj Rakesh Gosalia (T. Y. B.Com)

### Business Details:

**Occupation** : Packaging Material Manufacturing & Trading
**Office** : Shanti Packaging, 146/152, Samuel Street, Masjid. Mumbai – 400009
**Factory** : Shakti Plastic, 102, Geeta Industries, Sativali Road, Vasai East.

### Paternal Details

**Grandfather** : Shri Mulchand Gandalal Gosalia
**Grandmother**: Late Indumati Mulchand Gosalia
**Kaka** : Nayan Mulchand Gosalia (9323455850)
**Kaka** : Chetan Mulchand Gosalia
**Fai baa** : Dipika Mahesh Somani

### Maternal Details:

**Grandfather** : Late Surji Lalji Sethia (Village: Vadala, Kutch, Present: Andheri East)
**Grandmother**: Smt Sushila Surji Sethia
**Mama** : Mahesh Surji Sethia (9820048023)
**Masi** : Neeta Jayesh Shah

### Contact Person Details

Chetan Mulchand Gosalia (9820537470)
Rakesh Mulchand Gosalia (9324521718)

Advt

BIO DATA

# DEEP ATUL SHETH



| | | |
|---|---|---|
| Date of Birth | : | 27/10/1993 at 5.07 am |
| Height | : | 5.9" |
| Weight | : | 70kg |
| Religion | : | Visha Shrimali Sthanakwasi Jain (Zalawadi) |
| Education | : | Pursuing P.G.D.M. Managment Course 2nd Year (Welingkar Matunga) Bachelor of Commerce (Ritumbara) |
| School | : | St. Anne's High School Malad (W) |
| Occupation | : | Deep Overseas-Traders in Chemicals and Pharmaceutical Raw Materials |
| Hobbies | : | Trekking, Swimming, Watching Movies and Outdoor Activities |
| Native | : | Wadhwan, Gujarat |
| Email | : | deepsheth32@gmail.com |
| Address | : | 503, 5th Floor, Gautam Apartments, Narshing Lane, Opp. D. S. Nagar, Malad West, Mumbai. |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Atulbhai Indulal Sheth (93203-10011) |
| Occupation | : | Business (Deep Overseas) |
| Mother | : | Meenaben Atul Sheth (Housewife) (70217-03879) |
| Elder Sister | : | Charmi Sagarkumar Jobalia Married to CA. Sagarkumar Mukeshbhai Jobalia (Borivali) (99870-13871) |
| Elder Sister | : | Sweta Vatsalkumar Gohil Married to CA. Vatsalkumar Hiteshbhai Gohil (Mulund) (99695-61767) |

## Paternal Family

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Shri Indulal Amulakh Sheth. |
| Grand Mother | : | Late Smt. Hansaben Indulal Sheth |

## Maternal Family

| | | |
|---|---|---|
| Uncle (Mama) | : | Dilipbhai Hasmukhbhai Vora (Mulund West) (98200-01850) Mehulbhai Hasmukhbhai Vora (Mulund West) (93219-39321) |
| Aunt (Masi) | : | Nayna Dharmendrakumar Gopani (Mulund West) (98201-20755) Dipti Pitushkumar Sanghvi (Dombivali) (92235-33326) |

Advt

# BIO DATA



# HARSHIT BIREN GANDHI

| | | |
|---|---|---|
| DATE OF BIRTH | ■ | 7th NOVEMBER 1993 |
| PLACE, TIME OF BIRTH | ■ | SION (MUMBAI), 10.54 A.M |
| HEIGHT, WEIGHT | ■ | 5'9", 78 kg |
| EDUCATIONAL QUALIFICATION | ■ | PERSUING EXECUTIVE MBA AT NMIMS,<br>MCOM (FINANCE), BFM, CERTIFIED FINANCIAL PLANNER (CFP) |
| RELIGION | ■ | ZALAWADI STHANAKWASI VISHASHRIMALI JAIN |
| NATIVE PLACE | ■ | WADHWAN CITY (GUJARAT) |
| OCCUPATION | ■ | EQUITY TRADER AND INVESTMENT ANALYST IN FAMILY BUSINESS |
| EMAIL ID | ■ | hgandhi603@gmail.com |
| CONTACT | ■ | 9920620685 |
| HOBBIES | ■ | TRAVELING, MOVIES & MUSIC |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| FATHER | ■ | BIREN PRAVIN GANDHI (9821087150) |
| BUSINESS | ■ | SHARE AND STOCK ADVISOR |
| MOTHER | ■ | HEENA BIREN GANDHI (9870087150) |
| YOUNGER SISTER | ■ | DR. NIDHI BIREN GANDHI<br>(PHYSIOTHERAPIST) |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| RESIDENTIAL ADDRESS | ■ | A/1401 PRATAP HERITAGE, OPP. VEER SAVARKAR GARDEN,<br>L.T ROAD, BORIVALI (W), MUMBAI - 400 092. |
| OFFICE ADDRESS | ■ | 202/C, BHATTAD TOWER, OPP. KORA KENDRA GROUND,<br>BORIVALI (W), MUMBAI - 400 092.<br>022 61596715 / 16 |

## RELATIVES DETAILS

| | | | |
|---|---|---|---|
| GRAND PARENTS | ■<br>■ | LATE PRAVIN VRAJLAL GANDHI<br>BHARTIBEN PRAVIN GANDHI | |
| UNCLE | ■<br>■ | MILAN PRAVIN GANDHI<br>NIPA MILAN GANDHI | 9820476688<br>8779461983 |
| FAIBA | ■<br>■ | SUSHMA DEEPAK SHAH<br>PRITI NITIN SAKHIDAS | 9867480275<br>9819867808 |
| MOSAL | ■ | LATE KISHOR PRANLAL SAKHIDAS<br>MINAXI KISHOR SAKHIDAS | |
| MAMA | ■ | BHAVESH KISHOR SAKHIDAS | 8080608368 |

Advt

## ઝાલાવાડી દશા શ્રીમાળી દિગંબર જૈન
# ભાવભરી શ્રધ્ધાજંલિ

જન્મ :
૨૫-૦૬-૧૯૮૫



દેહ પરિવર્તન :
૦૯-૦૫-૨૦૨૦

## સ્વ. મિતાલી સચીનભાઈ ડગલી

ન હતી એ કોઈ સુકોશલ મુનિ
ન હતી એ કોઈ ગજસુકુમાર
તો પણ ચડી ખુમારી થી કર્મો ઉપર
હતી એની પાસે મનોબળ ની તલવાર

મૃત્યુ સામે એ વીરતાથી લડી ગઈ
ધર્મ જ્ઞાન હતું એની સશક્ત ઢાળ
પુરુષાર્થ થી સદ્‌ગતિ તરફ પ્રયાણ
ભલેને હોય વસમો પંચમ કાળ

સહેલું નથી પીડામાં ધર્મમય રહેવું
અને ક્ષીણ થતા દેહમાં સ્વસ્થ સ્થિતિ
સહેલું નથી જ છતાં બની રહી એની
પરિવાર અને સર્વ જગત પ્રત્યે પ્રીતિ

સદા હસમુખ અને સદા પ્રેમાળ
તારી મહેક રહેશે અમારી સાથ
પ્રાર્થના તું શિવ સુખને જલ્દી વરે
મિતાલી તારા હાથમાં રહે પ્રભુનો હાથ

**અમારા સહુની લાડલી મિતાલી ના અવસાન થી ડગલી કુટુંબ અને શાહ કુટુંબ માં મોટી ખોટ પડી છે**
**મિતાલીના આત્મા ને બન્ને પરિવાર ની ભાવભરી શ્રદ્ધાંજલી**

**પતિ : સચીનભાઈ બકુલભાઈ ડગલી**

| | | | |
|---|---|---|---|
| સસરા | : બકુલભાઈ દામોદરભાઈ ડગલી | પિતા | : ભરતભાઈ રમણીકભાઈ શાહ |
| સાસુ | : સ્મિતાબેન બકુલભાઈ ડગલી | માતા | : ભાવનાબેન ભરતભાઈ શાહ |
| જેઠ - જેઠાણી | : તેજસભાઈ બકુલભાઈ ડગલી<br>શ્વેતાબેન તેજસભાઈ ડગલી | બહેન બનેવી | : હેમાંશીબેન હેમલભાઈ ડગલી<br>પ્રાચીબેન ચિંતનભાઈ વોરા<br>પૂજાબેન કેવલભાઈ બોટાદરા |

**કાયના, કાયરા, વીર ના માસી**

Advt




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૦
વર્ષ : ૬૭ : : અંક : ૬
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન : ૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–


શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*

## ક્ષમાપના



*'હૈયાનો હિમાળો ગાળી ગાળીને*
*વહશું હેતની ગંગા*
*પગલે પગલે પાવક જાગે*
*ત્યાં ઝરશું નેનની ઝારી*
*કંટક પંથે સ્મિત વેરીને*
*મ્હોરશું ફૂલની ક્યારી*
*એકબીજાનું જીતશું રે ભાઈ*
*જાતને જાશું હારી'*

ખામેમિ સવ્વ જીવે, સવ્વ જીવા ખમન્તુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ

# મિચ્છામિ દુક્કડમં

# આસ્થાના કોડીયે તેલ



**અ**મદાવાદમાં એક પરિવાર રહે. પતિ-પત્ની બંને ડૉક્ટર. સુધાબેન ગાયનેકૉલૉજિસ્ટ. શહેરમાં બંનેની ખ્યાતિ સેવાભાવી ને સફળ સર્જન તરીકેની હતી. એમના નર્સિંગ હોમમાં હંમેશાં ભરતી જ રહેતી.

એક રાતના ડૉ. સુધા ઘેર આવ્યાં ને કામકાજ આટોપી સૂતાં. દિવસભરની મહેનતે એમને ઘસઘસાટ ઊંઘ આપી.

રાત્રે ૧૨:૦૦ વાગે મોબાઇલ રણક્યો ને એ જાગ્યાં. આંખ ઊઘડતી નોતી તોય નંબર જોયો, તો પોતાના નર્સિંગ હોમનો હતો. ''ડૉ. મેડમ આપ જલદી આવો. એક દર્દીને પેટમાં ભયાનક દુખાવો ઉપડ્યો છે. મોડું ના કરતાં.''

સુધાબેન ઊઠ્યાં. ઘરમાં આજે પતિ પણ ન હતા. ઘોડિયામાં સૂતેલી દીકરીને જોઈ એકવાર થયું કે હું જઈશ ને આ જાગશે તો એને દૂધ કોણ પીવડાવશે ? ન જાઉં તો શું બગડી જવાનું છે ? પણ.... પાછો તુરંત પીડાતી સ્ત્રીનો વિચાર આવ્યો ને ડૉક્ટરે તુરંત એક બોટલ દૂધ ભરીને ઘોડિયામાં મૂકી દીધી પણ.. માતૃત્વ પગને ઉપડવા નો'તા દેતા ત્યાં જ ફરી ફોન આવ્યો, ''જલદી આવો. દર્દીની સ્થિતિ ગંભીર છે મેડમ.''

સુધાબેને એકવાર દીકરીને માથે હાથ ફેરવીને ફટાફટ નીચે ઉતરી ગાડી દોડાવી.

નર્સિંગ હોમમાં આવીને જોયું તો બાઈ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. બીજી જ મિનિટે સુધાબેનનો જાદુઈ હાથ કામે લાગી ગયો ને. ત્રણેક કલાકના સફળ ઓપરેશને બાઈને મૃત્યુના મુખમાંથી બચાવી લીધી.

બાઈનો પીડામાંથી છુટકારો થયો ને સ્વજનોએ ઉભરાતી આંખે ગળગળા સાદે સુધાબેનનો ખૂબખૂબ આભાર માન્યો ''અમારી પુત્રવધૂ ને પૌત્રીના જીવનદાતા ડૉક્ટર મેડમ ! ભગવાન તમારું ભલું કરશે.''

ડૉક્ટરે સ્મિત કરીને નર્સને બોલાવીને જરૂરી સૂચના આપી, ગાડી ઝડપથી ઘર તરફ દોડાવી. ગાડી કરતાં પહેલાં એમનું દિલ દીકરી પાસે દોડી ગયું હતું.

સુધાબેન બંગલે આવી સીધા જ ઘોડિયા પાસે દોડી ગયાં. ઘોડિયામાં બાળકી નિરાંતે પોઢી હતી. સુધાબેનનો જીવ હેઠો બેઠો.

પણ ત્યાં જ જોયું તો બાજુમાં ખુલ્લી બેગ પડી હતી, કપડા વેરાયેલા હતા, તિજોરી તૂટેલી હતી. એક પોટલું બાંધેલું પડ્યું હતું. ડૉક્ટરે તુરંત પોટલું ખોલ્યું, તો એ દાગીનાની પોટલી હતી.

સુધાબેન હેબતાઈ ગયા. ગભરાતાં પગલે એ સૂતેલી દીકરી પાસે દોડ્યાં. એને હેમખેમ જોઈ જીવમાં જીવ આવ્યો.

ત્યાં જ સુધાબેનની નજર દૂધની બોટલ પર પડી. દૂધ ઘણુંખરું ખાલી હતું. સુધાબેનને થયું, ''આ શું ? ચોર ચોરી કરવા આવ્યો ને કશું જ લીધા વગર ચાલ્યો ગયો !!'' ત્યાં જ દીકરીની બાજુમાં એક ચિઠ્ઠી જોઈ. ડૉક્ટરે ચિઠ્ઠી ખોલી. એમાં બે-પાંચ વાક્યો લખેલા હતા, ''હું આવ્યો તો ચોરી કરવા પણ... ઘોડિયામાં સૂતેલી ઢીંગલી રડતી હતી એટલે મેં બોટલમાંથી દૂધ પીવડાવ્યું. દાગીના ને સામાન બાંધ્યા પછી મને અચાનક મારી મરી ગયેલી દીકરીની યાદ આવી ને મારા મને કહ્યું, અરે અભાગિયા જીવ, આ જીવતી દીકરીને દૂધ પીવડાવ્યું પછી હવે દીકરીને ઘેર ચોરી કરાય ? ને મારું મગજ સુન્ન થઈ ગયું ને હું ચોરી ના કરી શક્યો. બસ ! દીકરીને મારા વતી વહાલ કરજો.''

ને... આટલું વાંચતા તો સુધાબેનની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યા. થોડીકવાર સુધી શહેરના પ્રખ્યાત સ્ત્રી-તજજ્ઞ ડૉક્ટર સુધાબેન સ્તબ્ધ થઈ ગયાં ને પોતાની જગ્યાએથી હલી જ ન શક્યાં. એમણે ઉભરાતી આંખે, બે હાથે, ઘોડિયા પાસે જઈ દીકરીને ઊંચકી ને બોલ્યા, ''પ્રભુ ! કો'કની દીકરીને મેં અડધી રાતે બચાવી, તો તમે ચડતી સવારે મારી દીકરીને બચાવી લીધી ! પ્રભુ ! એકવાર તો મારા મનમાં નર્સિંગ હોમ જવાની રાત્રે તડજોડ થઈ છતાં અડધી રાતે દોડીને ઓપરેશન કર્યું ને મા-દીકરીને બચાવ્યાં.

ને એ જ સમયે મારા ઘરમાં ચોરી ? પણ.. God is Great ! પ્રભુ ! તમે મહાન છો. મેં તો કોઈકની દીકરીને બચાવી પણ પ્રભુ ! તમે તો મારું ધન ને દીકરીનું જીવન ને આખું ઘર બચાવ્યું. પ્રભુ ! તમે તો વ્યાજ સાથે બદલો આપો છો !''

ને... સુધાબેન ભાવાવેશમાં ઈશ્વરના ફોટા સામે, કર જોડી ઘૂંટણીયે પડી ગયાં, ''તારી દયાનો નહીં પાર, તે તો વિસાર્યા મારા દોષને !!''

''કોઈ ભલાઈનું કામ આવે ત્યારે પાછા ના પડીએ, યાદ રહે, ભલું કરનારનું ભલું થાય જ !''

✱✱✱

**વર્ષ ૨૦૨૦ દરમ્યાન કોવિડ- 19 ની મહામારીના કારણે LOCK DOWN દરમિયાન એપ્રિલ 2020 થી ઓગસ્ટ 2020 ના અંકો બહાર પાડી શક્યા નથી.**

**ક્ષમસ્વ**

■ તંત્રી



नमस्कार महामंत्र

नमो अरिहंताणं

नमो सिद्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सव्व साहूणं

एसो पंच नमुक्कारो

सव्व पावप्पणासणो

मंगलाणं च सव्वेसिं

पढमं हवइ मंगलं



# નવકાર મહામંત્ર

નમોકાર મંત્ર દુનિયાના મહા-મંત્રમાનો એક છે. અંહકારના કાળમીંઢ પથ્થરને તોડી અંદરથી નમનના ભાવ ઝરણાને પેદા કરવાનો એ પ્રયાસ છે. દુનિયામાં જેટલા પણ 'અરિહંત' છે એ સૌને નમસ્કાર. બહારના શત્રુઓની આમાં વાત નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર કે અજ્ઞાન જેવા જે આંતરરિપુ છે તેને જેમણે જીતી લીધા છે, આવા શત્રુઓ પર વિજય મેળવીને જે જીવે છે, એવી વ્યક્તિને નમસ્કાર આવી વ્યક્તિ જૈન ધર્મની જ હોય એવો એમાં નિર્દેશ કે આગ્રહ નથી. એ જ્યાં પણ હોય, જે ધર્મધારામાં એ વ્યક્તિ જીવતી કે પૂજાતી હોય, દેશમાં હોય કે વિદેશમાં હોય, ભૂતકાળમાં એ વ્યક્તિ થઈ હોય કે વર્તમાનમાં જીવી હોય એ તમામને નમસ્કાર.

જે ધર્મમાં આવો મહામંત્ર હોય તે ધર્મ સાથે જોડાયેલી વ્યક્તિ કદી પણ સંકુચિત ન બની શકે. આખું વિશ્વ એનું કુટુમ્બ બની શકે. આખા બ્રહ્માંડને એ પોતાના પ્રણામનું નિમિત્ત બનાવી શકે. કઈ દિશામાં, ક્યાં અને કઈ વ્યક્તિ અરિહંત હોય તે કોને ખબર? આથી એ સમગ્રની સામે નમતા શીખે છે. 'અરિહંત' એવી વ્યક્તિ છે, જેના મનમાં ક્યાંય કોઈ શત્રુતા નથી. પ્રેમ અને કરુણા જ જેમના રોમેરોમમાંથી વહી રહેલ છે એવી વ્યક્તિને જૈનધર્મ અરિહંત કહે છે.

પાંચ પ્રકારની વ્યક્તિઓને આ મંત્ર દ્વારા નમસ્કાર થયા છે. પહેલા અરિહંતને, એ પછી સિદ્ધિને. જેમણે જીવનના પરમ અર્થને જાણી લીધો છે. જે જીવનના પરમ શિખર પર પહોંચી ગયા છે તે સ્વયં સિદ્ધ છે. કશું જ એમણે પછી પામવાનું નથી રહેતું. જેમણે મંજિલને મેળવી લીધી છે તે સિદ્ધ. એ પછી આવે છે આચાર્ય. 'આચાર્ય' એમને કહેવાય જેમણે પોતે તો મેળવી લીધું છે પણ પોતાના આચરણ દ્વારા, પોતાની વાણી અને જીવનશૈલી દ્વારા જે પરમને અભિવ્યક્ત પણ કરે છે તે આચાર્ય. જે અંદર છે તે જ બહાર પ્રગટ થઈ રહ્યું છે, આચરણમાં ઉતરી રહ્યું છે. આવી વ્યક્તિ પાસે બે ચહેરા નથી હોતા. હા, આચરણને કોઈ ઓઢી શકે છે. અંદરથી અહંકારી હોય અને નમ્રતાને ડોળ કરી શકે છે. અંદરથી લોભી હોય અને અલોભની ચાદર ઓઢી શકે છે. આથી આવા લોકોની અહીં વાત નથી. અંદર અને બહાર બન્ને સ્તરથી જે જ્ઞાન, ધ્યાન અને કરુણાથી તરબતર છે તે જ આચાર્ય છે.

ચોથું સ્થાન છે ઉપાધ્યાયનું. જે સ્વયંને જાણે છે. જેમનું આચરણ સમાધિસ્થ વ્યક્તિ જેવું છે. અને જે જ્ઞાનને વહેંચે છે, પરબ માંડીને જીવે છે. વાણી દ્વારા પ્રગટ કરે છે. લોકો જે સમજાવે પણ છે, તેવી વ્યક્તિને 'ઉપાધ્યાય' કહેવામાં આવે છે. જે પરમને જાણીને એ પ્રમાણે જીવે છે અને બીજાને એવા જીવન માટે પ્રેરે પણ છે. મંત્રના ચાર ચરણ તો પૂરા થયા; છતાં નમનનો ભાવ અટકતો નથી. અસ્તિત્વમાં એવા પણ ઘણા સત્પુરુષો સંતો અને સાધુઓ છે જેમને આપણે ઓળખી શકતા નથી. આવી નહીં ઓળખાયેલા છતાં જે સીધા સરળ એટલે કે 'સાધુ' છે તેને પણ નમસ્કાર.

✱✱✱

# લૉકડાઉનની વેળાએ



# લૉકડાઉનની વેળાએ

**☐ સંધ્યા શાહ**

પ્રિય વાચકો,

સમયના લાંબા અંતરાલે આપણે મળી રહ્યા છીએ. માર્ચ ૨૦૨૦ પછી સીધો સપ્ટેમ્બર ૨૦૨૦ નો અંક આપના હાથમાં મૂકી રહી છું. આ સમય દરમ્યાન વાચકોએ વારંવાર પત્રિકા ક્યારે પ્રગટ થશે એની પૃચ્છા કરી છે.

આપ સહુના સ્નેહની ઋણી છું.

- સંધ્યા શાહ



સડસડાટ વહી જતી જિંદગીનું વહેણ અચાનક થંભી ગયું. આદરેલા કેટકેટલા ઉપક્રમો અધૂરા રહી ગયા...!!!

કોરોના વાઇરસ ... એક વિષાણુંએ સમગ્ર વિશ્વને પોતાના સકંજામાં લઈ લીધું છે. કુદરતી આફત અને તે કોઈ વિસ્તાર પૂરતી સીમિત હોય... બાકીના તો સુરક્ષિત હોય.... પણ આ તો કેવી વિપત્તિ! સમગ્ર માનવજાત અસહાય! ગુનેગારને પોતાના ગુનાની સજા મળે તે સ્વીકાર્ય, પણ સહુને ? આ કેવો ભીષણયોગ!

પાકિસ્તાન સાથેનું યુદ્ધ, મોરબીનું પૂર, અમદાવાદ અને કચ્છનો ધરતીકંપ..... મેં જોયેલી આ બધી જ દુઃખદ ઘટનાઓ હતી, પરંતુ તે કોઈ ક્ષેત્ર સુધી સીમિત હતી.

જાન્યુઆરી મહિનાથી વર્તમાનપત્રોમાં કોરોના વાઇરસ વિશે કંઈને કંઈ વાંચવામાં આવતું પણ વૈશ્વિક ઘટનાઓ સાથે એટલી નિજી નિસ્બત નહોતી અનુભવાઈ.

આપણા દેશમાં આ ઘટનાના પગરણ શરૂ થયા. રોજ ટેલિવિઝન પર, સમૂહ માધ્યમો પર તેનું વર્ણન, તેનો ફેલાવો, તેની પીડા.... બધું સાંભળીને, વાંચીને ભય લાગવા માંડ્યો. આ રોગની સંક્રમિત થવાની શક્યતાઓ સમજીને પ્રધાનમંત્રીએ આકરાં પગલાં લીધાં.

પહેલી વખત એક આખો દિવસ સમગ્ર દેશના લોકો પોતાના ઘરમાં રહ્યા. આ બહુ જ અણધારી ઘટના હતી, પણ આટલી ભયંકરતાનો અહેસાસ નહોતો. સંપૂર્ણ લૉકડાઉનના ૧૯ દિવસ નિયત થયા ને થથરી જવાયું....

૧૯ દિવસ સુધી ઘરની બહાર પગ પણ નહીં મૂકવાનો, કોઈની યે અવરજવર નહીં, આ કેટલું અકલ્પનીય!

એવું નથી કે બહુ બહાર જવાનું થતું હોય છે, એવું પણ નથી કે મિત્રોની મહેફિલ, મોલ, સિનેમાગૃહ કે નાટકો અને હોટલમાં જવાનું ઘરમાં બહુ ચલણ છે. એમ તો સાદી જીવનશૈલી છે, તેમ છતાંયે જાણે જબરદસ્તીથી ઘરમાં કોઈએ પૂરી દીધા હોય તેવું લાગ્યું. મન શૂન્યતાથી ભરાઈ ગયું.

વળી વિચાર્યું, આવો અવસર ક્યારે આવે કે આખો પરિવાર એક છત્ર તળે એકમેકની હૂંફમાં સમય પસાર કરે! પરિવારજનોની સંગત, મિત્રો સાથેની ગપ્પાગોષ્ટિ, કબાટના ખાનાઓની સાફસૂફી, કેટકેટલું વાંચન, જૂના આલ્બમોમાંથી વિ-ગત અવસરોના સંભારણાં, બાળકોની ઢબૂરીને મૂકી દીધેલી રમતોમાં દિવસો પસાર થઈ રહ્યા છે -

રોજ રાત્રે ૮૪ લાખ ભવયોનિના તમામ જીવોની ક્ષમા માંગું છું અને આ વૈશ્વિક મહામારીને મિટાવવાની ઈશ્વરને પ્રાર્થના કરું છું. રોજ સવારે સૂર્યનું પહેલું કિરણ એક નવી આશા જગાડે છે. પ્રકૃત્તિએ તો ક્યાંય લૉકડાઉન નથી કર્યું એનો અહેસાસ કરાવે. બાલ્કનીમાં રહેલા ગુલાબ, મોગરા અને જાસૂદના છોડ, ઠીબમાં પાણી પીવા આવતી ચકલીનો મધુર સ્વર, રસોડામાંથી દેખાતા મારા પ્રિય બગીચાના પીળા અને ગુલાબી ફૂલોની આભા મનને શાતા આપે છે.

પણ.... રોજ રોજ વધી રહેલા કોરોનાના દર્દીઓ, આસપાસમાં ક્વોરન્ટાઈન થઈ રહેલા બિલ્ડિંગ, દિલ્હીના જમાતીઓ થકી દેશભરમાં પ્રખરી રહેલો આ રોગ, પારાવાર પીડા અનુભવાય છે. આશા-નિરાશામાં ઝોલા ખાતું મન ક્યારેક વિચારે છે કે હવે આત્મીય સ્વજનોને, પ્રિય મિત્રોને ફરીથી મળી શકાશે ખરું ?

અવસાદની પળોમાં, લંબાઈ રહેલા લૉકડાઉનમાં હતાશા અનુભવાય છે. પ્રકૃતિમાં પ્રદૂષણ ઓછું થયું છે. નદીઓના જળ નિર્મળ થયાં છે. હિમાલયનાં શિખરો જલંધરથી દેખાવા લાગ્યાં છે... પ્રકૃત્તિ આપણને ફરી પાછા મૂળ માર્ગ પર લાવી રહી છે. કેટકેટલી વસ્તુઓ વિના, કેટલી સરસ રીતે કેટલા સંતોષથી જીવી શકાય છે એ સમજાવા લાગ્યું છે. આપણા વડીલોની સાદી, શિસ્તપૂર્ણ, સંયમી, કર-કસરયુક્ત જીવનશૈલી, એમના જીવનમૂલ્યો, પ્રકૃતિ સાથેનો આત્મીય અનુબંધ... બધું જ ફરી એકવાર જાણે સ્થાપિત થઈ રહ્યું છે.

જીવનના સાચા સૂત્રધાર કોણ છે તે સત્ય ઉજાગર થઈ રહ્યું છે. દેશના ઉદ્યોગપતિઓએ આ સંકટના સમયમાં કરેલી કરોડો રૂા.ની સખાવત આ સંકટને પહોંચી વળાશે એવી હૈયા ધારણ જગાડે છે. આ કપરા સમયમાં નિરંતર પોતાની ફરજ બજાવતા ડૉક્ટરો, ગર્ભવતી હોય કે બીમાર હોય, નિષ્ઠાપૂર્વક કામ કરતી મહિલાકર્મીઓના કિસ્સાઓ આંખમાં ઝળઝળિયા આણે છે. ૯૯ વર્ષના કોઈ દાદા ૫૧ હજાર રૂા. ની પોતાની મૂડી પ્રધાનમંત્રીને અર્પણ કરે, ગલીએ ગલીએ કોઈ ભૂખ્યા ન સૂવે તે માટે રાતભર ઉજાગરા કરતાં સેવા સંગઠનો, જીવના જોખમે કામ કરતા સફાઈકર્મીઓ ને મોતથી દૂર રહેવાનું અનુનયની વિનંતીથી ને દંડાથી સમજાવતા ફરજ પરના કર્મચારીઓ હૃદયને ભીંજવી દે છે.

ભૌતિક સંપત્તિની પાછળ અવિરામ દોટ મૂકી રહેલા આપણને સહુને આ વાઇરસે અટકાવ્યા છે; થોભાવ્યા છે. જીવનને સાચી રીતે સમજવાનો મોકો આપ્યો છે.

વર્ષો પહેલાં કોલેરાની આવી જ મહામારીમાં સમગ્ર વિશ્વ સપડાયું હતું ત્યારે કોઈએ ઓશો રજનીશને પૂછ્યું હતું કે 'આ મરણતોલ રોગચાળામાંથી કઈ રીતે બચી શકાય ?'

ઓશોએ જવાબ આપ્યો હતો કે તમારો પ્રશ્ન ખરેખર તો એમ હોવો જોઈએ કે આ રોગચાળાને કારણે મારા મનમાં જે ભય પેદા થયો છે તેનાથી હું કઈ રીતે બચી શકું ?

ડરથી વધારે ખતરનાક કોઈ વાઇરસ નથી આવો સમય થોડાં થોડાં વર્ષોના અંતરાલે હંમેશાં આવતો જ હોય છે. કારણ કોઈ પણ હોય - રાષ્ટ્રોની લડાઈ હોય કે જૈવિક હથિયારોનો ઉપયોગ હોય... મૃત્યુનો ભય તોળાતો હોય. મારી દૃષ્ટિએ આ રોગચાળામાં ફફડતા રહેવાનું, ભયથી આતંકિત ઘરમાં રહેવાનું હોય એ વાત સમજદાર માટે સમસ્યા નથી - આફત

નથી બલ્કે ઉત્તમ અવસર છે. આ દિવસોમાં ઘરે રહીને તમારી મનગમતી પ્રવૃત્તિ કરો. પુસ્તકો વાંચો, ફિલ્મો જુઓ, કસરત અને યોગ કરો, વજન ઓછું કરો, ટેલિવિઝન ને વર્તમાનપત્રો બંધ કરી દો. આ રોગ કે મહામારીની વાતો કરવાનું બંધ કરી દો, કોઈ પણ પ્રકારની નકારાત્મક ઉર્જાને મનમાં પ્રવેશવા જ ન દો. ખૂબ સ્વસ્થ રહો. સાદો આહાર લો. આ દુનિયામાં રોગચાળા સિવાય પણ અનેક ઘટનાઓ બની રહી છે તેના પર ધ્યાન આપો, ને અંતિમ વાત, ધીરજ રાખો... બધું બદલાઈ જશે.જે અપરિહાર્ય છે તેનાથી ડરવાનો કોઈ અર્થ નથી.

૭૦ના દાયકામાં કહેવાયેલી આ વાત કેટલી સાચી છે ! મૃત્યુનો ભય જાણે બીજું કશું કરવાની... વિચારવાની શક્તિ જ હણી લે છે...

લૉકડાઉનના આ કપરા સમયમાં બહુબધી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહીને સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ચોમેરની ગતિવિધિ નિહાળીએ ત્યારે ફરજ બજાવી રહેલા ડૉક્ટરો ને પોલીસો પરના હુમલા ચિંતિત કરી દે તેમ છે. રાતદિવસ કામ કરતા, ફરજ બજાવતા આ લોકો સાથે જો આપણે આવું જ વર્તન કરવાનું હોય તો શું કામ તેઓ પોતાની જિંદગી જોખમમાં મૂકીને આપણને બચાવે ? રાષ્ટ્રના નાગરિક તરીકે આપણી કોઈ જવાબદારી જ નહીં ?

લૉકડાઉનના અંતિમ દિવસ ૩ મે ની રાહ જોતા હતા. સરકારે રમજાનના આગલા દિવસે ૨૬ એપ્રિલે આ પ્રતિબંધ થોડો હળવો બનાવ્યો. આજ સુધી ઘરમાં રહેવાનું કેદ જેવું લાગતું હતું પણ આ જાહેરાતથી એવું લાગ્યું જાણે માતાપિતાએ આપણને નિરાધાર છોડી દીધા... હવે કઈ રીતે બચશું તે તો ઈશ્વર જાણે...

એમ જોઈએ તો રાષ્ટ્રનું આર્થિક તંત્ર સાવ ઠપ્પ પડ્યું હોય ત્યારે ૧૩૫ કરોડની જનતાનું ભરણપોષણ કઈ રીતે થઈ શકે ? સરકારે આપણને અનેક માધ્યમો થકી સલામત રહેવાના નુસખા અને આ રોગની ગંભીરતા સમજાવી દીધી છે. હવે આપણે સ્વયં આપણી કાળજી કરવાની છે.

એટલું તો ચોક્કસ કે આપણે હવે બેફામ જીવનશૈલીને નિયંત્રિત કરવી પડશે. લોકો સાથેનું સલામતીભર્યું અંતર કેળવવું પડશે. મેળાવડાઓ ઉત્સવો- સમૂહ ભોજન કે સમારંભોનો વિવેકપૂર્ણ ત્યાગ કરવો પડશે. સાત્વિક ભોજન, ઘરની સ્વચ્છતા અને પવિત્રતા, પારિવારિક સ્નેહ તથા મૂલ્યમંડિત વિચારધારા અપનાવવી રહી.

આમ પણ, લૉકડાઉન થકી જીવનને નિરાંતથી જોવાનો મોકો તો મળ્યો જ છે. સવારથી કૂતરું પાછળ પડ્યું હોય ને દોડતા હોય તેમ દિવસરાત ભાગદોડ કરી રહેલા, મરવાની યે ફૂરસત નથી એવું કહેતા આપણે પગ વાળીને ઘરમાં બેઠા - જીવનસાથીની સંગે, સંતાનોની સંગે રહેવાનો તેમને સમજવાનો આ પહેલવહેલો અવસર મળ્યો. શાંતિ અને સુખ માટે આટલી બધી દોડધામ જરૂરી નથી એ તો સમજાઈ જ ગયું છે ને જીવતા રહીશું કે કેમ એ તો હજી પ્રશ્ન જ છે....

લૉકડાઉન લંબાઈ ગયું. કોરોનાનું જે રીતે સંક્રમણ થઈ રહ્યું હતું તેથી શંકા તો હતી જ... આટલા વિરાટ-૧૨૫ કરોડના જનસમૂહને સુરક્ષિત અને સલામત રાખવા એ અનિવાર્ય બન્યું.

હવાઈદળ, પાયદળ અને નૌસેના દ્વારા સુરક્ષાકર્મીઓ, સ્વાસ્થ્યકર્મીઓ તથા સ્વચ્છતાકર્મીઓ પર હેલિકૉપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી ! ખૂબ પ્રોત્સાહક હતું. રાતદિવસ સેવા કરતા કેટલા બધા પોલીસો, એમ્બ્યુલન્સ વાહકો, નર્સો અને કર્મચારીઓ કોરોનાનો ભોગ બન્યા છતાં સેવાનો આ યજ્ઞ અવિરત ચાલી રહ્યો છે.

સંક્રમણના વ્યાપને આધારે ગ્રીન, ઓરેન્જ તથા રેડ ઝોનમાં વહેંચાઈ ગયેલા આપણા દેશમાં દારૂની દુકાનો ખૂલતા પ્રજાએ દર્શાવેલી અપરિપક્વતા, વિશાખાપટ્ટનમની ગૅસ લીકેજની દુર્ઘટના, પોતાના પ્રાંતમાં જવા નીકળેલા, ચાલી ચાલીને થાકી ગયેલા, પાટાની વચ્ચે સૂઈ ગયેલા ૧૪ મજૂરો પર ફરી વળેલી ટ્રેન.... કુદરતની આ કરુણ થપાટ.

બસ હવે બહુ થયું. આમ પણ, આ દિવસો આત્મપ્રતીતિના રહ્યા છે. દોડધામમાં હોવાનો આભાસ ઊભો કરીને ભીતરના જે પ્રશ્નોને આજ સુધી ખાળ્યા છે તે પ્રશ્નો - જીવનના, અસ્તિત્વના, સાર્થક્યના, કર્મ અને કર્મફળના-સહુ જવાબ માગે છે. જાતને જવાબ આપવાનો, ભીતરની સંનિકટ રહેવાનો આવો અવસર સમગ્ર જિંદગીમાં ક્યારેય નથી આવ્યો.

ચાલો, Back to our roots ઈશ્વરને વચન આપીએ કે આ સૃષ્ટિને અમે વહાલ કરીશું, એનું જતન કરીશું અને સાચું મૂલ્યમંડિત જીવન જીવીશું.

✷✷✷

માનવતાનો હૃદય રવ સાંભળવો એ ખુબ મજાની ઘટના છે.

કોરોના કાળે અનેક સામાજિક સંસ્થાઓ અને વૈયક્તિક રીતે લોકો દર્દીઓને રાહત આપવા કટિબધ્ધ રહ્યા.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટી અને વિધાનસભ્ય શ્રી પરાગભાઈએ પૂજ્ય નમ્રમુનિના આશીર્વાદથી પારસધામ, રામજી આશર શાળા, લાયન્સ કોમ્યુનિટિ સેન્ટર-ઘાટકોપર તથા પાવનધામ કાંદિવલીમાં કોરોના સેન્ટર ઊભા કર્યા જ્યાં બહુ જ ઓછા ખર્ચમાં દર્દીઓની ઉત્તમ સારવાર ઉપલબ્ધ બની. કાંદીવલી પાવનધામમાં સભાના કમિટી મેમ્બર શ્રી નિરવભાઈ દોશીએ ચાર મહિના ખડેપગે રહીને ૮૫૦ દર્દીઓને સાજા કરી ઘરે મોકલવાનો પરિતોષ અનુભવ્યો. મહારાષ્ટ્રના ભૂતપુર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રભાઈ ફડનવીસે કોરોના વોરીયર તરીકે તેમનું સન્માન કર્યું.

સભાના ટ્રસ્ટીશ્રી મનિષભાઈ તથા કમિટી મેમ્બર શ્રી મિતેશભાઈ માટુંગામાં 'રોટીઘર' ઊભું કરીને પ્રત્યેક શનિવાર તથા રવિવારે ગરીબ ભૂખ્યા જનોને અનાજ તથા ખાદ્ય સામગ્રીનું વિતરણ કરી આ કપરા કાળમાં સહાયક બની સેવાનું ઉદાહરણ સંપન્ન કર્યું.

સભાના સહમંત્રી મુકેશભાઈ ચશ્માવાળા તથા મહેન્દ્રભાઈ અજમેરાએ રેશનીંગ કીટ તથા રોકડ રકમ દ્વારા સ્વધર્મીયોની સહાય કરી કોરોના વોરિયર તરીકેનું સન્માન મેળવ્યું. 'જીતો' ના સહયોગથી બોરીવલીમાં પણ કમિટી મેમ્બર વિજયભાઈ અજમેરા તથા નિરવભાઈ દોશીએ ૧૦૦૦ કીટનું વિતરણ કર્યું.

ઝાલાવાડી સભાએ સ્વધર્મી સહાય મેળવતા સભ્યોની સાથે સાથે જેને સંજોગોવશાત જરૂર હતી તેવા ૭૦થી ૭૫ સભ્યો તમામને રૂા. ૩૦૦૦/- ની આર્થિક સહાય કરી.

સ્થાનકવાસી સમાજના એક મૂક દાતાએ આ કપરા કાળમાં સભાના ટ્રસ્ટી ઉપ-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ પાસે જઈને સાધર્મિકોને સહાય કરવાની તત્પરતા દર્શાવી. મહાવીર-નગર સંઘના નેતૃત્વમાં અનિલભાઈ તથા અન્ય કમિટી મેમ્બર્સની સહાયથી ૪૦૦ પરિવારોને રેશનિંગ કીટ આપવામાં આવ્યા. સમાજ આવા ઉદારદિલ દાતાઓ થકી જ ટકી રહે છે. જેના હૈયે કરૂણા વસી છે તેવા આપણા સહુ સભ્યોએ એક યા બીજી રીતે દુ:ખીઓને મદદ કરી છે.

✷✷✷



# રતનફઈ

☐ મુકુન્દરાય પારાશર્ય

**મો**રબીના ભટ્ટ હરિરામ વ્રજનાથને પાંચ સંતાનો. ત્રણ પુત્રોમાં દલપતરામભાઈ સહુથી મોટા. તે પછી કાનજીભાઈ, જે કોટડા-સાંગાણીમાં રાજવૈદ્ય થયા હતા, ને સૌથી નાના તે 'કેશવકૃતિ'ના કર્તા ભક્ત કવિ કેશવલાલ. બે પુત્રીમાં દલપતરામ પછી રતનનો જન્મ અને કાનજીભાઈ પછી રેવાનો જન્મ.

મોટા પુત્ર દલપતરામના લગ્ન મોરબીના પ્રસિદ્ધ જોશી શાસ્ત્રી પિતાંબર વૈકુંઠજીનાં પૌત્રી, ભટ્ટ નંદરામની પુત્રીવેરે કરેલાં; ને એ જ નંદરામના પુત્ર મહિધર વેરે ભટ્ટ હરિરામે પુત્રી રતનનાં લગ્ન કર્યાં. આમ, દલપતરામ હરિરામ અને મહિધર નંદરામ પરસ્પર સાળો-બનેવી થાય. દલપતરામનાં પત્ની પુત્ર પ્રભાશંકરને દોઢ વર્ષના મૂકી અવસાન પામેલાં. એ પ્રભાશંકર રતનબહેનને કદી મામી ન કહેતા; ફઈ જ કહેતા. તેમના મિત્રો પણ એમ જ કહેતા. મહિધર ભટ્ટના કાકાના દીકરા સુંદરજી તથા હરિલાલ ઝીણા પ્રભાશંકરના મિત્ર, ને તેઓ પણ 'ભાભી' ને બદલે 'રતનફઈ' કહીને વાત કરતા મહિધર ભટ્ટના બે દીકરા પૈકી મોટા ચન્દ્રશંકર પોતાનું નામ 'ચંદ્રશંકર મહિધર ભટ્ટ' એમ કહેતા, પણ કોઈ પૂછે કે તમે કોના દીકરા તો કહેતા રતનફઈ નો. મોરબી આખામાં એ રતનફઈ તરીકે જ ઓળખાતાં. એ રતનફઈની આ વાત છે.

આણું વાળી, રતનફઈ સાસરે આવ્યા પછીના તરતના દિવસોમાં એક સાંજે એ ગાયને દોહવા બેસતાં હતાં ત્યારે પાસે આધેડ પાડોશણ ઊભાં હતાં. ગાયને દોવરાવવામાં વહુને મદદ કરવા એ આવેલાં. ગાયને વાછડી થોડું ધાવી ત્યાં પાડોશણબાઈ એ તે વાછડીને મોઢેથી પકડી ખેંચીને ખીલે બાંધી દીધી ને રતનફઈ ને ઝટ દોવા બેસી જવા કહ્યું. વળી કહ્યું : 'ગાય તાંબડી ભરીને દૂધ કાઢે છે, એટલે માવતરમાં જો શીખ્યાં ન હો તો લાવો હું દોહી દઉં.'

ત્યાં તો તાંબડીમાં પડતી દૂધની શેડનો અવાજ સાંભળી, 'વાહ વહુ, તારો તો હાથ બેસી ગયો છે,' એમ કહીને હરખાયાં, પણ એટલામાં તો થોડુંક દોહીને રતનફઈ બેઠાં થઈ ગયાં ને વાછડીને છોડી દીધી.

'હંહં વહુ ! શું કરછ ? દૂધ તો દોવું બાકી છે !' પાડોશણે કહ્યું.

'આટલું બસ છે.'

'એટલે જ ?'

'બે જણમાં કેટલુંક જોઈએ ?'

'એ વહુ, જો વધારે હોય તો કોઈ ભામણને ઘેર કે મારે ઘેર મોકલી દે.'

'ભલે. આ છે તેય ઘણું છે. આમાંથી આપી જઈશ.'

'પણ આ વાછડીને તો તું નકામું ધરાવી દે છ.' પાડોશણે કહ્યું.

'નકામું કેમ, માડી ? આ એની મા છે. આ એનું જણ્યું છે.'

આવી પત્ની સાથે મહિધર ભટ્ટનાં પ્રારંભનાં વર્ષો સુખરૂપ થયાં. ચન્દ્રશંકર અને ગોપાલ એમ બે પુત્રો થયા.

દાદા પિતાંબરે બહુ લાડ લડાવેલાં તેથી, કે બીજા ગમે તે કારણે મહિધર ભટ્ટમાં જવાબદારીનું ભાન ઓછું અને આનંદ-પ્રમોદની વૃત્તિ વધુ હતી. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજોની જીત થયા પછી દેશમાં એક એવો જોરદાર પવન ફુંકાયેલો કે આપણી પડતીનું કારણ આપણો ધર્મ અને સામાજિક રચના તથા રૂઢિ છે. 'વિલાયતી' રીતે રહેવાથી વ્યક્તિ અને દેશનું કલ્યાણ થઈ શકે છે, એવી કલ્પનાનો જુસ્સો ઘણા જુવાનોમાં બળ કરતો હતો. એ જોસ્સાને વિવેકથી વિકાસને માર્ગે દોરી શકાય એવી વ્યવસ્થા હજી થઈ ન હતી. પરિણામે ખાનપાન ને વ્યવસાયમાં છૂટ લેવામાં અને રૂઢિભંગમાં પ્રવૃત્તિ કરવામાં સુધારો છે, એમ સમજી તેટલી પ્રવૃત્તિથી સંતોષ માનનાર વર્ગમાંના મહિધર ભટ્ટ પણ એક હતા.

પતિ-પત્ની બંને દૃઢાગ્રહી હતાં. પરસ્પર પ્રીતિ છતાં સામાને પોતાના મનમાં ભેળવી ન શક્યાં, અને તેથી દુઃખ વધતું ગયું. રતનફઈ એ કહ્યું : 'તમારા ઘરની કુળરીત હું તોડાવા નહિ દઉં.'

એ પછી એક મોડી રાત્રે મહિધર ભટ્ટ ઘેર આવ્યા. તેનો અસંબદ્ધ પ્રલાપ અને મુખની દુર્ગંધ જોઈ રતનફઈએ કહ્યું : 'તમારું સ્થાન હવે તમારા ઘરમાં નથી; ઓસરીમાં રહો.' ને તે શિયાળાની રાત્રે ઘરમાં ઢાળી રાખેલો ખાટલો બહાર ઓસરીમાં ઢાળી આપ્યો, ફરતી બૂંગણની આડશ કરી, ને પોતે પતિની સામે ઓસરીમાં નીચે સૂતાં.

સવારે જાગ્યા ત્યારે મહિધર ભટ્ટને દુઃખ થયું. પણ સ્વભાવ બદલી ન શક્યા. રાજ્યના ભાયાતો સાથે ગાઢો સંબંધ હોવાથી ઘણુંખરું એ ભાયાતોમાં જ રહેતા. ઘેર કોઈ વાર જમવા આવે, કોઈ વાર ન આવે, આવે ત્યારે ઓસરીમાં જમે, ત્યાં જ સૂએ. 'ઘર મારું છે, એમાં તું કહેનાર કોણ ?' એવો પ્રશ્ન કે બળજબરી એણે કદી કર્યાં નહિ.

રતનફઈ એમની પથારી ઉપાડીને, ઠામ-વાસણ માંજીને તથા કપડાં ધોઈ ને પછી નિત્ય માથાબોળ સ્નાન કરે, બધી સેવા કરે, પણ 'પત્ની' તરીકે નહિ. પતિને તેણે એ રીતનું કહેલું: 'હું તમને પરણી એ વાત ખરી, પણ હું એકલી તમારી નથી. હું કુળવધૂ છું ને આ બે છોકરાની જનેતા છું. મારો એ ધર્મ હું નહિ છોડું ને એ ધર્મ પ્રમાણે તમારી સેવા પણ નહિ છોડું.'

રતનફઈએ હવેલીનું દળણું શરૂ કર્યું ત્યારે કોઈએ મહિધર ભટ્ટને પૂછ્યું : 'તમારાં વહુ પારકાં દળણાં કેમ દળે છે ?'

જવાબમાં મહિધર ભટ્ટે કહ્યું : 'એ જેવી રીતે મને વર્તવા કહે છે તેમ હું વર્તતો નથી, તેથી મારો આપ્યો રોટલો એને ખપે તેમ નથી.' અણબનાવની આમ મોરબીને જાણ થઈ.

હરિરામ ભટ્ટ મોરબીના બાપ ગણાતા. એમની સુવાસ ઘણી હતી. આથી કોઈએ મહિધર ભટ્ટને સમજાવવા યત્ન કર્યા, પણ તે નિષ્ફળ ગયા. ભટ્ટની દીકરીને દયાથી સહાય કરવા કોઈ આવતું તો રતનફઈ કહેતાં : 'ના. એ વાત જ ન બને. મારા ભાગ્યમાં જેવું હોય તેવું થવા દો. જાતે વાવ્યું હોય તે ફળે છે; પારકું દીધું કોઈ દી ઊગતું નથી તે એ પાછું દેવું પડે છે.'

એક વખતે એક નાગર સદ્‌ગૃહસ્થનું દળણું દળતાં દાણામાંથી રૂપિયો નીકળ્યો. દળણું દળી, એ રૂપિયા સાથે ઘરની પાવલી જોડી, એ લોટમાં નાખી તે દળણું પાછું દેવા ગયાં, ત્યારે કહ્યુંઃ 'હવે બીજું કામ ઘણું રહે છે એથી દળણું હું નહિ દળી શકું.'

એ લોટ ચાળતી વખતે નાગરાણી બહેનને સવા રૂપિયો મળ્યો ત્યારે પસ્તાયાં. 'આ શું કર્યું, બહેન ?' તેણે રતનફઈને કહ્યું.

'તમે કર્યું હશે,' રતનફઈએ કહ્યું, 'પેટ પૂરતું ખાવા હોય તો પારકું દળણું કેમ દળે ? હું તો પારકાં દળણાં દળનારી છું; હું કાંઈ ધનવાન નથી કે ઘરમાં રૂપિયા રેઢા હોય ને તે લોટમાં પડે !' અને એ પાવલી લીધા વગર રતનફઈએ તેને પાછાં વાળ્યાં.

એ નાગર ગૃહસ્થે હરિરામ ભટ્ટને આ વાત કરી ત્યારે તેણે કહ્યું : 'મારું ઘર તો બાપનું ઘર છે, છતાં મારે ત્યાં એ જમવા આવતી નથી, તેમ કોઈ છોકરાનેય મોકલતી નથી. ઊલટું ફુફા (પ્રભાશંકર) ને બારશ-અમાસે હઠ કરીને જમવા તેડી જાય છે. ભાઈ, એણે તો તપ માંડ્યું છે. એને કોઈ સમજાવી શકે તેમ નથી.'

આમ આઠ-દસ વર્ષ વહી ગયાં.

✱✱✱

એક સવારે જાગીને મહિધર ભટ્ટે કહ્યુંઃ 'મને મારી ભૂલ દેખાય છે. હવે હું પિતાંબર ભટ્ટના ઘર પેઠે વર્તીશ. તું કહે તે પ્રાયશ્ચિત્ત કરું; પણ મને ઘરમાં લે.'

રતનફઈએ કહ્યુંઃ 'જો મનમાંથી ખરેખર પસ્તાવો થતો હોય તો એ જ સાચું પ્રાયશ્ચિત્ત. બાકી પ્રાયશ્ચિત્ત કરવું ન કરવું તમારા મનને પૂછો. મારી છૂટ છે. ચાલો, આ છોકરાઓની સાથે જ સ્નાન કરાવું. એને સાથે બેસાડી (ઘરના) ઠાકોરજીની પૂજા કરો.'

તે એ રીતે મહિધર ભટ્ટે પૂજા કરી. પછી બંને પુત્રોને લઈ એ પોતાના કાકા ઝીણા ભટ્ટને પગે લાગી આવ્યા. માથે નાહી, પાનેતર પહેરી, રતનફઈએ લાપસી રાંધી. રસોડામાં બે પડખે બે છોકરા ને વચમાં મહિધર ભટ્ટને જમવા બેસાડી, થાળી મૂકી, રતનફઈ પગે લાગી રોઈ પડ્યાં. મહિધર ભટ્ટ પણ રોયા. તેણે કહ્યુંઃ 'સાચું સુખ શું તે હું આજ સમજ્યો. તને અને આ છોકરાઓને મેં બહુ દુઃખ દીધું.'

એ સાંજે મહિધર ભટ્ટ 'આજ તો આ બેયને કુબેરનાથનાં દર્શન કરાવી આવું.' કહી છોકરાઓને લઈને ગયા. મંદિરની આરતીની ઝાલર શમી ગઈ, અંધારું વધવા લાગ્યું ત્યારે એકલા છોકરાઓ ખડકીમાં દાખલ થયા. માએ પૂછ્યું : 'બેટા, તમારા બાપ ક્યાં ?'

છોકરાઓએ કહ્યું : 'અમને કીધું કે ઘેર જાઓ. કે'જો તમારી માને કે મારી વાટ ન જુએ. બધાં જમી લેજો. હું મોડો ઘેર આવીશ.'

મધરાત પછી સારી વારે મહિધર ભટ્ટ ઘેર આવ્યા. કહ્યું : 'હું કાંઈ તું કહે તેમ કરુંબરું નહિ.'

'મને તો હતું કે તમારું બોલ્યું તમે પાળશો.'

'એ કાંઈ નહિ.' મહિધર ભટ્ટે કહ્યું : 'ક્યાં છે મારો ખાટલો ?'

રતનફઈ એ ઓસરીમાં ઊંઘતા છોકરાઓને બતાવીને કહ્યું : 'આ છોકરાઓએ કહ્યું કે અમારે અમારા બાપને પડખામાં સુવાડવા છે, તેથી તમારી પથારી એ બેની વચમાં કરી'તી. હવે ખમો.' કહી રતનફઈએ સવારે ધોયેલો ખાટલો, ઓસરીમાં સવારે ગાર કરેલા ખૂણામાં ફરી પાથરી દીધો. છોકરાઓની પથારી વચ્ચેથી ગાદલું ન ઉપાડ્યું, પણ અંદરથી બીજું લાવી પાથર્યું, ને મહિધર ભટ્ટ સૂતા. સામે ખાલી પથારીને પાંગતે એક છોકરાને પગે માથું રાખી રતનફઈ સૂતાં; પણ ઝાઝું નહિ. થોડી વારમાં જ ઊભાં થઈ તે ઘંટીનું પડ ખેંચવા બેઠાં.

એ પછી બે વર્ષે મહિધર ભટ્ટ માંદા પડ્યા. કાકા ઝીણા ભટ્ટને ખોળે માથું નાખી. મહિધર ભટ્ટે કહ્યું : 'મેં ઘર પાયમાલ કર્યું. જાણતાં છતાં જાત સુધારી નહિ. છોકરાની માને મેં ખૂબ સતાવી છે, મારઝૂડ કરી છે. પણ એણે તો સહન કર્યું છે; પોતાનો ધરમ છોડ્યો નથી ને મારી સેવા કરી છે. મોટો ચંદુ એને જગદંબા કહે છે તે સાચું કહે છે.' ને મહિધર ભટ્ટ અવસાન પામ્યા.

✱✱✱

મહિધર ભટ્ટની હયાતીમાં, ને તે પછી પણ, રતનફઈની ગોસેવા એકધારી હતી. કોઈને ત્યાં ગાય માંદી સાજી હોય તો દોડી જતાં, વાર-પરખે ખડતો ભર નંખાવતાં. શેરડી, ગાજર, બાજરાની ઘૂઘરી ને ગોળ-કપાસિયા ખવડાવતાં. દુકાળ વખતે મચ્છુ નદીના વીજળીયે કૂવેથી બે હાંડે પાણી લાવી અપંગ ઢોર અને વાછરુંને પાતાં.

સીમમાંથી પાલો પાડી લાવી ખવરાવતાં. કાકાજી ઝીણા ભટ્ટ મારફત તેણે પોતાનાં કડલાં ને ગળાનું ઘરેણું વેચાવી તેમાંથી ગાયની નીરણની ગોઠવણ કરેલી.

ઇ.સ. ૧૮૯૭માં એ કાનજીભાઈને ત્યાં કોટડા-સાંગાણી ગયેલાં. કોટડાને પાદર એક રોગિષ્ઠ ગાયને જોતાં તેને ગાડામાં નખાવી સાથે લઈ આવ્યાં ને સાજી કરી. મૂળવાજી ઠાકોરને આની જાણ થતાં તે મળવા આવ્યા ને કહ્યું : 'મારા ગુરુનાં તમે બહેન છો. તમારા વિશે સાંભળ્યું' તું ને નજરે જોયું. તમે ગોસેવા વિશે મને કંઈક સમજાવો.

રતનફઈએ કહ્યું : 'કોઈના કહેવાથી કોઈ કંઈ સમજતું નથી. જેને સમજવું છે તે તો વગર બોધ લીધે પણ સમજે છે. તમે પોતે રાજા છો, ને રાજા તો ગોબ્રાહ્મણ પ્રતિપાળ છે; તેમાંયે ગાય પહેલી છે. એ મૂંગી રાંક માનો રાજા રખેવાળ છે. જેટલી ગાયની સેવા એક રાજાકરે તેટલી કોણ કરે ? મારા બાપ પાસે વિદ્યાર્થીઓ

ભણવા આવતા ત્યારે દિલીપ રાજા રાણીની સાથે ગાયની સેવા કરતા તે ભણાવતા, એ સાંભળેલું, પણ એ માની સેવા કર્યા પછી એ રાજાને કેવું સુખ લાગ્યું હશે તે તો આટલાં વરસે સમજાય છે.'

એ મૂળવાજી ઠાકોરની ગોસેવા પણ શ્રવણ-મનોહર છે.

✱✱✱

ઇ. સ. ૧૮૮૭ માં પ્રભાશંકર દલપતરામનાં વહુ રમાબહેનને સીમંત હતું. રમાબહેનના પિતા તે ઝંડુ ભટ્ટના નાના ભાઈ વિશ્વનાથ ભટ્ટ. પહેલી સુવાવડ સામાન્ય રીતે બાપને ત્યાં હોય. પણ કોઈ કારણે પિયરમાં મુશ્કેલી હતી. આ વાતની રતનફઈને આગળથી ખબર પડી ગઈ. આથી 'પ્રભાશંકર મારો ભાણેજ' અને ઝંડુ ભટ્ટ તથા મારા ઘરને ફક્ત ચાર પેઢીનું છેટું, એટલે મારું ઘર તે રમાનું પિયરઘર જ છે,' એમ કહી, એ આગ્રહ બંને પક્ષો પાસે કબૂલ કરાવી, તે રમાબહેનને પોતાને ત્યાં લઈ ગયાં. ત્રણ મહિને સુવાવડ આવી. પુત્રજન્મ થયો. એ ભાદરવાના દિવસો હતા. વહેલી સવારે દળણું દળી, સુવાવડીને શેક નાખી, એ સીમમાં ખડ વાઢવા જતાં, ને ત્રણ ભારી ખડ લાવી તેના પૈસામાંથી સુવાવડીને શીરો કરી ખવડાવતાં.

એ ફઈના ભત્રીજા તે પ્રભાશંકર પટ્ટણી. એ જ્યારે ઇ. સ. ૧૮૯૫માં ભાવનગરમાં હજૂર-સેક્રેટરી પદે આવ્યા ત્યારે એમણે ફઈને પચાસ રૂપિયાનો મનીઑર્ડર કર્યો. તે કાગળ લખ્યો કે 'ફઈ! હવે તો પથરો છોડ! તારે પુણ્ય કરવા માટે તું માગે તે મોકલી શકું એવી મારી સ્થિતિ તારા આશીર્વાદથી છે; માટે મારા પર દયા કરી પથરો છોડ.'

એ મનીઑર્ડર પાછો આવ્યો. પછી એક કાગળ આવ્યો. કોઈની પાસે રતનફઈએ લખાવ્યું હતું : 'મેં પથરો રાજીખુશીથી મારો કર્યો છે. મને એનો ભાર કદી લાગ્યો નથી. બીજા પથરા કરતાં આનો ભાર હળવો છે. એ પુણ્ય કરવાની અબળખા મને નથી. છોકરાઓ મોટા થઈ ગયા છે., એનોય ભાર હવે મારા પર નથી. મેં મારો ભાર ભગવાન પર નાખ્યો છે. એ બીજા પર ન નાખે તેમ માગું છું. તું આમ નકામા કાગળ લખ ને જવાબમાં નાહક પરબીડિયાંનો ખરચ થાય એ નથી ગમતું. બાકી બધી પથરા તાણનારીને તારી ફઈ સમજી તું એને સુખી કરી શકે તેવો થા અને સદા રહે એવા મારા આશીર્વાદ છે.'

એ સર પ્રભાશંકર કહેતાઃ 'હું બાળક હતો ત્યારે મોસાળ રાત રહેતો ને રાતમાં જ્યારે જ્યારે જાગું ત્યારે ફઈ ઘંટી ફેરવતાં હોય તે સંભળાતી!'

એ ઘંટી મરણના દિવસ સુધી રતનફઈએ છોડી નહિ. સવારે દળણું દળી, ગાયની પૂજા કરી. બપોરે પોતાની નણંદની દીકરી નર્મદા તથા તેના પતિને અને નાની બહેન રેવાની દીકરીને જમાડી બે કલાક પછી તેણે દેહ છોડી દીધો.

(સત્યકથા)

✱✱✱

# સારા સંચાલન માટે સમન્વય અનિવાર્ય



એક અમેરિકન ઉદ્યોગપતિ તેના કારખાનામાં મજૂરોની હડતાળથી ખૂબ જ પરેશાન હતો. મજૂરોની હડતાળને કારણે કારખાનાનું કામ ઠપ થઈ જતું હતું અને નુકસાન વેઠવું પડતું હતું. આ સમસ્યાના સમાધાન માટે તે ઉદ્યોગપતિએ મિસ્ટર ફોર્ડનું માર્ગદર્શન લેવાનું વિચાર્યું. કારણ કે તેઓ ફોર્ડના મોટર કારખાનાની સફળતાથી ઘણા પ્રભાવિત હતા. જ્યારે તે ફોર્ડના કારખાનામાં પહોંચ્યા તો તેમણે જણાવ્યું કે ફોર્ડ આવી ગયા છે અને મજૂરો સાથે કામ કરી રહ્યા છે. થોડી વારમાં જ ફોર્ડ પોતાનું કામ પૂરું કરીને ઑફિસમાં આવ્યા. તે ઉદ્યોગપતિ બોલ્યા કે આટલા મોટા કારખાનાના માલિક થઈને તમે મજૂરો સાથે કામ કરશો તો શિસ્ત અને સન્માન કેવી રીતે જળવાશે ? ફોર્ડે જવાબ આપ્યો કે હું મારી જાતને માલિક અને કોઈને મજૂર સમજતો નથી. અમે લોકો ભેગા મળીને દરેક સમસ્યાઓનું સમાધાન શોધીએ છીએ અને એક ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કામ કરીએ છીએ. આ આત્મીયતાના કારણે શિસ્ત આપમેળે જ જળવાય છે અને હું જાણું છું કે મજૂરોના મનમાં મારા પ્રત્યે કેટલો પ્રેમ છે. પછી ફોર્ડે ઉદ્યોગપતિને તેમના આવવાનું કારણ પૂછ્યું તો તે બોલ્યા, હું મારા કારખાનાની સમસ્યાના સમાધાન માટે તમારી સલાહ લેવા આવ્યો હતો, પરંતુ તમારા વ્યવહારે મને જરૂરી માર્ગદર્શન આપી દીધું છે. આમ વિનમ્રતા, આત્મીયતા, સમન્વય, મહેનત એ નિષ્ઠા કોઈ પણ સંસ્થાના સુયોગ્ય સંચાલન માટે અનિવાર્ય છે. જો માલિકના વ્યક્તિત્વ અને વ્યવહારમાં આ ગુણો સમાયેલા હશે તો સંસ્થા સફળ થવાની સાથે સાથે પ્રગતિ પણ કરશે.

✱✱✱



# એક કલાકારનો ઉત્તમ સંકલ્પ

☐ સંધ્યા શાહ

સુરેન્દ્રનગરની ધરતી વિરલ વ્યક્તિઓથી વિભૂષિત છે. રાષ્ટ્રને સમિર્પિત અનેક દેશભક્તો, નવી પેઢીનું ઘડતર કરનારા ઉત્તમ કેળવણીકારો અને મૂલ્યનિષ્ઠ સમાજની સરંચના કરનારા શ્રેષ્ઠીઓએ સુરેન્દ્રનગરની ધરતીની રોનક વધારી છે. અનેક પ્રતિભાવંત નાગરિકોની વાત મેં આ પૃષ્ઠ પર કરી છે.

આજે એક ઉમદા કલાકારના સંકલ્પની વાત કરવી છે.

સંપત્તિ, સમૃદ્ધિ, પ્રસિદ્ધિની ટોચ પર પહોંચવા માટે જ્યારે આપણે સતત મથતા હોઈએ, એમાં જ ઓતપ્રોત હોઈએ અને કોઈ એવી સદ્‌ભાગી પળ આવી મળે જ્યારે બધું મમત્વ, બધીયે એષણા, બધોયે પરિગ્રહ છૂટી જાય ને રાખવાને બદલે કશુંક આપવાનું, આપીને હળવા થઈ જવાનું, તર્પણ કરી શક્યાનું સુખ માણવું ગમે.

હા, હું વાત કરું છું હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીની, એમના ઉત્કટ મનોરથની. સાહિત્યકાર દેવશંકર મહેતાના દોહિત્ર એવા જગદીશભાઈને સાહિત્યિક વારસો તો મળે જ મળે. શાહબુદ્દિન રાઠોડને ગુરુપદે સ્થાપીને એ વખતે ઝેરોક્ષનું કામ કરનારા આ કલાકારનો માંહ્યલો જાગી ગયો, તેમણે પોતાની જાતને કેળવી. ત્રણ વખત તો પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી. સંતોના સાંનિધ્યમાં રહ્યા. જીવનને સમજવાની, જાણવાની, અભિવ્યક્ત કરવાની એક આગવી દૃષ્ટિ મેળવી. હાસ્યની પાછળ છુપાયેલા ગાંભીર્ય અને કારુણ્યને વાચા મળી અને તેમના હાસ્યના કાર્યક્રમો સફળતાની ટોચ પર પહોંચવા લાગ્યા. ખડ્‌ખડાટ હસતા, હસાવતાં ને સાથે સાથે કોઈ અમૂલ્ય સંદેશો આપી જતા જગદીશભાઈ લોકપ્રિય કલાકાર બની ગયા.

સમાજની ગતિવિધિઓ પરત્વેનું એમનું મર્માળું હાસ્ય લોકોને સ્પર્શી ગયું. વિદ્વત્તા અને હાસ્યના આ સુભગ સમન્વયે અનેક કાર્યક્રમો યોજાવા લાગ્યા. ભારતમાં તો ખરાં જ કિંતુ દુનિયાના જુદા જુદા ૨૮ દેશોમાં ૭૬ વખત તેમણે લોકોને નિર્ભેળ આનંદ આપ્યો. ૩૦૦૦થી પણ અધિક કાર્યક્રમો સંપન્ન થયા, કામિયાબી, શોહરત અને સંપત્તિની રેલમછેલ થઈ ગઈ.

અને એ પળ આવી પહોંચી....૧૨મી ઑક્ટોબર ૨૦૧૨ના દિવસે જગદીશભાઈએ જાહેરાત કરી કે નિયતિ હવે મને જે આપવા માગતી હોય તે પાંચ વર્ષમાં આપી દે ત્યાર બાદ જેટલા કાર્યક્રમો કરીશ એની તમામ આવક દાનમાં આપી દઈશ. ૪૫ વર્ષની ઉંમરે વિચારેલો અને પ્રગટ કરેલો આ મનોરથ ૨૦૧૭માં પૂજ્ય મોરારિબાપુ અને અનેક વ્યક્તિવિશેષોની સંનિધિમાં હજારોની માનવમેદનીની ઉપસ્થિતિમાં સંકલ્પનું રૂપ પામ્યો. સુવર્ણવર્ષની સ્વર્ણિમ પળે તેમણે કહ્યું, ‘હવે જીવું ત્યાં સુધી સફેદ વસ્ત્રો પહેરીશ, વાળ કાળા નહીં કરું અને હવે પછી કાર્યક્રમોની જેટલી આવક થશે એ તમામ રકમ આરોગ્ય અને શિક્ષણ માટે સમાજને અર્પણ કરી દઈશ, મરતા પહેલાં ૧૧ કરોડનું દાન કરીશ. વળી, મનમાં થયું અત્યારની આવક મુજબ હું આ વિચારું છું પણ કદાચ એવું ન થાય તો ? આ વિચારને સાકાર કરવા તેમણે કહ્યું કે કદાચ આવક ન રહે તો હું અને મારો પરિવાર સ્થાવર મિલકત વેચીને પણ ૧૧ કરોડનું દાન આપીશુ.’

જીવનને સાર્થક કરતા આ સંકલ્પે સહુ અભિભૂત થઈ ગયા. ઐશ્વર્યવાન, ધનવાન માણસો તો દાન કરે પણ આ તો એક કલાકાર ! કેટલો ઉત્કૃષ્ટ અભિગમ ! કેટલો ઉત્તમ મનોરથ !

મુઠ્ઠી વાળીને જન્મીએ અને હાથ પસારીને ચાલ્યા જઈએ ત્યાં સુધી માનવી ભૌતિક સુખની પ્રાપ્તિ માટે દોડાદોડ કરે છે, પણ જેઓ આ ક્રમથી ઉપર ઊઠે, તેની ગાથા નિરાળી હોય છે. પોતાને પ્રાપ્ત થયેલો રોટલો અન્યને આપવા માણસ પ્રવૃત્ત થાય ત્યારે સમગ્ર માનવતા સુગંધિત થઈ જાય છે. નિષ્કામ ભાવે કરલું કર્મ હર કોઇના જીવનમાં વસંત લાવે છે. એક કલાકારના આ પુણ્યસંકલ્પને સહુએ વધાવી લીધો.

આ સંકલ્પ કેવળ વાહવાહ મેળવવા માટે ન હતો વિતેલા ત્રણ વર્ષોમાં દોઢ કરોડ રૂા. શિક્ષણને કાજે તેઓ વાપરી ચૂક્યા છે. થાન, સાયલા અને હળવદમાં શિક્ષણસંસ્થાઓ તથા સુરેન્દ્રનગરમાં મહિલા અને બાળ પુસ્તકાલયો તૈયાર થઈ ગયાં છે એ આ વાતની પ્રતીતિ કરાવે છે.

કેવળ સુરેન્દ્રનગરના જ નહીં, સમગ્ર ગુજરાતના ગૌરવસમા આ હાસ્ય કલાકારની દિલેરી વંદનીય છે. મક્કમ મનોબળ સાથે શિક્ષણ અને આરોગ્યને કાજે પોતે લીધેલા સંકલ્પને પરિપૂર્ણ કરવા તેઓ પ્રતિબદ્ધ છે.

સુરેન્દ્રનગરના હૈયે વસેલા આ હાસ્ય કલાકારનું નામ ટાઉનહોલના એક વિભાગને આપીને સમાજે તેમને સન્માનિત કર્યા છે. ખરેખર, વ્યક્તિ જ્યારે કોઈ શુભ સંકલ્પ કરે છે ત્યારે સમગ્ર પ્રકૃતિ એને સહાય કરે છે. જગદીશભાઈનો આ સંકલ્પ સહુને માટે પ્રેરણાદાયી છે. એ નિર્વિઘ્ને પાર પડશે એ વાત ચોક્કસ.

ઉત્તમ કાર્યની અનુમોદના, અભિવંદના...

✱✱✱

# મારું બાળપણનું વન

□ સુરેશ જોશી

**મા**રું બાળપણ જે ગામમાં વીત્યું તેનું નામ હું તમને નહીં કહું. મોંઘો ખજાનો કોઈને ખબર ન પડે તેમ દાટીને સંતાડી રાખવો પડે....

મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું, વનમાં વાઘ હતા, રીંછ હતાં. એક નદી હતી. એનું નામ ઝાંખરી. સંસ્કૃત નામોનો ઝંકારે એમાં નથી. ઝાંખરામાં થઈને રસ્તો તરી વહેતીવહેતી આવતી માટે ઝાંખરી.... દુંદાળા ગણપતિ આનન્દચૌદશને દિવસે એમાં ડૂબકી મારીને અલોપ થઈ જતા ને દશેરાના દિવસે માતાની જવારાની સોનાની સળીઓ એનાં પાણીમાં તરી રહેતી. એ ઝાંખરીએ ધરાયેલો વાઘ પાણી પીવા આવતો......

ગામને પૂર્વ છેડે 'સતીનું વન' એ નામથી ઓળખાતું આંબાવડિયું હતું. એ આંબાવાડિયામાં એક ચોતરો હતો. પાસે એક દહેરી હતી ને એમાં સતીનાં પગલાં હતાં. એ સતીના મહિમાની ત્યારે અમને કશી ખબર નહોતી, પણ એ પગલાંની છાપ મન પર આજ સુધી અંકાયેલી રહી છે. દંતકથાઓની ફળદ્રુપ ભૂમિમાં એ પગલાં અમને દોરી જતાં હતાં. આંબાવાડિયા પર શાખિયાં તૈયાર થયાં છે એ સમાચાર વીજળીવેગે પ્રસરી જતા ને અમારી ટોળી નીકળી પડતી. રખેવાળને કેમ ભોળવવો, કેમ ખોટી દિશામાં દોડાવવો, આગલી હરોળમાં કોણ રહે - આ બધાંની પાકી વ્યવસ્થા થતી, વ્યૂહ રચાતો ને અન્ત મિષ્ટ કેરીમાં સાહસની ઓર મીઠાશ ભેળવીને અમે થોડે દૂર, રેલવેના પાટા પાસેના ઝરણની ઠંડકમાં, ઉમરાના ઝાડની ઘટામાં આરોગવા બેસતા. એ પાતાળઝરણું અદ્‌ભુત રસનું પણ ઝરણું હતું. એ ઝરણાએ ચિત્તમાંનાં કેટલાંય પાતાળઝરણાંને ત્યાર પછી તો વહેતાં કરી દીધાં છે...

કવિતામાં આપણે 'ફૂલ બોલે છે' એમ કહીએ છીએ, પણ બાલ્યકાળમાં તો એ કવિતા



નહીં, પણ વાસ્તવિકતા જ લાગે છે. દરેક ફૂલની ભાષા જુદી. કેસૂડો બોલે તે જુદું, મહુડો બોલે જુદું, ને શીમળાના લાલચટ્ટક ફૂલની બડાશ વળી જુદી જ તરેહની. મોગરો, જૂઈ, જાઈ, ચમેલી પરીકથામાંની ભૂલી પડેલી નાનકડી નાજુકડી પરીઓ જ જાણે ! બાલ્યકાળમાં મધુમાલતીના પર જુલમ ગુજારેલો તેને સંભારીને હજુયે મન ચણચણી ઊઠે છે. કોઈ સોબતીના મનમાં તરંગ ઊઠ્યોઃ ચાલો - અત્તર બનાવીએ. ચૈત્રના અન્ત ભાગના દિવસો. પરીક્ષાબરીક્ષા પરવારી ચૂકેલા. મધુમાલતીને આખીય ખંખેરીને ફૂલોનો ઢગલો કર્યો, રસોડામાંથી તપેલું ચોરી આણ્યું, લાકડાં એકઠાં કરી સળગાવ્યાં ને પાણીમાં ફૂલ નાખીને ઉકાળ્યાં. સાંજ થતામાં અત્તરના શીશા ભરાઈ જશે એવી કલ્પના હતી, પણ સાંજ થઈ ને પાણી તો એવું ને એવું રહ્યું ! જાદુના પ્રયોગ પણ અજમાવેલા ને થોડું વૈદક પણ ખરુંસ્તો !

વૃક્ષાવૃક્ષોની છાયા જુદી હોય છે, તે હજુય યાદ આવે છે. શિરીષની આછી સુગંધવાળી છાંય, લીમડાની મંજરીની મહેકથી તરબતર શીતલ છાયા ને પીપળાની વાચાળ છાયા-વૈશાખની બપોરે વૃક્ષોની છાયાના ચંદરવા નીચે જ અમારો દરબાર ભરાતો. વૃક્ષ સાથે, પંખીનો પરિચય પણ થતો. કાબરને જ મેના માનીને એને પકડીને એની પાસે મીઠાં ગાણાં ગવડાવવાનો પણ પ્રયોગ કરી જોયેલો. આ વનસ્પતિ અને પંખી પરિવાર સાથેની આત્મીયતા હજુય શહેરની સાંકડી જગ્યાના ટુકડામાં એકાદ ગુલાબ-મોગરાને નિમંત્રવાની ઘેલછા કરાવે છે. બાળપણના પાઠ્યપુસ્તકના અક્ષર સાથે મધુમાલતીનાં ડાળપાંદડાં ને ફૂલની છાયા એવાં તો ભળી ગયાં છે કે થોડાં વરસના વિચ્છેદ પછી ફરીથી મધુમાલતીને આંગણે બોલાવી આણી છે. ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારીગમ છેડી જતા પવનને જોવો એ પણ લહાવો છે. કિલ્લા પર ઘાસ થાય છે. એની એક પ્રકારની તીવ્ર વાસ આવે છે. સવારનું ઝાકળ પડ્યું હોય ને એ ઘાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું; ત્યારે એમ થતું કે આ ઘાસની ભેગા ઘાસ બનીને મહેકી ઊઠીએ, જીવનના માથા પરની કલગી છટાથી ઝુલાવીએ. આજેય વર્ષાના પ્રારંભના દિવસોની કોઈક રાતે એકાએક વરસેલી વરસાદની ઝડીના અવાજથી જાગી જવાય છે, ત્યારે ધરતીના પેટાળમાંને અસંખ્ય તૃણબીજોના ગર્ભસ્ફુરણનો અનુભવ થતાં ચિત્ત વિહ્વળ બની ઊઠે છે. જમીનના નાનાસરખા ટુકડા પર ખેતી કરવાની રમતો રમતાં ત્યારે વાવેલાં બીજમાંથી ફણગા ફૂટે તે જોઈને આનંદનો રોમાંચ થતો. એ કૂંપળો જાણે અમારા સર્જનના મહાન પરાક્રમની પતાકા બનીને ફરફરી રહેતી ને વળી મકાઈનો છોડ ઊભરી આવ્યો હોય, એમાં મોતી જેવા દાણા દૂધભર્યા ગોઠવાઈ ગયા હોય ને એની સોનેરી મૂછના ગુચ્છા બહાર આવે, ત્યારે એ અમારા જ વિજયની ચામર ઝૂલતી હોય એવું લાગતું. પોતાનાં રેશમી સ્વપ્નોને ઉડાવી મૂકતો શીમળો અમને તો બીજા કારણે જાણીતો હતો. શીમળાનો કાંટો ને ગૂંદીની છાલ ભેગાં ચાવવાથી મોઢે પાન ખાધા જેવો રંગ આવે એવી એક મિત્રે શોધ કરી હતી; પછી એક અનુભવસિદ્ધ પ્રયોગ તરીકે એને જાહેર કરતાં કેટલી વાર ! રંગોને ને સ્વાદને ત્યારે છૂટા પાડી શકાતા નહીં.

નિશાળમાંનું કાળું પાટિયું ઓળખ્યું તે પહેલાં સુખડનાં ફળની કાળવી મીઠાશને અમે ઓળખી ચૂક્યા હતા. ફણસોટા નામનો એક છોડ યાદ આવે છે. એ રંગનો ખરો જાદુગર

હતો. એનાં લીલાંછમ પાંદડાં જોતજોતામાં લાલચટ્ટક થઈ જતાં, ને તમે એને મસળી નાખો તો એમાંથી ધોળું દૂધ નીકળતું. લીલામાંથી લાલ ને લાલમાંથી ધોળું - આવું બહુરંગીપણું જોઈ ભારે અચરજ થતું. ઘણે વર્ષે કોઈએ કહ્યું કે એ છોડનું દૂધ દદ્રુનાશક છે, પણ આજેય મારા મનમાં તો એ રંગના જાદુગર તરીકે જ જડાઈ ગયો છે.

કિલ્લાના જીર્ણ અવશેષો અમારી સાહસભૂમિ હતી. જંગલી વેલને બાઝીને અમે ટારઝનની જેમ એક ઝાડથી બીજે ઝાડ કૂદતા. કિલ્લામાં ભોંયરાના ગુપ્ત માર્ગો હતા. એના રહસ્યમય અંધારને તળિયે પણ અમારામાંના સાહસિકો ડૂબકી મારી આવતા. અમારો એક સાથી અદ્દલ એમાં સોનું છે એવી ભાળ કાઢી લાવ્યો. બસ, પછી પૂછવું જ શું ! સોનાની કિંમત નહોતી, એ તો સાહસના નિમિત્તરૂપ હતું. ભોંયરાના પોલાણમાં દીવાલ સાથે પથ્થરનો અથડાવાનો અવાજ ધાતુ જેવો રણકારની ભ્રાન્તિ ઊભી કરતો હતો, આથી સોનાની ખાણ શોધી કાઢ્યાનો આનંદ, એમાંનું રતીભાર સોનું લીધા વિના, પૂરી નિઃસ્પૃહતાથી અમે સૌએ માણ્યો.

પરીકથામાંની આખી અદ્‌ભુત સૃષ્ટિ આ અરણ્યાચ્છન્ન કિલ્લામાં અમે શોધતા. અષ્ટકોણી વાવની પાળે બેસીને રૂમઝૂમ પગલે સ્નાન કરવા ઊતરતી રાજકુંવરીને જોતા, તો એ જ ભીના અંધકારમાં કોઈ જીનના વાળની જટાનો ભાસ થતાં અમે ભયથી ફફકી ઊઠીને ભાગી જતા. પાંદડું ખખડતાં પાછળ જોતાં, વૃક્ષની પડછંદી કાયાનો પડછાયો જોઈને ''માણસ ગંધાય, માણસ ખાઉં'' કરતો રાક્ષસ ઊભો છે કે શું ? એવી ભ્રાન્તિથી અમે છળી મરતા. પાકેલા અનુછ (સીતાફળ નામ તો પાછળથી જાણ્યું) ની અંદરની રાખોડી ધોળાશવાળી પેશીઓ ડાકણના દાંત જેવી લાગતી ને કાપીને મૂકેલા દાડમના સૂર્યના તડકામાં ચળકતા પ્રત્યેક લાલલાલ દાણામાં એકએક તેજપરી છુપાઈને લાલચટ્ટક હસી રહી હોય એવું દેખાતું. બોરડીને ઝૂડીને નીચે પાડેલાં બોરનો ખટમધુરો સ્વાદ ચાખતા ત્યારે દેવશિશુની કાલી વાણીનો સ્વાદ ચાખતા હોઈએ એવું લાગતું. કોઈ ચાંદની રાતે જાગી ઊઠીને બહાર નજર જતી તો ચન્દ્ર જાણે વાર્તા કહેતો હોય ને આખું વન માથું ધુણાવીને હોંકારો પૂરતું હોય એવું લાગતું. રાત્રિના અંધકારમાં સંભળાતી વાઘની ત્રાડથી માથે-મોઢે રજાઈ ઓઢી લઈને બચવા મથતા; ઉંબર બહાર પગ મૂકતાં અદ્‌ભુત અને ભયાનકનું સામ્રાજ્ય શરૂ થઈ જતું.

સમય ત્યારે ઘડિયાળની સેકન્ડના કાંટાના પગલે મપાતો ન હતો. સમયમાં સેલારા મારવાનું ત્યારે રુચતું. એકસરખો વનરાજીનો પર્ણમર્મર કાને પડતો હોય, વર્ષાઋતુમાં એકધારો ટપકટપક વરસાદ ટપકતો હોય, ત્યારે સમયનાં ચરણચિહ્ન ભૂંસાઈ જતાં. વાર્તા સાંભળવાના લોભમાં ઊંઘને પણ પાછી હડસેલતા હોઈએ, એક વાર્તા પૂરી થાય એટલે 'હવે બીજી' એમ માગણી કરતા હોઈએ, ત્યારે ચતુર ડોશીમા શરૂ કરે - એકવાર રાજકુંવર રાજકુંવરીને કહીને ગયો કે આવતે વર્ષે વરસાદ પડે અને તું દસ ટીપા ગણે તે પહેલાં તો હું આવી પહોંચીશ. રાજકુંવરી તો આકાશ ભણી મીટ માંડીને બેઠી. એક દિવસ એક કાળું વાદળું દેખાયું, એક ટીપું એના ગાલ પર પડ્યું ટપ, એક ટીપું પીપળાના પાંદડા પર પડ્યું ટપ, એક ટીપું વડના પાંદડા પર પડ્યું ટપ. આમ ટપ ટપ ટપ ટીપાં પડ્યે જ જાય, રાજકુંવરીની આંખમાંથીય આંસુ ટપક્યે જ જાય... ટપ ટપ ટપ ને અમારી આંખોમાં મીઠી નિદ્રા ટપકતી જાય ટપ ટપ ટપ.

✱✱✱

# પુસ્તક કરતા વધુ સારો મિત્ર કોઈ નથી

વૉર્નર હાઈઝનબર્ગ ૧૯ વર્ષના હતા ત્યારે તેઓ એક શાળામાં ચોકીદારની નોકરી કરતા હતા. તેમની આર્થિક સ્થિતિ સારી ન હતી, પરંતુ તેઓ ભણવાના શોખીન હતા. આથી અહીં-તહીંથી પુસ્તકોની વ્યવસ્થા કરી પોતાના જ્ઞાનમાં વધારો કરતા રહેતા હતા. એક દિવસ શાળામાં કામ દરમિયાન તેમને પ્રખ્યાત ફિલોસોફર પ્લેટોનું થિમેથસ નામનું પુસ્તક હાથ લાગ્યું, જેમાં પ્રાચીન યુનાનના પરમાણુ સંબંધિત સિદ્ધાંતો આપવામાં આવ્યા હતા. આ પુસ્તકને વાંચતાં-વાંચતાં વૉર્નરને ભૌતિક વિજ્ઞાનમાં એટલો રસ જાગ્યો કે



તેણે એ વિષયમાં કંઈક કરી છૂટવાનો નિર્ણય કર્યો. તેઓ નિરંતર અભ્યાસ કરતા રહ્યા અને વિવિધ પરીક્ષાઓ પાસ કરતા રહ્યા. ૨૩ વર્ષની ઉંમરે પોતાની અભૂતપૂર્વ પ્રતિભાના બળે તેઓ ગોટિંજેનમાં પ્રોફેસર મેક્સ પ્લાંકના મદદનીશ તરીકે નિમાયા. ત્યાર બાદ તેમણે ક્યારેય પાછા વળીને જોયું નથી. પોતાના ૨૪મા વર્ષમાં તો તેઓ કોપનહેગનની યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા બની ચૂક્યા હતા. ૨૬ વર્ષની ઉંમરે તેઓ લીપજિંગમાં પ્રોફેસર પદે નિમાયા. ૩૨ વર્ષની ઉંમરે પહોંચતાં - પહોચતાં છેલ્લાં છ-સાત વર્ષોના તેમના સંશોધનોના આધારે તેમને ભૌતિક વિજ્ઞાનમાં અસાધારણ યોગદાન બદલ નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. આ રીતે એક પુસ્તકે એક ચોકીદારને માત્ર કેટલાંક વર્ષોમાં જ નોબેલ પુરસ્કાર વિજેતા બનાવી દીધો. કથાનો સાર એ છે કે પુસ્તકો કરતાં સારો મિત્ર કોઈ નથી હોતો. પુસ્તકો વ્યક્તિના જ્ઞાનમાં વધારો જ નથી કરતા, પરંતુ તેના રસ અનુકૂળ યોગ્ય માર્ગદર્શન કરીને લક્ષ્ય સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય પણ કરે છે.

✱✱✱

# રેવતી

**☐ મનોજ ઓઝા**

રાવજીકાકા અરધા થઈ ગયેલા. ઘર આખાયનું એવું જ તો. રેવતી પરણ્યા પછી પહેલી વાર ઘરે આવવાની હતી, તેમાંયે અલકેશ સાથે આવવાનો હતો. રજા તો ખાસ્સી મહિના દોઢની લઈને આવવાનાં હતાં, પણ ઘરે તો ગણીને સાત જ દિવસ. દોઢ મહિનામાં તો આખુંયે ભારત ખૂંદી નાખવું હતું એ બેય જણને. બે જણ કેમ - છોડી પણ ખરી જ સ્તો.

રાવજીકાકાએ જોકે જવાબના કાગળમાં લખ્યુંય હતું અને ઘરમાં કે બહાર વાત નીકળે એટલે લાગલા જ એ બોલ્યા વિના રહેતા નહીં કે, 'સાત દી' લખ્યા છે, પણ હું જવા દઉં ત્યારે ને ? આટલાં વર્ષે આવે છે અને બાપ પાસે રહેવાનો જ ટાઈમ ન નીકળે તો આવ્યાનો અરથ શો ? બીજી વાર લાંબ્બી રજા લઈને આવે ત્યારે ભમે ને ભમવું હોય એટલું. તે વખતે આપણે ય ભલું હશે તો ભેગા જોડાઈ જશું. ત્યારે જાતરાની જાતરા અને ફરવાનું ફરવું; પણ આ વખતે તો નઈ જ અને નઈ જ.' પછી જાણે વચલો મારગ કાઢતા હોય એમ હળવેક રહી ઉમેરતા, 'બહુ જ અટકી પડે એવું હોય તો જાયને અલકેશકુમાર એકલા. આમે એમણે નાનપણમાં દેશ છોડેલો, એટલે દેશ ફરવાની એમની ઇચ્છા સમજાય, પણ રેવતીને ય સાથે ફેરવે રાખવાની તેમની વાત ન ચાલે.'

જોકે રાવજીકાકાને પાકો વિશ્વાસ કે, એ લોકોએ ત્યાંથી સઘળી ગોઠવણ કરી લીધી હોય તોયે એક વાર ઘરે ઢૂક્યા પછી રેવતી પોતે જ જવાનું નામ નહીં લે. આથી આખીય વાતના અંતે પૂર્ણવિરામ મૂકતા હોય તેમ એ બોલી રહેતા - 'રેવતી અહીંથી જવાની વાત કરે તો કે'જો મને !' રેવતીની માયે બાપનો પોરસ સમજતી અને ચાલુ ગાડીએ ચડી જતાં કહેતી, 'છોડી તમને આ નાનકાથી ય વા' લી એ હું જાણું, પણ એને પોતાને ક્યાં પરદેશ વેઠવા જવું' તું ? આ તો તમે જ નક્કી રાખ્યું, નહીં તો મારી રેવતી માટે કંઈ અહીંયા છોકરાઓની ખોટ થોડી વરતાતી'તી ને અહીંયા ગોઠવાઈ હોત તો નજર સામે તો રે'ત'. રાવજીકાકા વળતું વીંટું



'એ તો હું ય જાણું, પણ આવું પાતર કંઈ જવા થોડું દેવાય ?
જમાઈને ત્યાં ગોઠી ગયું છે, પછી કોઈ શું કરે ? બાકી અહીં આવે તો પાંચ આંકડાનો પગાર પાડે એમ અલકેશકુમારના કાકા જ ન'તા કે'તા !

વાળતા હોય તેમ કહેતા, 'એ તો હુંય જાણું, પણ આવું પાતર કંઈ જવા થોડું દેવાય ? જમાઈને ત્યાં ગોઠી ગયું છે, પછી કોઈ શું કરે ? બાકી અહીં આવે કો પાંચ આંકડાનો પગાર પાડે એમ અલકેશકુમારના કાકા જ ન'તા કે'તા ! હવે કંઈ અંગરેજ સરકાર લઈ જતી'તી એમ વેઠિયા પરદેશ નથી જતા. આ તો ઝાઝું ભણેલા અને જાણકાર, આમ બે ય રીતે પૂરા હોય એને સામેથી રાખે છે.' છોડી ને જમાઈ બન્ને વિદેશમાં ઠરીઠામ થયેલાં છે એનો હરખ આવા સમયે એમની વાતમાં અચૂક ડોકાતો અને આ મતલબના સંવાદો આપમેળે રચાઈ જતા.

જોકે એ સાત દી' માટેય ક્યાં શું ગોઠવવું અને કયું સીડી પાછળના ભંડકિયામાં ભરી દેવું એની માથાફોડ દિવાળી પર રેવતીનો કાગળ આવ્યો ત્યારથી જ રાવજીકાકાએ શરૂ કરી દીધી હતી. કોઈ કંઈ વિરોધ કરે તો લાગલું જ કહેતા, 'છોડી-જમાઈને ઘર તો વ્યવસ્થિત લાગવું જ જોઈએ ને ?'

રેવતીએ પોતેય કંઈ કેટલીય સૂચનાઓ તે પછીના કાગળોમાં લખ્યા કરેલી કે, અલકેશને આ ફાવશે અન તે નહીં ફાવે, અંદરના ઓરડામાં વળગણી લટકતી હોય તો હવે કાઢી જ નખાવજો એવી રેવતીની સૂચના વાંચીને રાવજીકાકાએ કહેલું, 'જોયું, વળગણી ય યાદ કરી છે. અહીંનું વળગણ એને જબરું, બીજું શું ?' રેવતીની મા યે બોલી ઊઠેલી, 'આ વખતે જમાઈને દેશમાં પાછા ફરવા લગીર સમજાવજો.'

આમેય અલકેશે લગન વેળાએ ઘર ક્યાં જોયું હતું ? મુંબઈમાં રેવતીના મામાના ઘેર જ તો બધું પતાવેલું. આ પહેલો જ પ્રસંગ હતો જમાઈએ ઘરે પધારવાનો. આથી રાવજીકાકાએ થોડો સામાન પણ બદલી કાઢ્યો. જૂનું રાચરચીલું આમ તો અસ્સલ સાગનું, પણ કાળી પોલીશથી એની નસો બધીય ઢંકાયેલી. અલકેશને આ ખખડધજ લાગશે અને આપણી કિંમત કરશે, એમ ગણીને બધું ય બીજા ઓરડાઓમાં વહેંચી મારીને આગલા ઓરડામાં નવ્વો જ સોફા ખરીદી મુકાવી દીધેલો.

રાવજીકાકાનું ઘર આમ મગતું ખરું, એટલે એક ઓરડો આવાય આવનારા માટે ખાલી કરી ખાસ સજાવી દીધેલો. રાવજીકાકાની કેળની વાડીઓમાં થાંભલીઓ પર લૂમો એવી ઝળુંબે કે વચ્ચેથી નીકળવું ય આકરું થઈ પડે, એટલે ઘર આમ ખાધે-પીધે સુખી. વખત આવે ખરચ સામું જોવાની ટેવ નહીં પાડેલી. આગલી મેડીએ જે પંખો નાખેલો તે વરસોના વાંકે પીળો પચરક થઈ ગયેલો તે દીકરો ટ્રેક્ટર લઈ, શહેરમાં જતો હતો ત્યારે ત્યાંથી ખાસ સ્પ્રે કલર કરાવી મગાવેલો. શહેરે હતું આમ તો પાંચ જ માઈલ ! પાછલા વરસે જ તૂટી ગયેલો ચોપારો ઊભો કરી દીધેલો તે ખાસ યાદ કરીને સમો કરાવી, પરસાળમાં લટકાવી દીધો'તો. નવરી હોય ત્યારે રેવતી ચોપારે પગની ઠેસી મારતી, ઝૂલતી જ હોય એ રાવજીકાકાને બરાબર યાદ !

રેવતીની મા યે હરખઘેલી થઈ' તી, પણ

રાવજીકાકા જ્યારે આઈસ બોક્સ ખરીદી લાવ્યા ત્યારે તો એનાથી ય બોલ્યા વિના ન રહેવાયું,

'આ શું આદર્યું છે ? છોડી નવી નવાઈની ઘેર આવે છે, પણ ગોળાનું પાણી નહીં પી શકે ? એ આ ઘરમાં જ ઘાઘરી પહેરતી થઈ છે ! તમને બધું ચગચગતું કરી દેખાડવાની હોંશ છે, તેમાં કંઈ આખું ઘર ઉથલાવી નાખવાનું ?'

અને વાતે ય સાચી હતી, પણ રાવજીકાકા માને તો ને ? 'છોકરાવ ઠંડા મુલકમાં વસેલા તે અહીંયા બપ્પોર થતાં તો એમની ગરદને રેલા ઉતરશે, તું જોજે તો ખરી. માટીની ઠંડક તો માણે એ જ જાણે પણ થોડું શરબત-બરબત ઠંડું રાખવું હોય તો આ કામ લાગશે વળી.'

✸✸✸

પણ આ બધી તૈયારીઓ રેવતીના આગમને ઝાંખી લાગવા માંડી. આમે ય મૂળે ગોરી રેવતી તો હવે લાલ ટમેટું થઈ'તી. કાળા ભમ્મર વાળ ઉપર કોઈક રીતે લાગેલી કે લગાડેલી સોનેરી ઝાંખના લીધે અને ધોળા મુલકની માવજતે રેવતીને તો જોયા જ કરો જાણે.... અને નાની પેલી રીન્કુ તો ? બાપરે, એવી તો ગોરી ચટ્ટાક - એક આંખ જ કાળી ગણોને. જનમ દીધેલ મા તો રેવતીનો ઠાઠ જોઈને ઘડીભર શિયાવિયા થઈ ગઈ ! રેવતીની ટાપટીપે ભારે હતી અને સાથે ભઈ કેટલો અસબાબ ! ખાવા સારુ ચૉકલેટ સુધ્ધાં ત્યાંથી લાવેલા. ગઈ વીતીની આપ-લે વચ્ચે રાવજીકાકાએ કહ્યુંયે ખરું કે, 'છોડીને આખો દી' ચૉકલેટ શું ખવડાવવી ? કહે તો ઘઉંનો ગળ્યો સાથવો કે ગરમાગરમ શીરો બનાવી દે. રીન્કુએ પુણ 'એ શું ? એ શું' ? કહી નવી ચીજ ચાખવાનો ઇરાદા જાહેર કર્યો, પણ રેવતી તો કંઈ કેવીય છણકાઈ ઊઠી,

'કાકા, ત્યાં તો અરધી વસતિ દા'ડામાં એક વાર ચૉકલેટ કે એવું કંઈક લઈ, જમવાનું પતાવી દે અને તમે એને પીપરગોળી ગણતા લાગો છો. કોરો સાથવો કંઈ એના ગળે ઉતરવાનો છે ? ને શીરો તો હુંય બનાવતી જ હોઉં છું.'

રાવજીકાકા ચૂપ થઈ ગયા, પણ રેવતીની માને એ ન સમજાયું કે, સાથવો ચાખવામાં શું વાંધો નડે ?

> રાવજીકાકાનું ઘર આમ મગતું ખરું, એટલે એક ઓરડો આવા ય આવનારા માટે ખાલી કરી, ખાસ સજાવી દીધેલો.

રેવતી પછી તો ફટાફટ ઘરના ઓસરી, ઓરડા, ચોકમાં ફરી વળી. એની પાછળ પાછળ રાવજીકાકાનાં નજર-મન ફરતાં'તાં. મનમાં બોલ્યાય ખરા - 'તરવરાટ તો એનો એ જ રહ્યો !' પાછલી પરસાળ, વાડો અને ઓટલો ફરવા સાથે તેની વાગ્ધારા ચાલુ ને ચાલુ હતી, 'આ લાકડાની મજૂસ હજુ છે તે ઉંદરના ત્રાસ પણ ચાલુ લાગે છે.... એક વરંડામાં જ લીંપણ રાખ્યું તે ય કઢાવીને પથ્થર જડાવી દેવા'તાને !' અને લાગલી'ક વળી એની મા તરફ ફરતાં બોલી પડી, 'હવે તમને લીંપવું-ગુંપવું કેમ કરીને ગમે છે ? મને તો એની ગંધથી જ માથું ભરાઈ જાય...'

ઓટલેથી પાછા ફરતાં કોણ જાણે કેમ કરતાં એની સાડી ચોપાશની અણિયાળી કડીમાં ભરાઈ અને બેધ્યાન રેવતીની સાડી ખેંચાવા સાથે જ સહેજ ચીરાઈ એટલે તે તડકી ઊઠી. 'કાકા, (રાવજીકાકાને એ પહેલેથી જ કાકા કહેતી !) આ અહીં આવતાં જતાં નડે તેમ લટકે છે. તમે કશું બદલવા જ તૈયાર નથી.' રાવજીકાકાને સટ્ટાક દઈને કંઈક લિસોટા જેવું થયું. 'રેવતીને આ ઘર હવે નહીં ગોઠે.''

જોકે અલકેશ તો ઘર જોઈને જ ખુશ થઈ ગયો. એમાં યે ઉપલા માળનું છજું, એમાં પડેલી આરામ ખુરશી અને સામે દેખાતો નદીનો પટ જોઈને એણે ત્યાં જ જમાવી દીધી. રાવજીકાકા ય ઉત્સાહથી નદીના ભાઠાનો ઢોળાવ, એના પરનાં તોતિંગ આંબલીનાં વૃક્ષો, ચોમાસામાં ઢાળ સુધી ચઢી આવતાં પાણી ને એવી કંઈક વાતો કરવા લાગ્યા. રેવતી ઘડીભર તો ત્યાં બેઠી, પણ પછી ટપાક દઈને બોલી,

> 'હવે તમને લીંપવું-ગૂંપવું કેમ કરીને ગમે છે ? મને તો એની ગંધથી જ માથું ભરાઈ જાય.....'

'મહિનાનો એક રવિવાર તો ત્યાં દૂરના દરિયે જઈ, રીતસરનો પથારો જ કરી દઈએ છીએ. આ તમારી નદી તો બચૂડી લાગે બચૂડી.'

રાવજીકાકા ઘડીભર તો ઠમ્મ થઈ ગયા. 'તમારી નદી'નો તમતમાટ એમની ધોળી મૂછોને ચચરાવી ગયો હોય એમ એમણે મૂછ પર હાથ દીધો અને કંઈક ટપલી લગાવવા જતા હોય અને પાછા વળી જતા હોય એમ બોલ્યા,

'ભઈ, દરિયો એ દરિયો અને નદી એ નદી, એ બેની સરખામણી થાય નહીં કદી.'

એમના એ શબ્દો પર ઓવારી જતો હોય તેમ અલકેશ પણ મલકાઈ ઊઠતાં બોલ્યો, 'વાહ શું વાત કહી દીધી તમે બે લાઈનમાં.' જોકે રાવજીકાકા એથી સાંત્વન પામી શક્યા નહીં. એમના મનમાં રણકાર થયો કે, રેવતીની બોલચાલ તો બદલાઈ નથી, પણ મનછા ગમે તેમ, બ'ઉ બદલાઈ ગઈ છે.

બાથરૂમમાં જઈ આવી, હાથ-મો ધોઈ, રેવતીએ વળી ટકોર કરી.

'કાકા, અમે આવવાના હતા તેની તમને અડધા વરસ અગાઉ જાણ કરી તો યે તમે બાથરૂમ 'એટેચ' ન કરાવ્યું કેમ ?'

રાવજીકાકાનું મો વિલાઈ ગયું. બધુંય વ્યવસ્થિત કર્યું, પણ આ જ રહી ગયું તું પણ રાવજીકાકાએ શું કરે ? ગામના કડિયાને નીક ખેંચવાના આ કામમાં ઝટ લઈને ચડ બેઠી ન હતી અને એણે છેક સુધી કામ ટલ્લે ચઢાવ્યે રાખ્યું હતું. રાવજીકાકા આખીય વાત રેવતીને સમજાવવા લાગ્યા.

પણ આ બાજુ અલકેશને મન તો ઊંડે ઊતરી દરિયાપારની એની ઑફિસમાં પહોંચી ગયું હતું. ત્યાં સ્ટાફ અને એક્ઝિક્યુટિવ માટે અલગ વૉશરૂમ હતા. પણ હમણાં 'ચીફ' માટે જુદો 'એટેચ્ડ વૉશરૂમ' બનાવવાનો હતો. તગડા નફાની સાથે 'ચીફ' નો મોભો વધ્યો હતો. એ સાચું, પણ એક વાત એવી પણ સંભળાયેલી કે, ઓફિસના એશિયન એક્ઝિક્યુટિવ ત્યાં વૉશરૂમ બહુ 'સ્લોપી' (Sloppy) બનાવી દે છે, એટલે ચીફને ફાવતું ન હતું. અલકેશને ત્યારે વાતમાં બહુ તથ્ય લાગ્યું ન હતું, પણ

ક્રમશઃ પાના નં. ૨૩ ઉપર

# ઝાલાવાડી સભાના દિવંગત સ્વજનો

## શ્રદ્ધાંજલિ



### શ્રી પોપટલાલ ભુદરભાઈ શાહ

*ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર તરીકે એક દાયકા સુધી સક્રિય રહેનારા શ્રી પોપટલાલ ભુદરભાઈ શાહનું દેહાવસાન થયું છે.*

*સમૂહલગ્નના કન્વીનર તરીકે તેમણે ખૂબ સરસ જવાબદારી નિભાવી હતી.*

*સ્વ. મનસુખભાઈ સંઘવી સાથે વસતિપત્રકના કાર્યમાં પણ તેઓ સહાયક રહ્યા હતા.*

*દેવલાલી અને પંચગીની સેનેટોરિયમમાં પ્રત્યેકમાં રૂા. ત્રણ લાખનું અનુદાન તેઓએ સહર્ષ આપ્યું છે.*

*સભાના ભૂતપૂર્વ કમિટી મેમ્બર શ્રી સુનીલભાઈના પિતા અને ઝાલાવાડી સભાના સ્વજન શ્રી પોપટલાલ ભુદરભાઈ શાહને*

***સાદર શ્રદ્ધાંજલિ....***



### શ્રીમતી રસિલાબેન મનસુખલાલ સંઘવી

*શ્રી સભાના અત્યંત કર્તવ્યનિષ્ઠ સહમંત્રી, વસતિપત્રકનું વિરાટ કાર્ય સંપન્ન કરનારા લોનાવલા સેનેટોરિયમની આજીવન કાળજી કરનારા મનસુખભાઈ સંઘવીના ધર્મપત્ની શ્રીમતી રસિલાબેન સંઘવીએ દેહપરિવર્તન કર્યું છે. મનસુખભાઈ સંઘવીના દાંપત્યજીવનના સહચરી, ઝાલાવાડી સભા પ્રત્યે ખૂબ જ સ્નેહાદર ધરાવતા રસિલાબેન મનસુખભાઈ સંઘવીના આ પરિવારે લોનાવલા સેનેટોરિયમની ડાયમંડ વીંગમા ૧૧ લાખ, ગોલ્ડન વીંગમા ૧ લાખ ૧૧ હજાર રૂા., લોનાવલા સેનેટોરિયમના ચોક માટે ૫ લાખ રૂા., દેવલાલી સેનેટોરિયમમાં ૩ લાખ રૂા. તથા પંચગીની સેનેટોરિયમમાં ૧ લાખ ૧૧ હજાર રૂા. નું અનુદાન આપ્યું છે. ધર્મને સાચા અર્થમાં સમજનારા, પચાવનારા, પરિવારના આ પ્રેમાળ વડીલે આપણી વચ્ચેથી વિદાય લીધી છે.*

***સાદર શ્રદ્ધાંજલિ...***

અનુસંધાન પાના નં. ૨૨ થી

રેવતીની એટેચ બાથરૂમની વાત સાંભળી કોણ જાણે કેમ તેને અચાનક 'ચીફ' અને 'વૉશરૂમ' ની વાત યાદ આવી ગઈ. રેવતીએ ધીરજપૂર્વક રાવજીકાકાએ કહેલી કડિયા માટેની માથાકૂટ સાંભળી, પછી અલકેશ તરફ ફરીને કહ્યું, 'જોયું, ઇન્ડિયામાં આ જ તો પ્રૉબ્લેમ છે.' અલકેશ વાત વાળતો હોય તેમ બોલ્યો, 'આપણે તો આ રજાઓમાં પૂરા સૂર્યવંશી રહેવાના છીએ.' રેવતીને તો યે ચૅન ન પડ્યું.

'હા, એ તો ખરું, પણ બધા માટે એક જ બાથરૂમ અને... આખું અઠવાડિયું....'

પણ રેવતી હજુ અચકાઈને, વાક્ય ગોઠવીને પૂરું કરવા મથતી'તી ત્યાં રાવજીકાકા જ બોલી પડયા - એમનાથી બોલાઈ ગયું,

'ના રે ના, રેવતી, આ તો આજના દી'ની જ વાત છે.'

કાકાના વાક્યથી રેવતી તો ચમકી જ, સાથે જ અલકેશ પણ ના સમજાયાના ભાવથી તાકી રહ્યો. રેવતીની મા, કામમાં ને વાતચીતમાં બે ય બાજુ મન રાખતી, આઘીપાછી થતી હતી તે ય અચરજથી ઊભાં રહેતાં પૂછી બેઠી - 'કેમ એમ કો'છો ?'

પોતાની તરફ તાકી રહેલાં ત્રણે જણાં સામે જોવાના બદલે છતમાંની લાકડાને વળીઓ તરફ જોતાં રાવજીકાકા બોલ્યા,

'કેમ શું ? ભૂલી ગઈ તું ? અહીં તો એક દી' સમ ખાવા પૂરતું જ આ લોકોનું રહેવાનું ગોઠવ્યું છે ને !' પછી રેવતી તરફ જોયા વિના અલકેશ સામે જોઈને બોલ્યા, 'બાકી કાલથી તો શહેરની હોટલમાં તમારે માટે રૂમ બુક કરાવી રાખેલો જ છે' આમ કહેતા'કને રાવજીકાકા ઊભા થયા અને બહાર નીકળતાં ઉમેર્યું. 'ત્યાં સગવડે સચવાય અને બે ય વાત.'

આ બીજી વાત કઈ તે કોઈને સમજાયું નહીં.

સાંજે બધાને વાડીએ લઈ જવા માટે ગાડું તૈયાર કરવામાં પડેલા દીકરાને, બહાર આવીને લગભગ ઊભો કરતા હોય એ ઢબે રાવજીકાકાએ કહ્યું,

'કબાટમાંથી પૈસા લઈ તું અબઘડી શહેરમાં ઉપડ ભઈ અને પેલી નવી થયેલી હોટલમાં સારામાં સારો ઓરડો રખાવી લે.'

અંદરની ચર્ચાથી અજાણ દીકરો અવાક્ બની જોતો હતો, તેના ખભે હાથ મૂકી રાવજીકાકાએ શાંતિથી કહ્યું, 'રેવતીને ખબર ન પડવી જોઈએ કે આજે રૂમ બુક કરાવ્યો છે. મેં એને કહ્યું છે કે અગાઉથી રૂમ રખાવી લીધો છે.'

અને અંદર બોલ્યા હતા તેમ ફરી બોલ્યા, 'ત્યાં સગવડે સચવાય અને બેય વાત.'

✱✱✱

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**કાંદિવલી, મુંબઈ**

૧૧૮ વર્ષના ઇતિહાસમાં શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી સભા તથા આપણા સહુનો વિકટ સમય ચાલી રહ્યો છે. વૈશ્વિક મહામારી એટલે કોવીડ-૧૯ નામની બીમારીને અનુલક્ષીને છેલ્લા પાંચ મહીનાથી આપણી લગભગ દરેક પ્રવૃત્તિઓને બ્રેક લાગી ગયેલ છે. જેવી કે માસિક પત્રિકા, લ્હાણા વિતરણ, પાણી પરબ, નોટબુક વિતરણ, શિક્ષણ ફી, દવાનું વિતરણ, દરેક સેનેટોરીયમ અને આપણી ઓફીસનું સંચાલન, ઉપરાંત અનેક પ્રવૃત્તિઓ સરકારના નિયમને અનુસરીને બંધ છે. પણ વહીવટી ખર્ચ એટલે પગાર, લાઈટબીલ, પ્રોપર્ટી ટેક્ષ ઉપરાંત અનેક ખર્ચાઓ તો ચાલુજ છે.

સામાન્ય સંજોગોમાં પર્વાધિરાજ પર્વ એટલે પર્યુષણ મહાપર્વમાં દરેક ઉપાશ્રય કે ધર્મ-સ્થાનકમાં મેમ્બરશીપ રીન્યુઅલ, કાયમી સભ્ય ફી, ઉપરાંત શ્રી સભાના દરેક પ્રકલ્પમાં દાન લેતા હતા અને આપ સર્વે ઊદાર હાથે ફાળો આપતા હતા. જે આ વર્ષે સરકારના નિયમને અનુસરીને શક્ય નથી બન્યું.

શ્રી સભા તરફથી આપ સર્વેને નમ્ર અપીલ કરીએ છીએ કે શ્રી સભા દ્વારા ચાલતી દરેક પ્રવૃત્તિને વેગ મળી રહે તે માટે આપણે સહુ એક આધારસ્તંભ (રૂા. ૧૧,૦૦૦) કે તેથી વધુ દાન આપી આપણી શ્રી સભા તરફની આપણી ફરજ અદા કરીએ અને શ્રી સભાને મજબુત બનાવીએ.

મિત્રો સરકારની ગાઈડ લાઈનને અનુસરીને આવતી તા. ૧-૯-૨૦૨૦ થી દેવલાલી તથા પંચગીની સેનેટોરીયમ ચાલુ કરવા જઈ રહ્યા છીએ. સેનેટોરીયમમાં કેન્ટીન સરકારની ગાઈડ લાઈનને અનુલક્ષીને ચાલુ રહેશે તેનું બુકીંગ આપ ફોનથી નીચેના નંબર ઉપર કરાવી શકશો અને પૈસા ડાયરેક્ટ સેનેટોરીયમમાં ભરવાના રહેશે.

**મિલનભાઈ તુરખીયા**
મોબા. :- ૯૮૬૦૧૨૫૧૩૬ (પંચગીની),
**ભાસ્કરભાઈ**
મોબા. :- ૯૮૬૭૩૦૯૫૪૬ (દેવલાલી)

આપનું દાન નીચેના અકાઉન્ટ માં જમા કરાવો આપે જમા કરાવેલ અમુલ્ય દાનની રસીદ જાળવી રાખશો. આપણા સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખીયા- મો. ૯૮૬૭૭૪૮૧૨૦ ને વૉટસ્અપ કરશો. જેથી રસીદ મોકલાવી શકાય. આપે કરેલી અનુમોદના ચોક્કસ થી સભાની પ્રગતિનું કારણ બનશે.

**Zalawadi Sabha Charitable Foundation**
Bank of India, Kalbadevi Branch,
Mumbai - 400 002.
A/c No. 002410100055214
IFSC Code : BKID0000024

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**ઝાલાવાડી સભાના લોનાવલા, પંચગીની, દેવલાલી અને માથેરાન સેનેટોરીયમના જૂના બુકિંગ સંબંધી પરિપત્ર/ માર્ગદર્શિકા**

પ્રિય સભ્યો,

ઝાલાવાડી સભા એ આપણા સહુની સંસ્થા છે. મેનેજિંગ કમિટી આપણા સભ્યોની ખાતરી અને સુધારણા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. જેઓ તા. ૧૫-૦૩-૨૦૨૦ થી તા. ૧૫-૦૮-૨૦૨૦ ના સમયગાળા માટે સેનેટોરિયમ બુકીંગ કરી ચૂક્યા છે અને લોકડાઉન અને કોવિડ-૧૯ રોગચાળાને કારણે મુસાફરી કરી શક્યા ન હતા. સભ્યો તેમજ સભાના પરસ્પર હિતમાં ઝાલાવાડી સભાની ટ્રસ્ટીઓ અને મેનેજિંગ કમિટી દ્વારા ઝૂમ એપ્લિકેશન મિટીંગ (Zoom Meeting App) દ્વારા સર્વાનુમતે નક્કી કરાયેલ નીચે આપેલ માર્ગદર્શિકાની નોંધ લેવા વિનંતી.

**નિયમ :** (૧) તમારું બુકિંગ આગામી બે વર્ષ માટે માન્ય છે (આપણા સેનેટોરીયમ શરૂ થાય ત્યારથી)

(૨) વેકેશન અવધિ સહિત તમે ઉપરના બે વર્ષ દરમિયાન કોઈપણ સમય સેનેટોરિયમમાં જઈ શકે છે. (પ્રાપ્યતાને આધિન)

(૩) ઉપરોક્ત સમયગાળા માટેનું તમારું બુકિંગ સંપૂર્ણ સ્થાનાંતરણ (Transferable) યોગ્ય છે.

(અ) જો તમે આગામી બે વર્ષ દરમિયાન જવા માટે અસમર્થ હો તો તમે કોઈપણ વધારાના ચાર્જ વિના કોઈપણને તમારું બુકિંગ કોઈપણ સભ્યો ને ભેટ આપી શકો અથવા સ્થાનાંતરિત (Transfer) કરી શકો છો.

(બ) જો કે, જો તમારૂં બુકિંગ સભ્યથી બિન-સભ્યમાં સ્થાનાંતરિત કરવામાં આવે તો તમારે ફરક (Difference) ચૂકવવા પડશે.

(૪) ઉપરોક્ત માર્ગદર્શિકા ચારેય સેનેટોરિયમ માટે સામાન્ય છે.

(૫) કોઈપણ વધુ સ્પષ્ટતા માટે મંત્રીશ્રી નો સંપર્ક કરો.

| શ્રી પંકજભાઈ સંઘવી | શ્રી અતુલભાઈ શાહ | શ્રી અનિલભાઈ સંઘવી | શ્રી મુકેશભાઈ ચશમાવાળા | શ્રી નરેન્દ્રભાઈ સંઘવી |
|---|---|---|---|---|
| મો. ૯૮૨૦૦૪૦૭૧૯ | મો. ૯૮૨૦૧૪૮૬૭૩ | મો. ૯૮૨૧૦૯૬૩૨૮ | મો. ૯૮૧૯૧૮૩૩૨૫ | મો. ૯૩૨૩૨૮૫૫૨૯ |

**નોંધ : હવેથી કાંદીવલી ઓફીસ બંધ છે. મુંબઈ ઓફીસ શરૂ થાય ત્યારે વોટ્સઅપ મેસેજ તથા પત્રિકા દ્વારા જાણ કરવામાં આવશે. આભાર....**

**શ્રી ઝાલાવાડી સભા ટ્રસ્ટીગણ અને કમીટી મિત્રો**

# લતાને બેસાડી શાંતિથી કહ્યું; 'એ લોકો આવે તો છે, પણ પહેલાં ત્રણ હતાં પણ હવે બે જ...'

## તૈમૂરનો માળો

☐ હર્ષદ ત્રિવેદી



ત્રણ વર્ષ પહેલાં દીકરો ને વહુ અમેરિકા ગયાં ત્યારનું તો એમ જ લાગે છે જાણે ઘરમાં કોઈ નથી. મૂકેલી ચીજવસ્તુ ન થાય આડીઅવળી કે ન થાય કોઈ અવાજ. અમે બંને જણ સવારે વહેલાં ઊઠી જઈએ. પૂજાપાઠ અને ઘરકામ તથા રસોઈ વગેરે કામથી નિરાંતે પરવારીએ તોય સાડા નવ દસે તો જાણે સાવ નવરાં! બપોરે બારેક વાગ્યે જમીએ, થોડુંઘણું આમતેમ કંઈક કામકાજ કરીએ, તોય એમ લાગે કે સમય જતો નથી. બધું થંભી ગયું હોય એવું જ લાગે છે. ચાલ્યા કરે છે એક માત્ર ઘડિયાળ! આજે સવારે જ લતા કહેતી હતી કે, 'જરા લેપટોપ ખોલીને જુઓ તો ખરા, લાલાનો મેઈલ આવ્યો હશે. જો એમની રજાઓનો મેળ પડશે તો બે ય જણાં જરૂર આવશે એવું ફોનમાં કહેતો હતો. આ વખતે તો એ બેય પણ અધીરાં થયાં છે આવવા માટે...' વાત તો એનીય સાચી. દિવાળીને હવે કંઈ વાર નથી. આજકાલમાં જ નક્કી થઈ જવું જોઈએ. લાલાનું ખરું નામ તો વિનીત. એનું નામ મેં પાડેલું. એની મા તો વિભાકર કે વિનાયક આગળ અટકી ગયેલી, પણ મને થયું કે દીકરાનો વિનીતવેશ બરાબર ગણાય. વૈશાલીને જોવા ગયાં ત્યારે સાવ દૂબળી લાગે, પણ એનો વાન ગોરો. લતાનો અભિપ્રાય એવો કે અત્યારે ભલે દૂબળી લાગે, પણ સુખ ભરાતાં આપોઆપ વળોટમાં આવી જશે. લાલાને તો એની માનું કહેવું એટલે ધ્રુવવાક્ય! તરત માની ગયો.

અમારે છોકરીની પસંદગી બાબતે પ્રશ્નો બહુ હતા. છોકરા-છોકરી એકબીજાંને ગમાડે એ તો જાણે પહેલી વાત પણ બંનેના જન્માક્ષર બરોબર મળવા જ જોઈએ એવો લતાનો આગ્રહ, જે એને પિતાજી કરુણાશંકર તરફથી વારસામાં મળેલો. પાછું આગ્રહમાંય એવું કે અમારા જ્યોતિષી પંડિતરત્ન ભગવતીપ્રસાદ પંડ્યા એમના પિતાજી કાશીમાં ભણેલા. પંડિતરત્નની પદવી તો એમના પિતાજીને મળેલી, પણ એમના અવસાન પછી શ્રીમાન ભગવતીપ્રસાદજીએ સીધી લીટીના વારસ તરીકે પદવી વાપરવાનું ચાલુ કરેલું! એ ભગવતીપ્રસાદ કહે તો જ બરોબર. એનાથી જરાય વધારે કે ઓછું જાણનાર જ્યોતિષી ન ચાલે. બીજું એ કે કન્યા અમેરિકા જવા માટે રાજી હોવી જોઈએ એમાંય પાછો પેટા મુદ્દો એ કે જો ભવિષ્યે વિનીતને ભારતમાં સારો ચાન્સ મળે તો પાછાં આવવાની તૈયારી હોવી જોઈએ. પેટામાં પેટા એ તે ભારતમાં પણ દિલ્હી, કોલકાતા, મુંબઈ, પૂના, ચેન્નાઈ કોઈ પણ સ્થળ હોઈ શકે. અમદાવાદ જ મળશે એની ગેરન્ટી નહીં! એ બધાંને આ બધી વાત કબૂલ હોવી જોઈએ! વિશેષે કરીને કન્યા ભર્યાં ઘરની ને ભર્યાં મનની હોવી જોઈએ. આ લઈ લઉં ને તે લઇ લઉં એવી વૃત્તિ હોય તો ન ચાલે. આજે આપણી પાસે બધું છે, પણ કોઈ વાર કંઈ અગવડ- સગવડ હોય તો ચલાવી લેતાંય આવડવું જોઈએ!

**એરપોર્ટ જતાં પહેલાં લતાએ છોકરાઓને બાથમાં લીધાં ને માંડ માંડ આટલું બોલીઃ 'જો બેટા, આપણું કામ તો પુરુષાર્થ કરવાનું. પરિણામ ઉપરવાળાના હાથમાં. આપણી ઇચ્છાઓ તો અનંત હોય, પણ દરેકનાં ઋણાનુબંધ હોય છે. જેટલું લેવાનું હોય એટલું જ લેવાય. મને તો કંઈ નથી, પણ એમ થાય કે તારા પપ્પાને દાદા બનવાનું સુખ મળે તો એમનો બેડો પાર થઈ જાય!'**

હું વૈશાલીને લાલી જ કહું. મને લાલો ને લાલી બોલવું વધારે અનુકૂળ. લતાએ પ્રતિજ્ઞા લીધી છે કે આ વખતે લાલોલાલી આવે એટલે રાંદલ તેડવાં છે. કેમ કે ઘણા સમયથી ધારેલું એ કામ બાકી રહી જાય છે. લાલીનો ખોળો ભરાતો નથી એના કારણમાં એક આ માન્યતા પણ ખરી! આ વખતે ગમે તે થાય પણ લતાની ઇચ્છા તો પૂરી કરવી જ છે. મેં હા કહી કે તરત લતાનું મન ઘોડો ખૂંદવા લાગ્યું. આ લોકોની ડેઈટ નક્કી થાય તો કંઈક સમજ પડે. લેપટોપ ખોલું છું. લાલાનો મેઈલ છે. કોણ જાણે કેમ પણ મેઈલ ખોલતાં પહેલાં ધ્રાસકો પડે છે. આવી તો શકશે ને ? કે પછી ગયાં વરસની જેમ છેલ્લી ઘડીએ... મેં મન મનાવ્યું. મેઈલ તો જોઉં, પછીની વાત પછી. ભીની આંખે મેઈલ વાંચી લઉં છું. એની માને આ સમાચાર કેમ કરીને આપવા ?

બંનેનું આગમન થઈ રહ્યું છે એના રાજીપાનો રૂપિયો આપવાનો તો છે પણ એમાંથી આઠ આના તો કુદરતે કાપી લીધા છે ! શું કહું લતાને ?

ઝળઝળિયાંને કારણે લેપટોપના સ્ક્રીન પર જોવામાં મુશ્કેલી પડે છે. હું ચશ્માં કાઢીને આંખ લૂછું છું એ દૃશ્ય લતા જોઈ જાય છે. તરત દોડતી આવીઃ 'શું વાત છે, તમે કેમ ઢીલા પડી ગયા ? નથી આવતાંને એ લોકો ? મને બીક હતી જ. સાજાંનરવાં તો છે ને ?' એનો અવાજ તરડાઈ ગયો. ક્ષણેકવાર તો હું કશું ન બોલી શક્યો. લતાનો હાથ પકડીને એને સોફા પર બેસાડી. શાંતિથી કહ્યું, 'એ લોકો આવે તો છે જ, પણ પહેલાં ત્રણ આવવાનાં હતાં હવે બે જ... લાલીને ચાર મહિના હતા. કસુવાવડ થઈ ગઈ. જોકે એની તબિયત સારી છે. જેવી પ્રભુની મરજી.' મારાથી નિસાસો નખાઈ ગયો. લતા લગભગ અવાચક થઈ ગઈ. મેં એના વાંસે હાથ ફેરવ્યો ને કહ્યું, 'તું તારાં કે એમનાં મનમાં કોઈ વહેમ ઘાલીશ નહીં, આપણે જે કરવું છે તે કરીશું. રાંદલ તેડીશું જ. અને હજી એમને આવવાની તો વાર છે. ત્યાં સુધીમાં બધું ઠેકાણે પડી જશે. એ લોકો આ વખતે બે મહિનાનો સમય લઈને આવે છે. આપણે હળવા રહેવાનું. કારણ વિનાનો છોકરાંઓ ઉપર ભાર ન આવે એ ય જોવાનું ને ? નસીબમાં હશે તો બીજી વાર...!' લતા આખી ઘટનાને એક ઘૂંટડામાં જાણે ગળી ગઈ !

રોજ સવારે ઊઠીને પહેલું કામ બગીચામાં હીંચકે બેસીને છાપું વાંચવાનું. ધીમે ધીમે હીંચકો ચાલતો હોય. એક દિવસ મારું ધ્યાન છાપામાં હતું ને હું કંઈક વિચારે પણ ચડી ગયેલો. ત્યાં અચાનક 'પરભુ તું પરભુ...તું' એવો લયાત્મક અવાજ સંભાળાયો ને મેં છાપાંમાંથી નજર બહાર કાઢી. હવામાં આકૃતિઓ પાડતો એક હોલો લીમડા પરથી નીચે જમીન પર ઊતર્યો. એન એક પગ ખોડંગાતો હતો. જોયું તો જમણા પગના પંજાની જાણે કે મુઠ્ઠી જ વળી ગયેલી. ઢચક ઢચક એની ચાલ. થોડીવારમાં તો આખું ફળિયું એણે માથે લઈ લીધું. આમ ઘૂમે ને તેમ ઘૂમે. જમીન પર એને ખાવા જોગ કંઈક દેખાયું ને એણે ચણવાનું શરૂ કર્યું. મારા હીંચકાનો કે છાપાંનાં પાનાં ફેરવવાનો અવાજ એની મસ્તીમાં કશો વિક્ષેપ કરી શકતો નહોતો. થોડી થોડીવારે ઊંચે જુએ અને પરભુને યાદ કરતો જાય. પછી તો એ પાંખો ફફડાવતો ઊડી ગયો ને હું ફરી છાપામાં ખોવાયો.

બીજે દિવસે મેં યાદ કરીને લીમડાના ઓટલે થોડા દાણા નાખ્યા અને પછી હીંચકે બેઠો. એ આજે ઘરના છજાં પરથી સીધો જ નીચે ઊતર્યો. ફરી એ જ ખોડંગાતો ચાલ ને 'પરભુ તું... પરભુ તું...' નું રટણ તો ચાલુ જ. હોલો ચણતો હતો ત્યાં એક કાગડો ઠીબનું પાણી પીવા આવ્યો. સહેજ વાંકી ચાંચે એણે પાણી પીધું ના પીધું ત્યાંતો આ હોલાનો જાણે કે ગરાસ જતો રહ્યો હોય એમ તીર વેગે ઊડીને આવ્યો અને કાગડાને જોરદાર ચાંચ મારી દીધી. કાગડો પાણી પીવાનું પડતું મૂકીને ઊડી ગયો. મેં એની ચાલને આધારે નહીં, પણ બહાદુરીને આધારે એનું નામ તૈમૂર પાડ્યું.

પક્ષીવિદોની દૃષ્ટિએ હોલાની ઉડાન આકર્ષક ગણાતી હશે કે કેમ એની મને ખબર નથી, પણ આ તૈમૂર તો જાતભાતના કરતબ કરતો. રોજ હું એને ઊડતો જોઉં ને મન હરખાય કે આજે એ કોઈ બિલાડી કે કૂતરાનો કોળિયો નથી થયો ! એક દિવસ હું હીંચકે અમસ્થો જ બેઠો હતો ને ઘરના છજાં પર નજર ગઈ તો તૈમૂર કોઈ હોલી સાથે ક્રીડા કરતો હતો. ખરેખર આમાં કોણ હોલી ને કોણ હોલો એ તો પરભુ જાણે, પણ આપણે તો પગને આધારે તૈમૂર ને તૈમૂરને આધાર પુલ્લિંગ ! એકબીજાની ચાંચમાં ચાંચ પરોવે, પાંખોનાં પીંછાં ગણે, કૂણાકૂણા અવાજે હોલીના કાનમાં કંઈ કહે, ગીત ગાય ને તોફાન કરે, હોલી ઊડીને આઘી બેસે તો તરત મસ્તાની ચાલે નૃત્ય કરતો કરતો જઈને એની પાંખમાં ભરાય. મેં એની વહુનું નામ તૈમૂરી રાખ્યું ! આખો દિવસ ધાબાંની દીવાલ, છજું અને લીમડો એમનાં ઠામઠેકાણાં ! અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એ બંનેનાં ઉડાન અને તોફાન ચાલ્યા કરે. આબોદાનાનો પ્રશ્ન એમને પીડતો નહોતો. લીમડા ઉપર માળો ને નીચે દાણાપાણીની વ્યવસ્થા અમે કરેલી એટલે કે આ તૈમૂરદંપતી માલેતુજાર હતું ! નહીં ક્યાંય કોઈ મજૂરીએ જવાનું, નહીં કોઈ ઓવરટાઈમ કરવાના, ન પગાર, ન ખર્ચ, ન કોઈ શેઠ, ન કોઈ બોસ ! મનફાવે એમ ઊડવું, રખડવું ને તૈમૂરી સાથે જલસા કરવાના !

આમ તો અહીં પક્ષીઓનો પાર નથી. મોર, કાગડા, કબૂતર, પોપટ, લેલાં, કાબર, શક્કરખોરો, ખેરખટ્ટો, પીદ્દો, દૈયડ કોણ નહીં ? ક્યાંક એક નર ને ચાર-પાંચ માદા, ક્યાંક એક માદા ને ઝાઝા બધા નર. બધાં એકબીજાંને હંફાવવાની અને હરાવવાની કોશિશમાં. શુદ્ધ અર્થમાં જંગલનો કાયદો. બળિયાના બે ભાગ ! તૈમૂરમાં હિંમત, ચપળતા અને લડાયકવૃત્તિ ગજબ ! પાણી પીવા કે નહાવાધોવા કોઈ પંખી આવે એટલે એને વાંધો પડ્યો જ સમજો ! ગમે તેમ કરીને એને ભગાડયે જ છૂટકો કરે ! એમાં પાછો એને તૈમૂરીનો સાથ ઘણો. એ પણ જરાય ઓછી માયા નહીં ! બંને જણ રીતસરની પેરવી કરે. એક વાર તો એવું બન્યું કે પ્રમાણમાં મોટા કદની કહેવાય એવી એક સમડી પાણી પીવા આવેલી. એના આવવાથી ચારેબાજુ સોપો પડી ગયેલો. એમ લાગે કે જાણે પવન પણ થંભી ગયો છે ! કોઈની મજાલ છે કે ચૂંચાં કરે ? સમડીએ પાણી પીવા ડોક નમાવી, બરાબર એ જ વખતે તૈમૂરીએ તારસ્વરે કંઈક વિચિત્ર કહેવાય એવો અવાજ કાઢ્યો. સમડી એની સામે જુએ ત્યાર પહેલાં તૈમૂરે પાછળથી બાજ ઝડપે આવીને એના માથામાં ચાંચ મારી ને પલકારામાં તો એ સામે છજે જઈને 'પરભુ તું...' કરતો બેસી ગયો ! કદાચ એ ખી... ખી... ખી... કે એવું કંઈ હસ્યો હશે ! પણ આપણને શું ખબર પડે ?

તૈમૂર અને તૈમૂરી આટલા વખતથી ઊડાઊડ કરે છે. લીમડામાં નહીં પણ બોરસલીની ઘટામાં માળો કરે છે, પણ ક્યારેય માળામાં એનાં ઇંડાં કે બચ્ચાં જોયાં નથી. આજે થયું કે લાલોલાલી

ગયાં ત્યારનાં આ બંનેની લીલા અમે જોઈએ છીએ, પણ આવો વિચાર તો આજે જ આવ્યો. શું એ ઇંડાં નહીં મૂકતી હોય? કે પછી બીજાં પક્ષીઓ એનાં ઇંડાં-બચ્ચાં ખાઈ જતાં હશે? માળામાંથી તો એકેય ઈંડું ક્યારેય ફૂટેલું કે પડેલું જોયું નથી! જે હોય તે... પણ મન ઊંચું થઈ ગયું છે એ નક્કી. મેં લતાને પૂછ્યું: 'આ તૈમૂરી ઇંડાં મૂકે છે કે નહીં એનો ખ્યાલ આવતો નથી. તને કંઈ ખબર છે ખરી?' એ પણ મારા પ્રશ્નથી વિચારમાં પડી ગઈ, 'ના. ક્યારેય જોયાં નથી. હું તો આ બેને જ ઊડાઊડ કરતાં જ દેખું છું.'

થોડા દિવસ પછી લાલાનો ફરી મેઈલ આવ્યો. લાલીની તબિયત સારી છે. ડોક્ટરનું કન્સલ્ટેશન ચાલુ છે. કદાચ ભવિષ્યમાં સારું પરિણામ આવે એવું એમનું માનવું છે. લાલાની રજાઓ તો નક્કી થઈ ગઈ છે, પણ ડોક્ટરી સારવારને કારણે આવવામાં કદાચ મોડું પણ થાય. લતા હવે અધીરી બની ગઈ છે. કહે છે કે બેયનાં મોઢાં જોઉં તો નિરાંત વળે. એક દિવસ તો કહે કદાચ એમનો મેળ ન પડે તો આપણે ત્યાં જઈ આવીએ! થોડો વખત સાથે રહીએ તો ય એમની માનસિકતામાં ફેર પડે. આપણને સારું લાગે. બાકીની આપણી ઇચ્છાઓ તો હરિને હાથ. મને ચિંતા એ છે કે આ બંને જણ ક્યાંક ડિપ્રેશનમાં ન આવી જાય! ટૂંકમાં એનો એક જ સૂર હતો કે કાં તો એ લોકો જલદી આવે અથવા આપણે જઈએ!

છેવટે એ લોકો ફ્લાઈટમાં બેસી ગયાના સમાચાર આવ્યા. લતાએ સુખડી બનાવી રાખી. બાજુવાળાની ગાય તાજી જ વિયાઈ છે તે વિચારી રાખ્યું કે આવશે ત્યારે ખીરુંની બળી બનાવી દઈશ. લાલીને બળી બહુ ભાવે. એની દૃષ્ટિએ આ રેયર ચીજ ગણાય. કેમ કે એ અહીં હોય ત્યારે ખીરું મળશે જ એની કોઈ ખાતરી નહીં, પણ આ વખતે મેળેમેળ બેસી જશે એમ લાગે છે. અમે એરપોર્ટ ઉપર એમને લેવા ગયાં. ફ્લાઈટ ખાસ્સી મોડી હતી. એરાઈવલ પછી ય છોકરાંઓનાં દર્શન તો સવા કલાકે થયાં. લતા કાબૂ ન રાખી શકી. બેયને વળગીને ખૂબ રડી. એ બાબતમાં લાલો સમજદાર. તરત વાતને વાળી લીધી. પાપા તમારાં તૈમૂરો ને તૈમૂરી શું કરે છે? મેં કહ્યું મારાં તૈમૂરાં તો આજે જ ઊડીને આવ્યાં! પૂર ઝડપે ગાડી ચલાવી ને અમે સીધાં જ ઘેર. લતાને તો જાણે ઘીકેળાં. આજે આ બનાવે ને કાલે તે. દીકરાવહુને ભાવતી વાનગીઓ યાદ કરી કરીને બનાવવા માંડી. આજે મામા તો કાલે ફોઈ, આજે પિક્ચર તો કાલે હોટલ, ઘર ધમધમતું થઈ ગયું. વેવાઈ વેવાણ અમથાં તો એક બે મહિને આવતાં, પણ અત્યારે તો એકાંતરે એમનાં પગલાં હોય જ. 'કેટલું સારું લાગે છે નહીં?' હું લતાને પૂછી વળું છું. એ દીકરાવહુને સાથે ઊભાં રાખીને નજર ઉતારે છે. હું મારી આંખમાં એની વીડિયો ફિલ્મ ઉતારું છું.

આવતા રવિવારે રાંદલની પધરામણી કરવાની છે. લગભગ બધી તૈયારી થઈ ચૂકી છે. ભગવતી પ્રસાદને કહેવાઈ ગયું છે. એમણે બેયના જન્માક્ષર ફરી જોઈ લીધા છે. 'દસેક દિવસ પછી ગ્રહો બદલાય છે ને બધું આપોઆપ સારું થવાનું છે. ખાસ કરીને વૈશાલીના ગ્રહો વધારે સારા થાય છે. આવનારા સમયમાં એની બધી ચિંતાઓ જશે અને મનોકામનાઓ પૂરી થવાની છે' : પંડિતરત્ન ભગવતીપ્રસાદ ઉવાચ! હું એમ કહું છું લાલાને કે 'આપણે આ બધું તો કરીએ છીએ,'

'પણ ભેગાભેગું ડૉ. ખારોડસાહેબને બતાવી જોઈએ. તમે અમેરિકામાં બધું બરાબર ચેકઅપ કરાવ્યું જ હોય ને અહીંના કરતાં ત્યાંના ડૉક્ટરો વધારે હોંશિયાર, વળી સગવડે ય વધુ, એ બધું કબૂલ; પણ એક વાર ખારોડસાહેબ.... ગમે તેમ તો ય અનુભવી માણસ!' લાલો તરત સંમત થયો. કદાચ મારા સંતોષ માટે આવતીકાલે, એટલ કે રાંદલ પહેલાં જ ખારોડસાહેબને મળવાનું નક્કી થયું છે. લાલો કહે છે કે 'પાપા, તમારે સાથે આવવાની જરૂર નથી. અમે જઈ આવશું. તમે એમને એક ફોન કરી દો એટલે ચાલશે.'

રસોડામાંથી લતાનો ટહુકો. બાપ-દીકરો વાતોમાંથી નવરા થયા હો તો નાસ્તો તૈયાર છે. નાસ્તો કરતાં કરતાં લાગ્યું કે લાલી કંઇક ઉદાસ છે. સ્વાભાવિક પણ છે. છતાં એની ઉદાસી હું સહન નથી કરી શકતો. ટેબલ પરથી ઊઠીને મેં એને એકલી બોલાવી. પાસે બેસાડી માથે હાથ મૂકીને કહ્યું; 'બેટા સહુ સારાં વાનાં થશે. તું આનંદમાં રહે એટલે ઘણું. તારી તબિયત સારી રહે એ અગત્યનું છે. તમે ડૉક્ટર ખારોડને મળી તો આવો. જોઈએ શું કહે છે તે. એ મારા મિત્ર છે એટલે ખોટી સલાહ તો ન જ આપે. બાકી તો દેવો તો હરિને હાથ...' વૈશાલીને થોડી રાહત થઈ હોય એવું લાગ્યું.

બંને જણ જઈ આવ્યાં. પ્રસન્ન હતાં. ડૉક્ટર ખારોડનું કહેવું હતું કે લાલીના બ્લડમાં અમૂક તત્વો ખૂટે છે. તે બહારથી ઇન્જેક્ટ થઈ શકે છે. આમાં કશું મુશ્કેલ નથી. વિનીતને આનંદ એ વાતનો હતો કે તે અમેરિકાના ડૉક્ટરોએ જે કહ્યું હતું તે તો ખારોડસાહેબે કહ્યું જ, પણ આ કોર્સ કરવાથી ફેર પડી શકે એ નવી વાત હતી. સારવાર શરૂ થઈ ગઈ. રાંદલનો પ્રસંગ પણ સરસ રીતે વીત્યો. સાસુ-વહુએ બધાંની સાથે બરાબરનો ઘોડો ખૂંદ્યો હતો. સહુ સગાંવહાલાં પણ રાજી થઈને ગયાં.

'પરભુ...તું, પરભુ તું....' નું ગાન સંભળાયું ને સહુની નજર પડી. તૈમૂર ઊડીને લીમડા પર બેઠો. ત્યાંથી ઊડીને સીધો જ બોરસલીની ઘટામાં ગુમ થઈ ગયો. વારંવારની એની અવરજવર ચાલુ હતી. વૈશાલી આજથી એને પિયર જવાની હતી. ગામમાં પિયર ને ગામમાં સાસરું એટલે ગમે ત્યારે જવાય ને ગમે ત્યારે આવી જવાય. વિનીત આજે એના જૂના મિત્રોને મળવા જશે ને રાત્રે બારોબાર સાસરે.... વૈશાલીને પિયર જવું ઓછું ગમે. મા-બાપ કે ભાઈ માટે પ્રેમ નહીં એવું નહીં, પણ એની ભાભી સંતાન બાબતે માથું ખાઈ જાય. એક હજાર પ્રશ્ન પૂછે તોય એને સંતોષ ન થાય. વૈશાલીને આવી બધી માથાકૂટ ન ગમે એટલે ડિસ્ટર્બ થઈ જાય. આપણે ત્યાં શું છે તે બિનજરૂરી લપ્પનછપ્પન કોઈ કરે

જ નહીં. એટલે મુક્તિનો અનુભવ કરે. અત્યારે તો એવું કહીને જાય છે કે બંને ચાર દિવસ પછી પાછાં આવશે, પણ તમે જોજો બે દિવસે ય ટકે તો ! કંઈ ને કંઈ બહાનું કાઢીને આવતાં રહેવાનાં !

બેગો ભરાય છે. દરેક બેગનું વજન કરાય છે. કેમ કે છેલ્લી ઘડીએ એરપોર્ટથી સામાન પાછો લાવવો પડે એ બરાબર નહીં. લતાએ ઝીણી ઝીણી વસ્તુઓ યાદ કરીને ભેગી કરી દીધી છે. બારે મહિના ચાલે એટલા મસાલા, સિકંદરની શિંગ, ઘરે બનાવેલાં અથાણાં, ઇન્દુબહેનના ખાખરા અને લતાબહેને બનાવેલાં લાડુ-સુખડી બધું પેક થઈ રહ્યું છે. કાલે તો આ પંખીડાં ઊડી જશે ! મારું મન ભરાઈ આવે છે, બરાબર છે કે છોકરાંઓનો વિકાસ ત્યાં છે અને આપણે મોકલીએ છીએ ને જાય છે. બધું જ સાચું, પણ મને ક્યાંય ગમતું નથી. આ રૂમમાંથી પેલા રૂમમાં આવનજાવન કરું છું. કારણ વિના બાથરૂમ જવાની ઇચ્છા થયા કરે છે. ‘બધું સારું જ થશે. તમતમારે જાવ સુખેથી ....’ એમ ઇચ્છવા છતાં બોલી શકતો નથી ! એની માની પરિસ્થિતિ તો ઓર વિકટ. જતાં જતાં અપશુકન ન થાય એટલા માટે એકેય ભાંગ્યું વેણ ન બોલે અને પાંપણ ફરતી વાડ બાંધી રાખે.

રાતનો એક વાગ્યો છે ને ગાડીઓમાં બધો સામાન ભરાઈ ગયો છે. હવે બધાં બેસે એટલીવાર. એરપોર્ટ જતાં પહેલાં લતાએ બે ય છોકરાંઓને બાથમાં લીધાં ને માંડ માંડ આટલું બોલી : ‘જો બેટા, આપણું કામ તો પુરુષાર્થ કરવાનું. પરિણામ ઉપરવાળાના હાથમાં. આપણી ઇચ્છાઓ તો અનંત હોય, પણ દરેકનાં ઋણાનુબંધ હોય છે. જેટલું લેવાનું હોય એટલું જ લેવાય. મને તો કંઈ નથી, પણ એમ થાય કે તારા પપ્પાને દાદા બનવાનું સુખ મળે તો એમનો બેડો પાર થઈ જાય ! હું તો ખાનગીખૂણે રડી એ લઉં, પણ પુરુષ માણસ ક્યાં જાય ? પણ જો બેટા આ વખતે મને યાદ કરજે. આપણો સંકલ્પ પૂરો થયો છે તો બધું ય પૂરું થશે...’ અમે સંતાનોને ભાવભીની વિદાય આપી. વેવાઈને થયું કે આ બે જણ એકલાં ઘરે જશે તો ડિસ્ટર્બ રહેશે એટલે એમણે દાવ નાખ્યોઃ ‘લતાબહેન અમને ચા પણ નહી પીવડાવો ? હજી તો અઢી જ વાગ્યા છે.’ બધી ગાડીઓ આપણા ઘર ભણી વળી. લતાના હાથની ચા વખણાય. આદું અને ફુદીનો એને વધારે ગમે. આદું તો સામટું બે ચાર કિલો લઈ રાખે. જોઈએ એમ કાઢતી જાય ને ફુદીનો તો એણે રસોડાની બહાર જ વાવી રાખ્યો છે. બધાં ચા-પાણી પીને ગયાં. અમે એકલાં પડ્યાં. લતા મને વળગીને હિબકે ચડી ગઈ. કહે કે, ‘ભગવાન આપણી સામું જોવે તો સારું. આમને આમ તો છોકરી કંતાઈ જાશે ! આપણે એના શરીર સામે પણ જોવાનું ને !’ હું એની પીઠ પસવારતો રહ્યો. મેં કહ્યું, હજી સૂર્યોદય થવાને વાર છે. ચાલ કલાકેક સૂઈ જઈએ. તને થોડો આરામ પણ મળી જશે.

સવારે ઊઠીને હું છાપું વાંચતો હતો. ધીમે ધીમે હીંચકો ચાલતો હતો. અચાનક પાંખોની તડાફડી અને તૈમૂરયુગલનું આગમન. થોડીવાર આમતેમ રમત કરી, બેપાંચ દાણા ચણ્યાં ન ચણ્યાં ને બે ય પાછાં બોરસલીમાં જઈને ભરાયાં. મને કંઈક શુભસંકેત જેવું લાગ્યું. મેં લતાને બૂમ મારી. ‘અહીં આવ તો જરા...’ એ ચાના બે કપ લઈને આવી. ચા પીતાં પીતાં મેં કહ્યું; ‘આ લોકોએ આ વખતે બોરસલીમાં માળો બાંધ્યો લાગે છે. આવનજાવન વધી પડી છે. મને લાગે છે કે... ચાલ આપણે એના માળા ઉપર નજર કરીએ.’

‘એમ તો નહી દેખાય, દીવાલે ચડીને જુઓ તો કદાચ દેખાય.’ લતા ટેકો કરે છે ને હું નાનકડું ટેબલ લઈને દીવાલે ચડું છું. જોઉં છું તો માળામાં બે ઈંડા ! આખું આભ એના ઉપર અમીછાંટણાં કરે... ડાળી સહેજ પણ હલે નહીં એની કાળજી રાખીને હું ઊતરી જાઉં છું. લતા પૂછે છે; ‘છે કંઈ માળામાં ?’ હું કશું જ બોલ્યા વિના જમણા હાથની બે આંગળીઓ ઊંચી કરું છું ! તૈમૂરનો માળો વિસ્તરીને મારા આખાં ઘરને પોતાની અંદર સમાવી લે છે !

✱✱✱

## સમય

સમય એટલે સત્ય મેળવવા માટે મળેલ યંત્ર;
કરી લો એનો સદ્‌ઉપયોગ, જપી લો સદ્‌ગુરુએ આપેલ મંત્ર.

સમય મળે છે મફતમાં, પણ ફરી આવતી નથી વીતેલી પળ;
માટે માણી લ્યો આત્મિક મોજ, શોધો અંતઃસ્થળ.

સમય છે કોરી પાટી જેમ સ્વચ્છ, ને વિરાટ જેમ આકાશ ઉપર;
શું લખવું, શું ધ્યાવવું, એ છે આપણી ચેતના પર નિર્ભર.

સમયની રેંટ તો ફર્યા જ કરે, ન જુએ કામ કે ગામ;
આપણે એને સદીઓ, વર્ષો, દિવસો, કલાકોનું આપ્યું નામ.

સમય સરિતાની જેમ છળ છળ વહેતો જાય છે;
જે સતત આપણા કાળનો કોળિયો ભરતો જાય છે.

પણ જે સાધક સમયસૂચકતા વાપરી સાધના સાધે છે;
તે સમયને જીતી અમરત્વની સ્થિતિને લાધે છે.

સદ્‌ગુરુનું શરણું, તેમની શ્રદ્ધા ને સાધના, એ જ સાચું રતન;
આ મહામારીના સમયમાં કરીએ, સ્વઆત્માનું જતન.

**મીનલબેન**



# દીકરા/રી ના મા

☐ કંદર્પ ર. દેસાઈ

સ્વાતિબેન કૉલેજમાં પ્રોફેસર એટલે આજકાલના છોકરાઓના વિચારોથી સારી રીતે વાકેફ એવું સમજીવિચારીને અંબેલાલે એમને પોતાના ભાણિયાનો હવાલો આપ્યો.

'જુઓને સ્વાતિબેન આ અમારો અમર. અઠ્ઠાવીસનો થયો પણ કંઈ સમજતો જ નથી. એક વાર પરણવાની ઉંમર વીતી જશે પછી શોધવા જતાં કોઈ નહીં મળે. સરસ નોકરી છે, દેખાવડો છે ને તોય જુઓને, એકનો બે થતો જ નથી!'

'ભલે ભાઈ મોકલજોને એને મારી પાસે આમેય હું શનિવારે બપોર પછી ફ્રી જ હોઉં છું. એને ક્યારે આવવાનું ફાવશે?'

'એ તો આવશે જ. તમારા માટે એને બહુ માન છે. તમારી કૉલેજનાં નાટક જોવા એ અચૂક રજા પાડતો. તે મળવા માટે શું નહિ કરે? પેલું શું કહે છે? તમારું નામ જ પૂરતું છે.'

પોતાની આવી પ્રશંસા સાંભળી સ્વાતિબેન થોડું મલકાયાં, થોડું પોરસાયાં અને વધુ તો સભાન બન્યાં. આ વળી, જવાબદારી નહીં તો બીજું શું? જુવાન છોકરાઓ આપણું માન રાખે તો આપણે પણ એની લાગણી મરજી સમજવી જ પડેને? નાહકનું મન કોચવાય અને શરમના માર્યા કશું કહી ન શકે! સૌથી સારો ઉપાય છે છોકરાઓને જ ખૂલવા દેવાય.

✱✱✱

અમરને જોતાં પહેલી છાપ તો સારી પડી. ઠીક ઠીક ઊંચો, પાતળો પણ નબળો નહીં, આત્મવિશ્વાસથી સભર પણ આછકલો નહીં. ડ્રેસિંગ સેન્સ પણ કેઝ્યુઅલ, આછી આછી લીલી દેખાય તેવી દાઢી અને ઊજળો પણ ખાસ્સો કોઈ પણ મા-બાપ આવા જમાઈની અપેક્ષા રાખે તે સહજ છે. વાતની શરૂઆત કરવા કોઈ પણ મામૂલી મુદ્દો હોવો જોઈએ. બપોર પછીનો સમય એટલે ચા-કોફીનું પૂછ્યું :

'શું લઈશ, ચા કે કોફી?'

'એવી તકલીફ શું કામ?'

'અરે! એમાં તકલીફ કેવી? જો તો ખરો હું કેવી કોફી બનાવું છું? અરે પણ તું કોફી પીએ તો છે?'

એણે હકારમાં માથું ધુણાવ્યું. એ જોઈ સ્વાતિબેને એને ડાઈનિંગ રૂમમાં બેસવા કહ્યું. ડ્રોઈંગરૂમ અને ઓપન કિચનની વચ્ચેની સ્પેસમાં ડાઈનિંગ એરિયા. સ્વાતિબેને કોફીપૉટમાં કોફી બીન્સ નાખ્યાં. તાજા શેકાવાની સુગંધ પ્રસરી.

'તમને પણ તાજી કોફીનો શોખ છે કે શું? કોલંબિયન બીન્સ છે કે શું?'

'ના-ના, આપણી ઇન્ડિયન મેઈડ. તને ક્યાંથી ખબર કોફી?'

'અરે! આંટી તમને ક્યાં મારા વિશે કંઈ ખબર છે? આ ભણવું ને નોકરી બોકરી તો ઠીક, મને તો ક્યારેક તાજી કોફીનો લૉંજ શરૂ કરવાનો વિચાર આવે. કેવી સરસ એની એરોમાં... મન મગજ બધું તરબતર તરોતાજા.'

આ કોફી મારા દીકરા પછી મને આ અમર એવો મળ્યો જેને તાજી દળેલી કોફીનો શોખ હોય! સ્વાતિબેનને એકદમ જ અમર ઉપર વહાલ ઊપજ્યું. તાજી ગરમ કોફીનો કપ હાથમાં થમાવતાં સતત બોલ્યે જતા અમરના માથા ઉપર, વાળમાં હાથ ફેરવ્યા. અમરે પણ એ વહાલને અનુભવતો હોય એમ સ્વાતિબેન સામે સ્નિગ્ધતાથી જોયું.

અચાનક એણે કહ્યું, 'મામાને મારી બહુ ફિકર, પણ તમે જુઓ છોને, હું બીજાથી સાવ અલગ છું. આ બધું આજકાલનું યુથ - હું જલદીથી એ બધા સાથે કનેક્ટ નથી થઈ શકતો. અને છોકરીઓ તો.... કશી ડેપ્થ જ નથી હોતી. ક્યારેક તો બહુ ચીપ - એવું તો ના કહેવાય - છીછરી લાગે છે કે ત્રણ મિનિટ પછી આગળ શું વાત કરવી એ ન સમજાય. હવે તમે જ કહો, મારે શું કરવું?'

અમરના નિર્દોષ ચહેરા પર સાફ પાણીમાં તરવરતી માછલીઓની જેમ મૂંઝવણ દેખાતી હતી. બિચારો! કોઈ પ્રેક્ટિકલ છોકરીના હાથે ચડી ગયો તો આની જિંદગી નરક જ થઈ જશે. એટલે સ્વાભાવિક જ છે કે - સ્વાતિબેને છેવટે કહી દીધું,

'રાહ જો દીકરા.'

'એ જ તો!' એવો હળવોફૂલ! પાછી ચિંતા પણ કરી.

'આંટી, તમે મામાને શું કહેશો?'

'એ મારો પ્રોબ્લેમ છે પણ દીકરા એક પ્રોમિસ કર કે જો તને અનુકૂળ પાત્ર મળે તો વિના વિલંબે-'

'ચોક્કસ. હવે તો સૌથી પહેલાં તમને જ વાત કરીશને!'

'એટલે બીજી વાર મળવા આવીશ. પાક્કું?'

'તમારા હાથની આ કોફી પીવા પણ આવવું પડશેને!'

અમરના મનમાં છવાયેલા રાજીપાએ સ્વાતિબેનને પણ હળવાં કરી દીધાં. કેવું સારું લાગે છે! જાણે રાજન આસપાસ જ ક્યાંક છે.

'અમરના ગયા પછીય સ્વાતિબેન તરત ઊઠી ન શક્યાં. આજે રાજન હોય એ પણ - આવો, અમર જેવો જ સ્નેહાળ, સરળ અને છતાંય થોડોક રિઝર્વ હોત! ખબર નથી કેમ પણ આવું વિચારવું એમને ગમ્યું. જોકે સાચી વાત તો એ છે કે એ આવો બિલકુલ ન હતો. સ્વાતિબેને વિચાર્યું. એ તો ઊર્જાથી તરવરતો, છલાંગ લગાવી ઊડવા તત્પર. કહે, જો મમ્મા, મારી બોલિંગ. વેંગસરકર જુએ તો મને અચૂક ટીમમાં લઈ લે. બોલ હા કે ના?'

ક્રિકેટનું તો જાણે એને ઝનૂન ઊપડ્યું હતું.

બીજું ઝનૂન બાઈકનું. મમ્મા, હું પાઈલટ બનીશ પણ એ પહેલાં મારે જમીન ઉપર ઊડવું છે. ઝૂઝૂમ્મ્મ્મ કરીને !

સ્વાતિબેનને રાજન એવો ને એવો યાદ છે. હાથમાં લીધેલા નવજાત રાજનથી માંડીને લોહી અને ધૂળમાં રગદોળાયેલા... સામાન્ય રીતે આવી પળોનો સામનો એ નથી કરતાં. કોઈને ફોન કરે, નજીકમાં કોઈ હોય તો વાતો કરે, કશું નહીં તો છેવટે જૂનાં ગીતો સાંભળે. રસોડામાં જઈ, કોઈ નવી વાનગી બનાવે. પણ આજે બેસી રહ્યાં. કુમાર આવીને લાઈટ્સ ઓન કરશે તો ભલે, પણ આજે મારી અને મારા દીકરા વચ્ચે કોઈ નહિ આવે. વિચારતાં સ્મરણ કરતાં બેસી રહ્યાં.

રાજન કંઈ છેક રમતિયાળ ન હતો. એને એના ભાઈબંધ-દોસ્તારોથી લઈ કૂતરાં-બિલાડાં સુધ્ધાંની ચિંતા રહેતી. એનો કોઈ ક્લાસમેટ મમ્મી-પપ્પા બેઉ નોકરીએ જાય તો ઘરમાં પૂરીને જાય. જમવાનું પણ માપસર. ચાર રોટલી ને શાક. ટિફિનમાં રાજન એના પેલા ક્લાસમેટ માટે બે રોટલી વધારે મુકાવે.

'- પણ તું ઘરે આવીને જમી જતો હોય તો ?'

'મમ્મા' એ સહેજ ખેંચાઈને જોઈ રહેતો.

કાબરી રોજના સમયે ના આવે તો શોધવા નીકળે.

'તારું ભણવાનું બગડશે. વાંચવા બેસ. એ આવશે તો હું ને પપ્પા આપી દઈશું.'

કશું બોલે નહિ, ચોપડી લઈ પરસાળમાં બેસે ઊંચા જીવે. કાબરી આવે પછી જ એના જીવને શાતા વળે. ને છતાં દસમામાં ચોર્યાસી ટકા લાવ્યો. શરત પ્રમાણે સાયન્સ લેવા દીધું.

'મહેનત કરવી પડશે.'

'કરીશ, પણ એક શરતે. મને બાઈક લઈ આપો.'

કુમારે તરત ના પાડી. 'તું હજી નાનો છે, જોઈએ તો મમ્મીનું સ્કૂટી ચલાવ.'

'સ્કૂટી ? છી-એ તો છોકરીઓ ચલાવે.'

'તો ભલે મરદ થા, તે દિવસે કહેજે' કહેતાં કુમારે એની આછી ઊગેલી દાઢી પર હાથ ફેરવ્યો ને કહ્યું, 'હજી તો છોકરો છે છોકરો.'

મોઢું ફૂંગરાવી એ તાકી રહ્યો.

ક્યારે કઈ ક્ષણે એ એકદમ મેચ્યોર થઈ ગયો, ખબર જ ના પડી ! બારમાના ક્લાસ શરૂ થયા હતા એ જ દિવસોમાં એક છોકરીનો ફોટો બતાવી કહે, 'મમ્મા, આ ખેવના છે !'

સુંદર, શાંત દેખાતી આંખોમાં હળવી ઉદાસી હતી. કહે, 'બહુ લાગણીશીલ છે. ચૂપચાપ. ઉદાસ પણ ખરી. ખાલી મારી જોડે જ વાત કરે છે. કહે છે, રાજ જો તું ન હોત તો મમ્મી મને થાય છે કે જો કોઈ એને સરખી રીતે સમજશે નહીં, તો એ ક્યાંક કશું કરી ન બેસે.'

સ્વાતિબેને એને દુનિયાદારી શીખવવાની કોશિશ કરતાં કહ્યું, 'શાંત થા દીકરા. એને સમજાવવા માટે એનાં મમ્મી, પપ્પા છેને !'

'એ જ તો પ્રોબ્લેમ છે.'

'આટલો ઇન્વોલ્વ ના થા. તારું ભણવાનું પહેલાં જો. પાઈલટ બનવું છે અને -'

- જોકે દીકરાના મનમાં ઊગતી કૂણી કૂણી લાગણીઓ એ બરાબર સમજી શક્યાં હતાં. આ ઉંમર જ એવી છેને ! પ્રેમિકાના મોં પર એક સ્મિત માટે ફના થઈ જવાની, એની આંખોના તારા બની જવાની અને -! આજે પણ એ પળોને યાદ કરતાં સ્વાતિબેનના ચહેરા પર વહાલભર્યું સ્મિત આવી જાય છે !

એ સંબંધ જયારે ઘરના દરવાજે ગુંડાટોળીની જેમ ત્રાટક્યો ત્યારે એનો મક્કમતાથી સામનો પણ કર્યો. ખેવનાના પપ્પા બે બદમાશને લઈ ઘરે પહોંચી ગયા અને રાજનને ધમકાવવા લાગ્યા. કુમાર પણ ત્યારે ઘરે નહીં. દીકરાની ઢાલ થઈ આગળ ઊભાં રહ્યાં.

તમારી છોકરીને સમજો અને સમજાવો. અહીં ખોટી દાદાગીરી નહીં જોઈએ.. પોલીસને ફોન કરું ? અમે તો છોકરાવાળા, ઇજ્જતના ભવાડા તમારા થશે.'

ગયા તો ખરા પણ એમણે આપેલી ધમકી આજે પણ કાનમાં ગુંજે છે. આઘો રહેજે મારી દીકરીથી. નહીં તો નામનિશાન મિટાવી દેશું તારું !'

કંઈ બહુ દિવસો નહોતા વીત્યા એ વાતને. એક બપોરે ફોન પર ફોન આવ્યા. અમે દોડતાં પહોંચ્યા. એ અકસ્માત જ હતો. રેતી અને લોહી એકમકમાં ભળી ગયેલાં... એ જ ક્ષણે ચક્કર આવ્યાં. આંખો ધૂંધળી બની અને આગળ કશું દેખાયું નહીં.

એ એક ક્ષણમાં હું ખાલી થઈ ગઈ ! મારે હવે કશું કરવાપણું રહ્યું જ નહીં. રાજનને જન્મ આપ્યો તે સમયે મારી કૂખ ખાલી થઈ હતી માત્ર પણ હવે આખું જીવતર જ ખાલી. એમાં વળી લોકોના આક્ષેપો.

'કુમારભાઈ તો ના જ કહેતા હતા પણ સ્વાતિબહેને જ જીદ કરાવી રાજનને બાઈક લઈ આપી. પોતે કમાય એટલે વરની શું સાડીબારી રાખે ? 'છોકરાએ પણ પાછળ ચીતરાવ્યું હતું.' ''મામાઝ ગિફ્ટ.'' બોલો શું ગિફ્ટ કર્યું ? મોત.

એક ઊગીને ઊભા થતા છોકરાનાં અરમાનોને આ લોકો શું સમજવાના ? જવાબ આપવાનું મન થાય છે પણ શબ્દો હોઠ પર નથી આવતા. બસ, ખાલી નજરે તાકી રહું છું. કોઈ આકાર ઊભો થતો નથી. કોઈ કશું મને કહેતું નથી ને મારા કાન તરસ્યા છે સાંભળવા, મમ્મા આમ મમ્મા તેમ. મમ્મા મમ્મા જો તો...

✱✱✱

ત્રણ મહિના પછી મારા મોબાઈલ પર એક જુદો મેસેજ આવ્યો.

'જો તમે રજા આપતા હો તો મારે એકવાર રાજનનું ઘર જોવું છે ! - ખેવના.'

હાય ! હું તો કેવી છું ? સાવ જ ભૂલી ગઈ મારા દુઃખમાં કે કોઈ બીજું પણ મારી જેમ જ... એને કોણ આશ્વસ્ત કરશે ? અરે ! એ તો જાહેરમાં રડી પણ નહીં શકે. અને છાનાખૂણે રડતી ખેવનાનાં આંસુ પણ કોણ... ?

એ સાંજે મેં એને પહેલી વાર જોઈ !

શાંત. સુંદર. પણ આંખો નીચે કાળાશ ઊભરી આવી છે. વાળમાં સરખું તેલ પણ ન નાખતી હોય એવા લુખ્ખા સુક્કા દેખાય છે. આ મારા દીકરા રાજનની લાગણી. એકમેક સામે જોઈ ફિક્કું હસ્યાં. કશું બોલ્યા વિના સમય પસાર

થતો રહ્યો. થોડી વાર પછી કહે, 'મારે એનો રૂમ જોવો છે.'

એ રૂમ એનો પણ હોત - આવતા વિચારને અટકાવ્યો. જુએ છે. પોતાની સ્મૃતિમાં રહેલી નોટ્સને સરખાવતી હોય એમ. અચાનક પૂછ્યું, 'અહીં, સચિન તેંડુલકરનું પોસ્ટર હતું તે ક્યાં ગયું ?'

મને ક્યાં કશી ખબર હતી, આ દિવસોમાં શું બન્યું એની ? પછીથી કુમારે કહ્યું ત્યારે ખબર પડી કે રાજનના કોઈ ફ્રેન્ડ જયને જોઈતું હતું તે એમણે આપી દીધું.

ખેવનાએ મને એક પેકેટ આપ્યું, 'મમ્મી આ તમે સાચવો. એણે મને લખેલા પત્રો છે. મારા ઘરે તો નહીં સચવાય. ક્યારેક મન થાય તો હું અહીં આવીને વાંચીશ. હું ફરી આવી શકું ને ?'

મેં એના માથે હાથ ફેરવ્યો અને છાતીએ વળગાડી. આટ-આટલા દિવસોથી છાતીમાં ભરાયેલો ડૂમો તૂટ્યો અને અમારી આંખો છલકી...

બીજી વાર આવી ત્યારે મેં કૉલેજ જવાનું શરૂ કરી દીધું હતું. કહે, 'તમે હમણાં જ આવ્યાંને ! ચાલો, આપણે કોફી પીએ. હું બનાવું કે તમે ? તમે જુઓ તો ખરાં, રાજને મને બરોબર શીખવ્યું છે કે કેમ ?' કહેતાં જાણે રસોડાથી પરિચિત હોય એમ ડ્રોઅરનું ખાનું ખોલ્યું અને રાજનને ગમતા કોફી બીન્સની બોટલ ઊંચકી !

આ છોકરી ! એ શું છે ? રાજન માટે શું હતી કે રાજન એના માટે શું હતો ? આટલી ઝીણી ઝીણી વાતો એકબીજાને કહેવાનો સમય ક્યાંથી મળ્યો ? અને એ આગળ વધવાના બદલે અહીં જ અટકી ગઈ છે ? હું ચોકી ઊઠી. એના હાથની કોફી પીતાં પીતાં પૂછ્યું, 'કેવું ચાલે છે ભણવાનું ?'

'પાસ તો થઈ જઈશ.'

'બસ પાસ ? રાજન તો કહેતો હતો, તને ઘર બનાવવાનો બહુ શોખ છે. આર્કિટેક્ટમાં નથી જવું ?'

મેં આ શું કર્યું ? એને બહાર કાઢવાને બદલે પાછી ધકેલી ? હું મને કંઈ સમજાઈ નહીં.

ખેવનાએ થોડા દિવસો પછી એના મોબાઈલ પર મેસેજ મને વંચાવ્યા.

તું ખૂબ સુંદર છે અને તારા મોઢા ઉપર હળવી સ્માઈલ પણ ખૂબ સુંદર લાગે છે.

'તેરે સંગ' ફિલ્મ જોઈ. એમાં માબાપ માટે એક સંદેશ છે. સંતાનોને પોતાની પ્રોપર્ટી નહીં સમજવાનાં, એમને બાંધી ન દેવાય. કઈ ઉંમરે પ્રેમ કરવો એ કુદરતે નક્કી કરવાનું છે, નહીં કે માબાપે. સંતાનો માટે પણ પ્રેમ સંદેશ છે. પ્રેમ થઈ જાય એ સ્વાભાવિક છે પણ કરિયરને પણ એટલું જ પ્રાધાન્ય આપવું, જેથી આપણી પાસે બતાવવા માટે કશુંક હોય.

પોઝિટિવ થિંકિંગ રાખ અને જલદી હાર ન માન.

મને કેમ તારી આટલી કાળજી કરવાનું મન થાય છે ? આને જ શું પ્રેમ કહેવાય ?

*મારો દીકરો ! એની આટલી અમથી ઉંમરે પ્રેમનો સાચો અર્થ પામી ગયો ? એક સાથે હું પીડા અને ગર્વથી છલકાઈ પડી. મન જ્યારે નીતરીને હળવું થયું, મેં ખેવનાને કહ્યું, 'આ જ તારું સાચું ઘર છે એમ માન, ગમે ત્યારે જરૂર પડે, એકલી ન માનીશ. ભલે રાજન ન રહ્યો, એની મા હજી બેઠી છે !'*

'મને રાજને આ પણ કહ્યું હતું મા. એક વાર જો મમ્મી તને સ્વીકારશે પછી તું જ પહેલી હોઈશ એમના માટે, હું પણ નહીં.'

✵✵✵

રવિવારની બપોરે અચાનક એ આવી ચઢી કહે, 'મમ્મી, ચલો બહાર જઈએ.'

હજી કુમારને ચા આપવાની પણ બાકી છે અને આ - કેવો આગ્રહ કરે છે ! મેં કુમાર સામે જોયું. એમણે આંખોથી જ સંમતિ આપી. એના એક્ટિવા પર બેસીને અમે નીકળ્યાં. ઠીક ઠીક દૂર, તળાવ, કાંઠે, મંદિરના પ્રાંગણમાં બેઠાં.

કહે, 'એ કાયમ મને અહીં લઈ આવતો. આ એની ખૂબ ગમતી જગ્યા. એ સતત બોલતો અને હું આંખોથી સાંભળતી. પછી હું સતત બોલતી ને એ સાંભળતો. પણ પછી અમે ચૂપ થઈ તળાવના હિલ્લોળાતાં પાણીને તાકી રહેતાં. તગતગતી બપોરનો તડકો ક્યારે સાંજના અંધકારમાં ફેરવાઈ જતો એનીય સૂધ રહેતી નહીં, એ તો મંદિરની ઝાલર વાગી ઊઠતી ને અમે ઊભાં થઈ, આરતી કરી પાછાં ફરતાં કદાચ કોઈક એવી જ સાંજે પપ્પાએ અમને જોઈ લીધાં હોય અને -'

'એ એક ચોખ્ખો અકસ્માત હતો. રોડ પર રેતી હતી, બાઈક એમાં જ સ્લિપ થઈ ગઈ હતી. તું કશો બોજ મન પર ન રાખ.'

'નથી રાખતી. પણ... પણ મન માનતું નથી !'

'મને પણ પહેલાં દીકરાને બાઈક લઈ આપ્યાનો અપાર રંજ હતો. આજે તો એ જરાક અમસ્તો પણ હતો કે પણ નીકળી ગયો છે ! મારો દીકરો જીવ્યો છે, ભરપૂર ઊર્જા અને સંવેદનથી, પ્રેમ અને વિશ્વાસથી. જીવવાની ક્ષણે ક્ષણે એ સભર હતો અને બીજાને પણ પોતાનાં ચૈતન્યનો, ઊર્જાનો ચેપ લગાવતો, એમનામાં પણ જીવવાની આશા જગાવતો, જિંદગીને કેમ ચાહવી - એ શીખવતો હતો. ઊઠ ઊભી થા. આપણે પણ એની રીતે જીવીએ અને આ પીંજરામાંથી બહાર નીકળીએ.'

એ સાંજે હું અને ખેવના કોઈ જુદા સંબંધે બંધાયાં અને જિવાતા જીવનની ગતિ સાથે ફરીથી તાલ મેળવતાં થયાં.

✵✵✵

સ્વાતિબેન જાણે કે પાછાં પોતાની ભીતરથી બહાર નીકળ્યાં. દિવસોને જતાં ક્યાં વાર લાગે છે ? ખેવનાએ પણ આર્કિટેક્ટ જોઈન કર્યું અને પાસ પણ થઈ. માસ્ટર્સ કરવા સેપ્ટમાં એડમિશન લીધું છે. ફોન પર, વોટ્સએપ પર સતત, ક્યારેક થોડા સમયના અંતરાલથી સંપર્ક થતો રહે છે. મળે ત્યારે વર્તમાનમાં જ જીવે છે. - પણ પેલો એક સંબંધ જે થયો નહીં તે બંનેને જોડી રાખે છે.

કુમારભાઈએ આવી વરંડાની લાઈટ્સ ઓન કરી. ગરમાગરમ કચોરીની ડિશ નાક આગળ ધરતાં પૂછ્યું, 'એટલી બધી શું ખોવાઈ ગઈ હતી કે આ સુગંધે પણ તને ડિસ્ટર્બ ન કરી?'

'દીકરો તમારો.' કહેતાં કચોરીને બટકું ભર્યું. 'એકદમ સરસ છે. એ હોત તો તમારાં આંગળાં પકડીને કહેત કે હાથ-સોરી સોરી યે ઉંગલિયાં મુઝે દે દે ઠાકુર.' સ્વાતિબેનની આંખો ભરાઈ આવી.

'- અને શું કરે છે તમારી દીકરી ખેવના?'

'બોલો આવીને ઈર્ષ્યા? આજે જ મેસેજ આવ્યો છે, શનિ-રવિ આવવાની છે. એને ઊંબાડિયું ખાવું છે.'

'એને કેટલાં પચ્ચીસ તો થયાંને! ભણવાની સાથે જોબ પણ કરે છેને? તો એ એમ જ કરતી રહેશે કે -કંઈક આગળ વધશે?'

'હજી તો ભણે છે.'

'તો -?' કુમારભાઈના અવાજમાં રહેલી ધાર સ્વાતિબેનને વાગી. ત્યારે પણ એ ભણતાં જ હતાંને? હજી ક્યાં સુધી અટકીને રહેશે? આગળ વધવા છતાં જો વીતેલો સમયખંડ સાથ ન છોડે તો કેવી રીતે મુક્તપણે ઊડી શકાય?

એ જો ન છોડી શકે તો મારી શું ફરજ છે? સ્વાતિબેને પોતાને સવાલ કર્યો.

✱✱✱

સ્વાતિબેન શનિવારની રાહ જુએ છે. એ પહેલાં કરવાં જેવાં કેટલાંક કામ કરવા ઇચ્છે છે. છાતી પર પથ્થર રાખીને એ કરવું પડશે તો કરશે. સ્વાતિબેનને ખબર છે, ખેવના ઘરે આવશે એના કલાકમાં અહીં પહોંચશે. એને પૂછવા માટેના પ્રશ્નો પણ મનમાં વિચાર્યા છે પણ પૂછી શકાશે ખરા?

ખેવના છેવટે આવી પહોંચી. એવી જ શાંત, સુંદર પહેલેથી જ ઠરેલ હતી. તે વધુ ઠરેલ લાગે.

ખેવનાએ આપેલી મીઠાઈનું બોક્સ હાથમાં લેતા સ્વાતિબેને કહ્યું,

'આ મીઠાઈ અમે શી ખુશીમાં ખાઈએ? સેપ્ટનું કલ્ચર તો કહે છે બહુ એડવાન્સ છે! કોઈ મળી ગયું કે શું?'

'હા, પણ જેણે મને મુક્ત કરી એણે જ મને બાંધી રાખી છે. હું શું કરું? ખેવનાથી ડૂસકું મુકાઈ ગયું.'

'તમે પણ - તમે પણ મને મમ્મી - પપ્પાની જેમ છોકરો ને પરણવું ને એવી જ વાત કરવાનાં છો? તો પ્લીઝ મારે નથી ખાવું તમારું ઊંબાડિયું. હું આ ચાલી.....' કહેતા ખેવના રિસાઈને ઊભી થઈ.

'ભલે ન ખાઈશ. તારી મરજી, પણ હંમેશની જેમ આપણે એક વાર રાજનના રૂમમાં જઈ આવીએ?'

'હા, હવે તમે મુદ્દાની વાત કરી.'

રૂમમાં પ્રવેશતાં જ ખેવના ચોંકી ઊઠી. વર્ષોજૂના જૂના પડદા બદલાયા હતા. નવો રંગ ચમકતો હતો. જૂનાં પોસ્ટર્સ, ચિત્રો, લખાણ - કશું જ ન હતું. ખેવના સ્તબ્ધ નજરે ઘડીક રૂમ તો ઘડીક સ્વાતિબેન સામે જોઈ રહી. સ્વાતિબેને રાજનના પત્રોમાંથી એક પત્ર ઉઠાવી, સળ ખોલી વાંચવો શરૂ કર્યો.

'તને ખબર છે ખેવના, મારા રૂમની બહારના બગીચામાં પારિજાત, રાતરાણી, મોગરો - એમ જાતજાતનાં સુગંધી ફૂલોનાં છોડ-ઝાડ છે. સીઝન બદલાતી રહે એમ સુગંધ પણ. અને એમ બદલાતો રહે છે મારા રૂમનો રંગ જુદો, દરેકનો ચાર્મ જુદો. તું આવીશ પછી એમાં તારો પણ રંગ ઉમેરાશે.'

થોડુંક અટકી સ્વાતિબેને પૂછ્યું, 'બીજા પત્રનો અંશ વાંચું?' ખેવનાની ઇચ્છા જાણ્યા



વિના જ સ્વાતિબેને વાંચવાનું શરૂ કર્યું. એક, એકથી વધુ પત્રો - જેમાં રાજને પોતાની બદલાતી રસ-રુચિની વાતો લખી હતી. પછી એ કપિલ દેવ કે સચિનના ગમવાની વાત હોય કે વેઢમીના બદલે ગમતી બંગાલી મીઠાઈની વાત.

પત્રો વાંચતાં સ્વાતિબેન અટક્યાં. થોડી વાર કહ્યું, 'વિચાર. માત્ર એટલું જ આજે હું ઇચ્છું છું અને એમ કરવાથી તું મારી, આ ઘરની કે રાજનની મટી નથી જવાની.'

સ્વાતિબેને ખેવનાનાં આંસુ લૂછ્યાં અને પૂછ્યું, 'તું આમ એકલી દુઃખી જીવતી હોય એ આપણા રાજનને ગમે ખરું? એની ઊર્જાએ તને જીવન પ્રત્યે અભિમુખ કરી. આગળ વધવાનો અર્થ માત્ર અભ્યાસ કે એવી અંગત બાબતોમાં જ આગળ વધવું એવું નથી. સર્વાંગે વિકસવું.'

'હા, પણ જેણે મને મુક્ત કરી એણે જ મને બાંધી રાખી છે. હું શું કરું? ખેવનાથી ડૂસકું મુકાઈ ગયું.'

'જે બાંધે છે એ જ મુક્ત કરે છે. વિચાર, તું જીવનમાં આવતી વસંત તરફ આંખ મીંચી રાખીશ તો તને ક્યારેય એ દેખાશે નહીં. જે મળે છે એના તરફ જો. એને પરખ, એમ કરતાં કરતાં જ તને ક્યારેક રાજનથીયે વધુ બહેતર મળી શકે છે.'

'પણ તમે કેમ આમ મને મુક્ત કરો છો?'

'હું તને મુક્ત નથી કરતી દીકરી. આજે હું તારી મા જેમ વિચારું છું અને અમર મને મળ્યો ન હોત, હું આજે પણ તારી થનાર સાસુની ભૂમિકામાં જ હોત.'

'કોણ અમર?'

એય છે મારા રાજન જેવો. તારી જેમ, ગમતું ઊંબાડિયું ખાવા એ પણ આવવાનો છે. મારો કશો આગ્રહ નથી, પણ જો તું એને એક વાર મળીશ તો અમને, મને અને કુમારને - બેયને ગમશે. તું મળીશને? દિલથી હા-ના કહે.'

દીકરીની મા જેમ સ્વાતિબેન આશાભરી નજરે ખેવનાને તાકી રહ્યાં.

✱✱✱



# દાદીમા

☐ ખુશવંત સિંહ

બધાના દાદીમાની જેમ જ મારાં દાદીમા પણ ઘણા વૃદ્ધ હતાં. છેલ્લા વીસ વરસથી હું એમને એવાં ને એવાં જોયા કરું છું. કરચલિયાળા ચહેરાવાળાં, લોકો પાસેથી સાંભળ્યું હતું કે ક્યારેક એ યુવાન હતાં અને અતિ સુંદર પણ. એમના એક પતિ પણ હતા, પણ મારે માટે તો વિશ્વાસ કરવો પણ અશક્ય. મારા દાદાજીનો એક ફોટો બેઠકખંડમાં ટાંગેલો રહેતો. એમણે મોટી પાઘડી બાંધી રાખી હતી. ઢીલાંઢાલાં કપડાં પહેર્યાં હતાં. એમની શ્વેત લાંબી દાઢી એટલી બધી લાંબી હતી કે તે છાતી સુધી આવતી હતી. સોની આસપાસના એ લાગતા હતા. એવું નો'તું લાગતું કે એમનાં બાળબચ્ચાં પણ હશે. તેઓ તો એવા દેખાતા હતા, જાણે કે હજારો પૌત્રોપૌત્રીઓના દાદાજી ન હોય. મારાં દાદીમા યુવાન હશે અને અતિ સુંદર પણ હશે એ વિચાર જ ભડકાવી દેનારો લાગતો હતો.

દાદીમા અમને વારંવાર કહ્યાં કરતાં હતાં, બાળપણમાં તેઓ કઈ કઈ રમતો રમતાં હતાં. એ વાત સાંભળવામાં ઢંગધડા વિનાની લાગતી હતી. એમના જેવાં વૃદ્ધ સન્નારી માટે અશોભનીય પણ. અમને તો એ બધું પેગંબરો - નબીઓની વાર્તાઓની જેમ કાલ્પનિક જ લાગતું હતું.

અમે એમને હંમેશાં આવાં ને આવાં જ જોયાં છે. ઠીંગણા, સ્થૂળ અને સહેજ વાંકાં વળેલાં. ચહેરો કરચલિયાળો. આડીઅવળી ત્રાંસી લીટીઓથી ભરેલો. અમને તો પાકી ખાતરી હતી કે તેઓ વરસોથી આવાં ને આવાં જ હશે. વૃદ્ધ, અતિ વૃદ્ધ, એટલાં બધાં વૃદ્ધ કે આથી વધુ વૃદ્ધત્વ એમના હાથની વાત જ નહોતી. છેલ્લાં વીસ વરસથી તો અમે એમને આવાં ને આવાં જોતા આવીએ છીએ. અતિ સુંદર ? ના, ના. અતિ સ્નેહાળ ચોક્કસ હતાં.

તેઓ હંમેશાં શ્વેત વસ્ત્રો જ પહેરતાં. વાંકાં વળી ગયેલાં હોવાને કારણે તેમનો એક હાથ કમર પર ટેકવેલો રહેતો. બીજા હાથમાં રામનામની માળા રહેતી. માળાના મણકા ફેરવતાં ફેરવતાં તેઓ આખા ઘરમાં ફર્યા કરતાં. ચાંદી જેવી ચળકતી લટો એમના પીળા કરચલિયાળા ચહેરા પર આમતેમ વિખેરાયેલી રહેતી. કોણ જાણે કઈ પ્રાર્થનાના શબ્દોથી તેમના હોઠો હંમેશાં હલ્યા કરતા હતા.

દાદીમાની સાથે મારે ખાસ દોસ્તી હતી. મારાં માતાપિતાએ જ્યારે શહેરમાં રહેવા જવાનો નિર્ણય કર્યો ત્યારે તેઓ મને દાદીમાં પાસે મૂકતા ગયાં હતાં. તેઓ મને વહેલી સવારે જગાડી દેતી અને સ્કૂલે જવા માટે તૈયાર કરતી. મને નવડાવતી વખતે તેઓ પોતાની સવારની પ્રાર્થના મને ગાઈ ગાઈને સંભળાવતી. જેથી હું પણ એ પ્રાર્થના ગાઈ ગાઈને મોઢે કરી લઉં. પ્રાર્થના હું સાંભળતો તો ખરો, કેમ કે એમનું ગળું સરસ હતું. મીઠા રાગે એ ગાતાં હતા. પણ પ્રાર્થના મોઢે કરવાની બાબતમાં મને કંઈ ખાસ રસ ન પડ્યો.

મારી સ્લેટ તેઓ અગાઉથી જ લૂછી કરીને સ્વચ્છ રાખતા હતા. સાથોસાથ માટીનો ખડિયો અને કિત્તો પણ મારા કોળિયામાં મૂકી દેતા હતા. સાંજની વધેલી એક જાડી રોટલી પણ માખણ ચોપડીને, તેની ઉપર ખાંડ ભભરાવીને, તેઓ મને ખવડાવતાં. પછી સ્કૂલે મૂકવા આવતાં. પોતાની સાથે તેઓ સાંજની વધેલી રોટલીઓ પણ લઈ લેતાં અને ગામનાં કૂતરાંને બટકાં કરી કરીને ખવડાવતાં.

તેઓ મને દરરોજ મારી સ્કૂલ સુધી મૂકવા આવતાં તેનું એક કારણ એ પણ હતું કે મારી સ્કૂલ ગુરુદ્વારની પડખે જ હતી. ગુરુદ્વારવાળા ભાઈ (પૂજારી) અમને કક્કો શિખડાવતા હતા. સવારની પ્રાર્થના પણ કરાવતા હતા. બાળકો વરંડામાં બંને બાજુ લાઈનમાં બેસીને કક્કો બોલતાં કે એક રાગે પ્રાર્થના કરતાં. એ દરમિયાન દાદીમાં ગુરુદ્વારની અંદર બેસીને ધર્મગ્રંથ વાંચ્યા કરતાં. જ્યારે અમે બંને અમારાં કામમાંથી પરવારતાં ત્યારે સાથે જ પાછા ઘરે આવતાં.

પાછા આવતી વખતે અમને ગુરુદ્વારની સામે જ ગામના કૂતરાં દેખાતાં, રોટલી માટે લડાલડી કરતાં, ભસાભસ કરતાં, અમારી પાછળ પાછળ અમારા ઘર સુધી આવ્યા કરતા.

જ્યારે મારાં માતાપિતા શહેરમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં ત્યારે તેમણે અમને પણ ત્યાં બોલાવી લીધાં. દાદીમા અને મારી દોસ્તી માટે આ એક નવો વળાંક હતો. આમ તો અમે અહીં પણ એક જ ઓરડામાં રહેતાં હતાં, પણ હવે તેઓ મને સ્કૂલે મૂકવા નહોતાં આવતાં. હવે હું બસમાં બેસીને અંગ્રેજી માધ્યમની સ્કૂલે જતો હતો. અહીં રસ્તા પર કૂતરાં નહોતાં. કદાચ એટલા માટે જ એમણે અમારા ફળિયામાં ચકલાંને ચણ નાખવાનો નવો રિવાજ શરૂ કર્યો હતો.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ એકબીજાની સાથેનો અમારો સંપર્ક ઓછો થતો ગયો. થોડો વખત તો તેઓ મને વહેલી સવારે ઉઠાડતાં અને સ્કૂલે જવા માટે તૈયાર પણ કરતાં. હું સ્કૂલેથી આવું ત્યારે મને પૂછ્યા કરતાં કે સ્કૂલમાં આજે શું શું ભણાવ્યું ? હું તેમને અંગ્રેજીના નવા નવા શબ્દો કહેતો. પશ્ચિમી જ્ઞાનવિજ્ઞાનને લગતી અનેક વાતો કરતો. ગુરુત્વાકર્ષણના નિયમો, આર્કિમિડિઝના સિદ્ધાંતો વિશે અને પૃથ્વી ગોળ છે તે વિશે પણ સમજાવતો. આ બધી વાતો સાંભળીને તેઓ હતાશ થઈ જતાં. આવી બાબતોમાં તેઓ મને ક્યાંથી મદદ કરી શકે ? અંગ્રેજી માધ્યમની

સ્કૂલોમાં ભણાવાતી વાતો વસ્તુઓમાં એમને શ્રદ્ધા નહોતા. અને આ વાત જાણીને તો તેઓ દુઃખી દુઃખી થઈ ગયાં કે અહીં ઈશ્વર અને ધર્મગ્રંથો વિશે તો કશું ભણાવતા જ નથી. એક દિવસ સ્કૂલેથી આવીને મેં કહ્યું કે અમારા અભ્યાસક્રમમાં સંગીતનો વિષય વ્યભિચાર સાથે જોડાયેલો છે. સંગીત તો ભિખારીઓ અને વેશ્યાઓની મિલકત છે. ખાનદાન કુટુંબના માણસોને એની સાથે શું લેવાદેવા ? એમણે સીધી રીતે તો મને કશું ન કહ્યું, પણ એમનું મૌન એમના મનની વાત કહી દેતું હતું. પછી તો એમણે મારી સાથે બોલવા કરવાનું પણ ઓછું કરી નાખ્યું.

જ્યારે હું કૉલેજમાં દાખલ થયો ત્યારે મને મારો એક અલગ ઓરડો મળી ગયો. દાદીમા સાથેની દોસ્તીની સાંકળ તૂટી ગઈ. દાદીમાએ પણ અનાસક્ત ભાવે બધું સ્વીકારી લીધું. હવે તેઓ આખો દિવસ રેંટિયો કાંત્યા કરતાં. ક્યારેક ક્યારેક જ કોઈની સાથે વાતો કરતાં. સવાર-સાંજ બસ રેંટિયો જ. સાથે સાથે પોતાની પ્રિય પ્રાર્થના બોલ્યા કરતાં. બપોરે જમીકરીને થોડો આરામ કરતાં. પછી ચકલાંને ચણ નાખતાં.

વરંડામાં બેઠાં બેઠાં તેઓ રોટલીનાં નાનાં નાનાં બટકાં કરીને ફળિયામાં નાખતાં ત્યારે ચકલાનાં ટોળેટોળા ઊમટી પડતાં. એમની ચારેબાજુ કૂદાકૂદ કરતાં. કેટલાંક એમના ખંભા પર તો કેટલાંક એમના પગ પર આવીને બેસી જતાં. તેઓ માત્ર હસ્યા કરતાં. કદી એમને ઉડાડતાં નહિ. એમને માટે દિવસની આ જ ક્ષણ વધુ ઉત્તમ સુખદ ક્ષણો હતી. એમનો આ કાર્યક્રમ લગભગ અડધા ક્લાક સુધી ચાલતો.

જ્યારે મેં ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાનો વિચાર કર્યો ત્યારે મને એમ હતું જ દાદીમા એનો વિરોધ કરશે. મારે પાંચ વરસ સુધી વિદેશમાં રહેવાનું હતું. અહીં દાદીમાનો શું ભરોસો ? પણ દાદીમા સહેજે વિચલિત કે ભાવુક ન થયાં. તેઓ મને સ્ટેશન સુધી મૂકવા પણ આવ્યાં. જોકે એક શબ્દ પણ બોલ્યાં નહિ. ન તો કોઈ પણ પ્રકારના લાગણીવેડા બતાવ્યા.

સૂરજદાદા પોતાનાં છેલ્લાં કિરણો સમેટી રહ્યા હતા. અસ્ત થતા સૂર્યની છેલ્લી આભા એમના ઓરડાને ઝળાંહળાં કરી રહી હતી. ફળિયામાં ગયા. ત્યાં જે દશ્ય જોયું તે જોઈને ત્યાં જ થંભી ગયા. વરંડાથી માંડીને ઓરડા સુધી, જ્યાં એમનું પાર્થિવ શરીર પડયું હતું ત્યાં સુધી, હજારોની સંખ્યામાં ચકલાં બેઠાં હતાં, ક્યાંય કશો અવાજ નહિ, શોરબકોર નહિ, એકદમ શાંત, નીરવ

માત્ર એમના હોઠો પ્રાર્થનાને કારણે હલ્યા કરતા હતા. એમનું મન પ્રાર્થનામાં જ લીન હતું. આંગળીઓથી માળાના મણકા ફેરવ્યા કરતાં હતાં. પછી ચૂપચાપ મારે કપાળે હાથ ફેરવ્યા. પછી વહાલથી બચી કરી. વિદાય થતાં થતાં એ લાગણીભીના ચહેરાને જ મેં મારી અંતિમ ભેટ માની લીધી હતી.

પણ એવું બન્યું નહોતું. પાંચ વરસ પછી હું જ્યારે પાછો આવ્યો ત્યારે દાદીમા મને સ્ટેશને લેવા આવ્યાં હતાં. એ બિલકુલ એવાં ને એવાં હતાં, જેવા હું એમને જોઈને ગયો હતો. એમણે મને પોતાની છાતીસરસો ચાંપી દીધો. હોઠો પર પેલા જ ચિરપરિચિત પ્રાર્થનાના શબ્દો. હું પાછો આવ્યો તેનો એ પ્રથમ દિવસ હતો, પણ દાદીમા માટે તો દિવસની ઉત્તમમાં સુખદ ક્ષણો ચકલાંને ચણ નાખવી તે જ હતી. આજે પણ. આજે એમણે જરા વધુ સમય સુધી અને વધુ ઉમળકાથી દાણા નાખ્યા કર્યા.

સાંજે એકાએક એમાં થોડો ફેરફાર થયો. આજે એમણે પ્રાર્થના ન કરી. આડોશપાડોશની સ્ત્રીઓને બોલાવીને, એ જ જૂનું ઢોલક પર તાલ આપતાં રહ્યાં અને યોદ્ધાઓ જ્યારે ઘરે આવે છે તેવાં ગીતો ગાતાં રહ્યાં. અમે એમને માંડ માંડ સમજાવી શક્યા. ગીતો ગાવાનું બંધ કરાવી શક્યા. જેથી તેઓ થાકી ન જાય.

બસ, એ જ એક પહેલો મોકો હતો જ્યારે મેં એમને પ્રાર્થનાથી વિમુખ થતાં જોયાં હતાં.

બીજે દિવસે તો તેઓ માંદાં પડી ગયાં. તાવ આમ ખાસ નો'તો. ડૉક્ટરે કહ્યું પણ ખરું કે ચિંતા જેવું નથી, પણ દાદીમાં કંઈ જુદું જ વિચારતાં હતાં. એમણે અમને કહી દીધું - હવે જવાનો સમય થઈ ગયો છે. એમણે અમને કહ્યું કે જીવનના અંતિમ અધ્યાયના શેષ થવા પહેલાં તેઓ પ્રાર્થનાથી વિમુખ થયાં છે. હવે તો તેમને અમારી સાથે વાતો કરીને એક ક્ષણ પણ વેડફવાનું ઉચિત નહોતું લાગતું.

અમે ના પાડી છતાં તેઓ પથારીમાં સૂતાં સૂતાં જ માળાના મણકા ફેરવતાં ફેરવતાં પ્રાર્થનામાં લીન બની ગયાં.

અમને ખબર જ ન પડી કે પ્રાર્થના કરતા તેમના હોઠો અચાનક બંધ થઈ ગયા છે. માળા નિર્જીવ આંગળીઓમાંથી સરકીને નીચે પડી ગઈ. એક શાંત છાયા એમની મુખાકૃતિ પર લીપાઈ ગઈ. અમને ખ્યાલ આવી ગયો. હવે તેઓ આ દુનિયામાં નથી.

અમે તમને નીચે ઉતાર્યાં. પછી જમીન પર સૂવડાવી દીધાં. એમના મૃત શરીર પર લાલ કફન ઓઢાડ્યું પછી એમની અંત્યેષ્ટિની તૈયારી કરવા લાગ્યા.

સૂરજદાદા પોતાનાં છેલ્લાં કિરણો સમેટી રહ્યા હતા. અસ્ત થતા સૂર્યની છેલ્લી આભા એમના ઓરડાને ઝળાંહળાં કરી રહી હતી. ફળિયામાં ગયા. ત્યાં જે દશ્ય જોયું તે જોઈને ત્યાં જ થંભી ગયા. વરંડાથી માંડીને ઓરડા સુધી, જ્યાં એમનું પાર્થિવ શરીર પડયું હતું ત્યાં સુધી, હજારોની સંખ્યામાં ચકલાં બેઠાં હતાં, ક્યાંય કશો અવાજ નહિ, શોરબકોર નહિ, એકદમ શાંત, નીરવ. એ જોઈને મારું હ્રદય ભરાઈ આવ્યું. મારી મા થોડી રોટલી લઈ આવી. દાદીમાની જેમ જ એમણે રોટલીનાં નાનાં નાનાં બટકાં કર્યાં. પછી ચકલાં તરફ ફેંક્યા. પણ ચકલાંઓએ એ તરફ જોયું પણ નહિ. જ્યારે અમે દાદીમાના શબને ઊંચકીને ચાલવા લાગ્યા ત્યારે તમામ ચકલાં ધીમે ધીમે, એકદમ મૌન, મૂક બનીને ઊડી ગયાં. જમાદારે બીજે દિવસે રોટલીનાં બટકાંને સાવરણીથી વાળીને ટોપલીમાં નાખી દીધાં.

✱✱✱

# રક્ત

☐ ગિરીશ ભટ્ટ



પ્રથમ મુલાકાતનું નિમિત્ત એક મૃત્યુ થયું હતું. ચાલીસ વર્ષની સરિતા લગભગ ઓફિસ બંધ થવાના સમયે આવી હતી. સફેદ વસ્ત્રોમાં હતી, ઉદાસ હતી. ચાલમાં ઉતાવળ હતી. ખ્યાલ હશે સમયનો. 'આવું સર?' એવો વિનય દાખવતી અંદર પ્રવેશી હતી.

ખુરશી પર બાવન વર્ષના ગજાનનભાઈ કશુંક વિચારી રહ્યા હોય એવી મુદ્રામાં બેઠા હતા. કોઈ પણ ક્ષણે ઓફિસ છોડી દેવાના હતા.

સહકર્મચારીઓ તો નીકળી ચૂક્યા હતા, નીકળી રહ્યા હતા પણ તે બેઠા હતા. કશી ઉતાવળ નહોતી.

પેલી સ્ત્રીનું આગમન તેમને ગમ્યું હતું, કારણ કે તેમનું ગમન વિલંબિત કરવાનું હતું.

'સર, મોડી છું પણ શું થાય, એકલી છું.' પ્રસ્તાવનામાં ક્ષમાયાચના હતી. પહેલા વાક્યે અસર કરી હતી; ઓહ ! આ સ્ત્રી એકલી હતી. તેમના જેવી જ .... એકલી'.

ને ગજાનનભાઈ બોધવાક્ય બોલ્યા હતા; 'આ દુનિયામાં આપણે બધા એકલાં જ છીએ. બેસો....'

ને સરિતા ધબ કરતી બેસી ગઈ હતી. આંખો ભીની થઈ હતી ને રૂમાલ શોધી રહી હતી. આવા વહેવારાની તો અપેક્ષા જ ના હોયને ? તે ગદ્‌ગદ્ થઈ ગઈ હતી.

'બોલો....' એકાકારી શબ્દ પણ કુમાશથી બોલાયો નહીં.

ને તે અક્ષરશઃ રડી પડી હતી.

હાથમાં થેલી હતી એટલે કારણ તો સ્પષ્ટ હતું. આ સ્ત્રીનું કોઈ સ્વજન મૃત્યુ પામ્યું હતું - પતિ, મા-બાપ... કોઈ પણ. ને તે એકલી હતી. આવા કામ - બેસણાની જાહેરાત આપવાના કામ માટે તો મોટે ભાગે પુરુષો આવે. તેમનો અનુભવ હતો. છેલ્લાં એક વર્ષથી તેઓ આ ટેબલ સંભાળી રહ્યા હતા.

નિત્ય સમાચારના અધિક્ષકે તેમને કેબિનમાં બોલાવીને કહ્યું હતું : 'ગજાનન, હવે મરણ વિભાગ સંભાળો. તમને આંખોની તકલીફ છેને ?' હા... તેમની જમણી આંખ નબળી હતી. ડૉક્ટર ગાર્ગીએ નિદાન કર્યું હતુંઃ 'રેટિના પર ડોટ્સ છે. શું કરો છો ? અખબારમાં છો ? નિત્ય સમાચાર ? સરસ. હળવું કામ કરવાનું. સમજ્યા ?'

કેવી કેવી કામગીરીઓ સંભાળી હતી ? પ્રમુખ સંપાદક ભટનાગરના સહાયક પણ રહેલા. કેટલો વિશ્વાસ હતો તેમના પર ? ગજાનન.. કૃષ્ણમેનન કી યુનો વાલી સ્પીચ, જવાહર કા કોલકાતાવાલા ભાષણ, મહાત્માજી કી નોઆખલી મુલાકાત....

બધું હાજર કરી દે.

તેમના પછી આવેલા મલિકને યંગ, સ્માર્ટની જરૂર હતી. એક પગથિયું નીચે જવાયું.

આંખો નબળી પડી. છેલ્લે પગથિયે પહોંચી જવાયું. આવી ગયો મરણ વિભાગ. બેસણાં, શ્રદ્ધાંજલિ અને મૃત્યુનોંધો.

લાવ્યા છો મૃત્યુનું પ્રમાણપત્ર, ફોટો લખાણ ? જુઓ, દશ સીસીમાં આવી જોઈએ. ફી લાવ્યા છો ? હા, ઊંચી ફી છે. પણ નિત્ય સમાચારનું સર્ક્યુલેશન કેટલું છે ? મૃત્યુ તો અનિવાર્ય છે. આજે આ લોકો, તો કાલે આપણે, સરસ આવશે ફોટો. જૂનો જ હોય. કોઈ મૃત્યુ સમયે ફોટો થોડો પડાવે ?

સતત એ જ વાતાવરણ. મૃત્યુની આસપાસ સમય પસાર કરવાનો.

એક વર્ષ થયું.

અહીં તો આટલી ભીડ, કોલાહલ પણ, એ પછી શું ? નરી એકલતા.

પુત્ર આકાશે કહેલું : 'પપ્પા, જોબ છોડી દો.'

તે ત્યારે પાર્ટટાઇમ જોબ કરતો હતો, અભ્યાસ પણ કરતો હતો.

તેમણે જોબ ચાલુ રાખી હતી; 'આકાશ, પછી સમય પસાર કરવાનો પ્રશ્ન થશે. શું કહે છે, સરયુ ? પૂછ તારી મમ્મીને.'

ઓફિસ છોડતી વખતે બધું યાદ આવી જાય. ચાહીને લાંબા રસ્તાઓ પસંદ કરે. ક્યાં જલદી ઘરે પહોંચવું હોય ? ઘરે પહોંચે ત્યાં વીશીનો છોકરો ટિફિન લઈને ઊભો હોય. શું હોય તેમાં ? ખબર જ હોય ગજાનનભાઈને. પ્રથમ, કોળિયા મનમાં ઉતારવા પડે, પછી મોંમાં.

'શાંત થાઓ...' તેમણે તે રડતી સ્ત્રીને સાંત્વના આપી હતી.

'દુઃખોય છે ને સુખોય છે. એમાં સંતુલન રાખીને જીવવાનું.' તે જાણે ઉપદેશક બની ગયા હતા. ને પેલી બોલી હતી. 'બા ગયાં. સાવ એકલી થઈ ગઈ.' ગજાનનભાઈ પાણી લઈ આવ્યા.

પછી થેલીમાંથી બધું નીકળ્યું. મૃત્યુનું પ્રમાણપત્ર, બેસણાનું સ્થાન, તારીખ, સમય અને નામ સરસ્વતીબહેન. સરસ રંગીન ફોટો.

ને પછી અહોભાવ : 'શું સરળ વ્યક્તિત્વ ? શિક્ષિકા હતાં. આજીવન શિક્ષિકા. કેટલા લોકોનાં જીવન સુધાર્યા ? ભેખધારી. ક્યારેય ટ્યુશનની લાલચમાં નથી પડ્યાં. મને તેમના સંસ્કાર મળ્યા.'

જૂના સહકર્મચારીઓ આવ્યા હતા સ્મશાનયાત્રામાં અને બેસણામાં આવશે.

ગજાનનભાઈને લાગ્યું કે તે કાંઈક સ્વસ્થ હતી. તેમની સાંત્વનાની અસર થઈ હોય તેમ લાગ્યું. જરા પ્રસન્ન થવાયું હતું.

તેમણે લખાણ મઠાર્યું હતું ને પૂછ્યું પણ હતું : 'બરાબર છે ને ? ને નીચેના લિખિતંગમાં

તમારું જ નામ ? સરિતાદેવી ! એય બરાબરને ?'

તેણે જરાક ઉચક મને જવાબ આપ્યો હતોઃ 'સર, એકલી સરિતા જ. મા હતાં, તે ગયાં. ઘરે ગજરાકાકી, મંજરી અને શાશ્વત છે, પરંતુ એ બધાં અજાણ્યાં. ગજાનનભાઈને રસ પડતો હતો. ખરેખર તો આને સાંભળવી ગમતી હતી.'

અને એથી જ તે પ્રશ્નો પૂછી રહ્યા હતા. સમય વહી રહ્યો હતો, પરંતુ તેમને એનું કશું નહોતું. બહુ બહુ તો ટિફિનવાળો છોકરો રાહ જોતો હશે.

છેલ્લે પૈસા ગણાયા, બે વાર ગણાયા. ભવાં ઊંચકાયાં : ''કેટલા આપ્યા તમે ?''

એક હજાર ઓછા હતા.

સરિતા ઓજપાઈ હતી : 'શું કરે તે ? લઈ આવે ?'

ને તેમણે પ્રશ્ન ઉકેલ્યોઃ 'અરે, હું ભરી દઉં છું. સરીતા. એમાં ઘરે જવાની કયાં જરૂર હતી ?'

'સર, આભાર આપનો. ઓશિંગણ છું તમારી.' સરિતા દ્રવિત થઈ હતી.

'અરે, તમે તો આત્મીય છો. જુઓ, એમ ના કહેશો કે એકલાં છો. ઈશ્વર સાથે જ છે. અને હવે તો હું પણ છું તમારી સાથે.'

પ્રથમ મુલાકાત ખરેખર તો સાંત્વના મુલાકાત હતી. સરિતા વિચારતી હતી. કે તે કેટલું પામી હતી. એક અજાણ્યા પુરુષ પાસેથી.

ગજાનન ટૂંકે રસ્તે ઘરે જતા હતા. પેલો છોકરો ચાલી ના જાય.

સરિતાના વિચારો ચાલતા હતા. અચાનક ઝબકારો થયો હતોઃ અરે હા, સરિતાનો અવાજ અદ્દલ સરયુ જેવો હતો ! ડિટ્ટો ટુ ડિટ્ટો ! કેમ યાદ ના આવ્યું ? ગમતું હતું તેને સાંભળવું. મન પ્રસન્ન પણ થતું હતું. આ કારણે ? હા, એમ જ. આ તો સરયુ મળી, સ્વરા બનીને !

પ્રથમ મુલાકાતની ફલશ્રુતિઓ હતી જ; સરિતા મળી હતી જે પણ એકલી હતી. એક સામ્યતા મળી હતી; તેનો અવાજ અદ્દલ સરયુના અવાજ જેવો હતો. તેમને જાણે કે મૃત સરયુ મળી હતી..

અને ત્રીજી વાત એ હતી કે સરિતા સાથે બીજી મુલાકાત થવાની હતી. પૈસા આપવા માટે તો તે આવી જ ને ? શું કહ્યું હતું ? 'સર, જેમ બને તમ જલદી ... તે આપી જશે.'

> 'અરે, તમે તો આત્મીય છો. જુઓ, એમ ના કહેશો કે એકલાં છો. ઈશ્વર સાથે જ છે અને હવે તો હું પણ છું તમારી સાથે.'

ને તેમણે કહ્યું હતુંઃ 'ઉતાવળ ના કરશો. કેટલાં કામો હોય ? તે વળી તમે એકલાં, સરિતા !'

(૨)

સરિતા બે દિવસ પછી જ આવી હતી. સાંજે આવી હતી, પ્રથમ મુલાકાત વખતે આવી હતી એ કરતાં થોડી વહેલી આવી હતી.

ચહેરા પર હળવાશ હતી. સમય જતાં કોઈ પણ અસર થોડી ક્ષીણ બને.

આછું સ્મિત હતું, હાથમાં પર્સ હતું અને પર્સમાં પૈસા ! આપવા, ખરેખર તો પરત કરવા આવી હતી. 'સર...' સંબોધન ઝૂલ્યું હતું હોઠો પર. ને ગજાનન સંમોહનમાં ડૂબી ગયાઃ લો, સરયુ આવી. તે ખુશ થઈ ગયા.

ના, કોઈ નહોતું. મરણ વિભાગની કામગીરી કદાચ પૂરી થઈ હતી, નોંધો, કુલ રકમ ને જાહેરાતોનો થપ્પો અબ્દુલ સાથે મોકલાઈ ગયો હતો. એમ પણ હોય કે સરિતા કદાચ, આવે ! ડાયરીમાં સરનામું લખાઈ ગયું હતું. ના, રકમ નહોતી લખી. આ શું ઉઘરાણી કરવાની હતી ? અરે, ના આવે તો પણ શું ? માણસે એવાં થોડાં કામો કરવાં જોઈએ જેમાંથી સુખ મળે.

'સરિતા, શી ઉતાવળ હતી ? ભાગી જવાના હતા ? તમારે અત્યારે કેટલાં કામો હોય ?' વિવેક દાખવ્યો તેમણે.

'બેસણું આટોપાયું ?' સહજ પૃચ્છા થઈ.

ને પેલી ઊછળી પડી હતીઃ 'સર, કેટલા લોકો ઘર શોધતાં શોધતાં આવ્યા ? બાની સુવાસ કેટલી હતી ? જૂના સહકાર્યકરો, છાત્ર-છાત્રાઓ, પડોશીઓ ! આનું નામ જીવતરની સાર્થકતા, અને એ ફોટો- જાહેરખબરમાં મૂક્યો હતોને એ, ક્યારે પાડ્યો હતો ખબર છે ?'

'સરસ્વતીબા નિવૃત્ત થયાંને ત્યારે મેં જ લીધેલો ! તેમનો નિવૃત્તિ પછીનો ગૃહપ્રવેશ; કેટલો હરખ હોય. કેટલી અનુભૂતિઓ હોય ? મેં એ ક્ષણને ઝડપી લીધી. સરસ છેને, સર ?'

'ના, એ પછી એકેય ફોટો નથી પાડ્યો. આ મને ચાલીસ થયાં ! બાનું પેન્શન મને જ મળશે.'

શાશ્વત એ જ કામમાં લાગી ગયો છે. મૃત્યુ અનિવાર્ય અને એ પછીનું આપણું જીવવું પણ અનિવાર્ય. ગજાનનભાઈ ચકિત થઈ ગયાઃ સરિતા તો ખાસ્સી અનુકૂળ થઈ ગઈ હતી! ખરેખર તેમને જ આવા અનુકૂલનની જરૂર હતી. ક્યાં ભૂલી શક્યા હતા સરયુને ?

અરે, ક્યારેક સાદ પાડતા હતાઃ 'સરયુ, આવ તો જરા.'

ને ત્યાં બોલાઈ ગયુંઃ 'સરિતા, જરા વિચિત્ર લાગશે પણ મારે તમને જણાવવું જ પડશે.'

ક્યારનાય સરિતાના સંવાદોમાંથી સરયુને માણી રહ્યા હતા, એ વાત કહી દીધી.

'સરિતા... એમ જ લાગતું હતું કે જાણે સરયુ આવી !' ને એમાંથી નવા પ્રશ્નો જાગ્યા હતા. 'કોણ સરયુ ? સર, તમારાં પત્ની ? શું નથી ? શું કહો છો ? વેરી સેડ. ક્યારે બન્યું હતું ? તો તમે એકલા ?'

તેના સ્વર ભીનો થયો હતો, થરથર્યો હતો. અને આંખોય ભીની.

તે રૂમાલ શોધવા લાગી હતી.

તેણે પહેલી મુલાકાતની વાત ગજરાકાકીને જણાવી હતીઃ 'કાકી, કયાં કશી ઓળખાણ હતી ? હજાર ભરી જ દીધા તેમણે ને કેટલી સાંત્વના આપી ? કેટલો રસ લીધો ? આત્મીયતા દેખાડી.'

ગજરાકાકીએ ઉચ્ચાર્યું હતુંઃ 'આવા માણસો છે એટલે તો દુનિયા ટકી હતી. શું નામ તેનું ?'

ક્યાં જાણતી હતી ?

અને તેને થયું કે અત્યારે પૂછી લેવું. ગજરાકાકી તો ભૂલી પણ ગયાં હોય, પરંતુ મંજરી તો જરૂર પૂછશેઃ 'હં... પછી શું નામ તેમનું ? પૂછ્યું તમે ?'

''જુઓ, જ્યાંથી પ્રારંભ કરવો જોઈએ એ કાર્ય અત્યારે કરું છું. મારે આપનું નામ પહેલાં જ પૂછવું જોઈએને ?' તે જરા હળવાશથી બોલી હતી.

અને ગજાનને ટેબલના ખાનામાં તેમનું જૂનું કાર્ડ શોધ્યું હતું, ભટનાગરના સમયનું. લખ્યું હતું - ગજાનન વેદ, સહાયક સંપાદક. નીચે સરનામું, ફોન નંબર ને ઉપર નિત્ય સમાચાર, લોગો અને પ્રશસ્તિ. માંડ પાંચ-છ કાર્ડ બચ્યાં હતાં.

વિદાય તો લેવાની હતી. ઊઠતાં ઊઠતાં પ્રશ્ન પૂછી નાખ્યો હતો: 'સર, શું કરો છો ભોજનનું ?' ગજાનને વિગતો આપી: 'વીશી છે નજીકમાં. સારું બનાવે છે. રાતે છોકરો આપી જાય છે. અને બપોરે તો નિત્ય સમાચારની કેન્ટીન છેને ?'

અને એમાંથી ત્રીજી મુલાકાતનું કારણ ઉદ્ભવ્યું હતું. સરિતા બોલી હતી: 'સર, તમને ભોજન માટે આમંત્રણ આપવું પડશે. મંજરી સરસ રસોઈ બનાવે છે. શું કહેવાય ? આંગળાં કરડી લો એવી ! પ્લીઝ, ના ન કહેતા.'

રસ્તામાં વિનોદ થયેલો: 'નામોમાં પણ કેવું બનતું હતું ? વિઘ્નહર્તા ગજાનનને કેટલાં વિઘ્નો હતાં ? સરયુ એટલે દૂર ચાલી ગઈ હતી કે જ્યાંથી પાછું ના ફરાય. બધાએ જવાનું છે - ત્યાં જ.'

અને હું સરિતા ! નદી ખરી પણ સ્થગિત ! મા માની હોત તો પરંતપને પરણી શકી હોત.

ક્યાં હશે તે ? કોઈ કોઈની રાહ જોઈને થોડું બેસી રહે ?

ગજાનનનાં વસ્ત્રો કોણ ધોતું હશે ? ત્રીજી મુલાકાતમાં બધું પૂછી લઈશ, સરયુ વિશે.

(૩)

ત્રીજી મુલાકાત ઠીક ઠીક સમય પછી ગોઠવાઈ હતી. સરયુએ ફોનથી આમંત્રણ પાઠવ્યું હતું: 'ભૂલી તો નથી ગયાને ? ગજરાકાકી તો ગઈ કાલે ગયાં. મંજરી છે, મારી ભત્રીજી. લખો સરનામું. છે ડાયરીમાં ? વાહ, સરસ. ભોજન અને ભજન. મંજરીનો કંઠ સરસ છે. સરયુબાળા વિશે પણ સાંભળવું છે.'

'તમને ભૂલી શકું ખરાં ? તમારો અવાજ તો મને છેક તે સુધી લઈ જાય છે. આવીશ સરિતા.'

ગજાનનનો ભાવુક સ્વર સંભળાયો હતો.

સરિતાને ગજરાકાકીના શબ્દો યાદ આવી ગયા: 'સરિતા, પરણી જા એ પુરુષને. પુણ્ય મળશે.'

મંજરી મલકી હતી: સુખ મળશે.

એ સાંજે ગજાનન આવ્યા હતા.

અવલોકન કર્યું ઘરનું: 'સરસ જગ્યા છે.'

સુખડના હારવાળો સરસ્વતીબહેનનો ફોટો જોયો, નમ્યા.

'તો આ મંજરી ?' તેની સામે જોઈને ચમક્યા.

મંજરીને થયું કે ફોઈ સાથે ગોઠવી શકાય. સારો માણસ હતો.

વાતો થઈ સરયુની: 'સરિતા, ભદ્રા હતી તે. કોઈ પીડા મારા સુધી પહોંચાડી ક્યાં હતી ? આકાશ યુકે ગયો, જેનાને પરણ્યો. એ કાંઈ ગમ્યું નહોતું પણ હસીને વિદાય આપી, આકાશ માટે કલ્પી રાખેલી જાહ્નવીને વિસારે પાડી.'

*ને એ રાતે ગજાનનનો ફોન આવ્યો હતો:'સરિતા...', સંબોધન એ જ હતું પરંતુ ઉત્સાહ નવો હતો.*

'બસ, ગમે છેને મારા આકાશને ?'

માંદી પડી, હોસ્પિટલાઈઝ થઈ ત્યારે એક જ વાત; ના જણાવશો આકાશને. જુઓ, ડોક્ટર પાસે જઈએ તો એક-બે રોગ તો મળવાના. કશું ના થાય.

'એક ચિંતા: ક્યાં જોયાં છે ગ્રહો કુંડળી ? સંતાનયોગ તો હશેને ?'

'સારી છે જેના' તે કહેતી પણ જોઈ હતી ફોટામાં. ઘરમાં બે માણસો અને પડછાયા.

'સરયુ માંદી હતી ને ત્યારે જેના પ્રેગ્નન્ટ. ને સરિતા, એ ખબર કેટલી મોડી મળી ? એ લોકો કેટલા બિઝી ? ખબર આવ્યા ત્યારે સરયુ ક્યાં રહી હતી ?'

સરિતાની આંખો ભીની થઈ હતી.

'આવ્યો હતો આકાશ. બે દિવસ રહ્યો ને ચાલ્યો પણ ગયો.'

ગજાનનભાઈ ખાલી થતા હતા.

પછી તેમણે રસાંતર કર્યું હતું: 'સરિતા, જેનાએ દીકરીને જન્મ આપ્યો. નામ પાડ્યું આશના. આશનાનો અર્થ શો ? તને ખબર છે, મંજરી ? શબ્દકોશમાં તો નથી. ભટનાગર સાથે કામ કરતો હતો ત્યારે શબ્દકોશની કેટલી જરૂર પડતી હતી ? તરત કહે - ગજાનન, રિફર ડિક્શનરી.'

સરિતાને ગજરાકાકીના શબ્દો સાંભર્યા હતા: 'સરિતા, પરણી જા તેને પુણ્ય મળશે.'

કોઈની પીડા હરવાનું પુણ્ય.

અને મંજરી કહ્યા મુજબ કોઈને સુખી કરવાનું સુખ.

મંજરીએ એક ગીત ગાયું હતું. સરિતા અને ગજાનને તેને બિરદાવી હતી. અને પછી ભોજન.

(૪)

બીજે દિવસે ગજાનનનો ફોન આવ્યો હતો: 'સરિતા, તમે કેમ ન ગાયું ? મારે તો તમને... !'

સરિતાને કેટલું સુખ મળ્યું હતું ? આવું સુખ તો દરેક સ્ત્રી ઝંખતી હોય.

તે દાઝેલો છે, પ્રેમભૂખ્યો છે, એકાકી છે.

સરિતા તેના વિચારોમાં હતી. પરંતપે પ્રસ્તાવ મૂકયો હતો. આ કેમ નહીં મૂકતો હોય ? ડર હશે કે સરિતા હસી કાઢશે ?

પૂછું મંજરીને કે શું કરવું ? તે પણ જવાની તૈયારી કરતી હતી. જાય તો ખરીને ? ઘર ને વર વિના કેટલો સમય રહે, રહી શકે ?

તેને પરંતપ સાથેનો સમય યાદ આવી જતો હતો. તે હજી પણ લીલીછમ બની જતી હતી.

અને ગજાનનના વિચારો પણ ક્યાં અળગા થતા હતા ? એક મૂંઝવણ થતી હતી. સંબોધન વિશે: સરનું સંબોધન અપ્રસ્તુત બની ગયું હતું અને ગજાનન કહીને સંબોધી શકતી નહોતી.

ને ગજાનનની જીભ તો પહેલેથી વળી ગઈ હતી: 'સરિતા, તમે કેમ ના ગાયું ? હું તો તમને... !'

થયું હતું કે એક દિવસ આમ જ ફોન આવશે: સરિતા, તમે મને પરણી શકો ખરાં ?

ક્રમશઃ પાના નં. ૩૮ ઉપર

અનુસંધાન પાના નં. ૩૭ થી

જુઓ, આપણે એક જ નાવના મુસાફર છીએ. બેય એકલવાયાં !

ને એ રાતે ગજાનનનો ફોન આવ્યો હતો:'સરિતા...', સંબોધન એ જ હતું પરંતુ ઉત્સાહ નવો હતો.

બેગમાં છેલ્લે નાખેલી ચીજો પહેલી બહાર આવે એવું થયું હતું.

'સરિતા... તારે નિત્ય સમાચારની જોબ કરવી છે ? હું કરું છું તે જ. સાવ સરળ છે. કહી દઉં ભાર્ગવસાહેબને ? નો વે, મારે તો છોડવી પડશે. જાઉં છું ને આકાશ સાથે ? કેવું અચાનક બની ગયું ? પાસપોર્ટ તો હતો. સરયુનો પણ હતો. સરિતા, તે નિમિત્ત બની. મુંબઈ જઈ આવ્યો પછી ક્યાંથી મળું ? વિઝા કઢાવવા પડેને ? અત્યારે વિઝિટર મળ્યા. કાયમી પણ મળી જશે. આકાશને ઓળખાણ છે.'

'સરિતા, કેવા લવલી ફોટાઓ છે આશનાના ? આશના નહીં સરયુ જ ! એંસી ટકા સરયુ ! હાવભાવ, અંગભંગી, આળસ મરડવી, દૃષ્ટિ, ચહેરો !'

આકાશે કહ્યું: 'મમ્મી આવી આ તો !'

'સરયુનો જીવ આકાશ-જેનામાં હતો, નવા બાળકમાં હતો. પ્રબળ ઇચ્છા શું નથી કરતી ? વાંચ્યું હતું ક્યાંક.'

'જવું પડેને સરયુ પાસે ! તેનું રક્ત ! ખુદ તે જ આવી ! આશના થઈને.'

ભાંગી પડેલી સરિતાએ લથડતે અવાજે કહ્યું હતું: 'સર, શુભેચ્છા.'

ફોન મુકાયો થોડા બબડાટ સાથે : 'રક્ત, સામે અવાજની શી વિસાત ?'

✱✱✱

# સાદર વંદના

**☐ કવિ દલપતરામ**



ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ સંત સમાય.

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય.

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત.

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળક્ષેમ.

આસપાસ આકાશમાં, હૈયામાં આવાસ
ઘાસ ચાસની પાસમાં, વિશ્વપતિનો વાસ.

ભોંયમાં પેસી ભોંયરે, કરીએ છાની વાત
ઘડીએ માનમાં ઘાટ તે, જાણે જગનો તાત.

ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ
ક્યાંયે જગકર્તા વિના, ઠાલુ ના મળે ઠામ.

જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર.

તારા સારા શોભતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તે રચ્યા, જબરું તારું જોમ.

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.

ઓ ઈશ્વર તમને નમું, માગું જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ.

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અમને, પાળો બાળ તમામ.

✱✱✱

# અમારા ભગવાન તો તમે જ

□ શરદ મણિયાર



અમે ચાર ભાઈ-બહેન, બે ભાઈ - બે બહેન, અને જ્યાં રહેતા હતા સાંતાક્રુઝમાં એ અમારી 'ડિસોઝા ચાલ'નો રૂમ નંબર પણ ચાર હતો. લગભગ ૧૫ વર્ષ એ ચાલમાં અમારું શૈશવ માણ્યું, મમ્મી - પપ્પા સાથે.

મમ્મી અમારી ઘરકામમાં અને અમારી દેખભાળ કરવામાં સદાય વ્યસ્ત રહેતી, તો પપ્પા અમારા સવારે કામે નીકળે ત્યારે હું અને મારી મોટી બહેન કદાચ તેમને તૈયાર થવામાં અને એમની ઓફિસ બેગમાં એમના સર્વે કામના કાગળિયાઓ જે એમણે રાત્રે કાઢ્યા હોય એ ભરવામાં મદદરૂપ થઈએ ખરા, પણ રાત્રે જ્યારે તેઓ પાછા ફરે ત્યારે અમને જાગતા ન જોઈ શકે એટલા વ્યસ્ત રહેતા.

ભાઈઓમાં હું મોટો હતો એટલે મને પપ્પા હંમેશાં 'મોટો' અને મારી મોટી બહેનને 'મોટી' કહીને સંબોધતા રહ્યા, ઠેઠ સુધી.

નાના ભાઈ-બહેન હજુ ઘણાં જ નાના હોવાથી પપ્પાનો મારી સાથે મુક્તપણે વાતચીતનો વ્યવહાર થોડો વધુ હતો અને એના ફળસ્વરૂપે પપ્પાનું લક્ષ કદાચ મારા પ્રત્યે થોડું વધારે હતું અને એટલે જ એમના જીવનની એક અતિ મહત્ત્વની 'મન કી બાત' જે એમણે મને કહી હતી એ આજે પણ પડઘા રૂપે મારા કાનમાં સતત અથડાયા કરે છે.

બન્યું એવું કે એ વર્ષે લગભગ હું નવમા કે દસમા ધોરણમાં અભ્યાસ કરતો હોઇશ, અને છેલ્લા લગભગ ત્રણ-ચાર વર્ષથી સ્કૂલના વેકેશનમાં ક્યાંક બહારગામ જવાની રટ લગાવીને તેમની માનસિક તાણમાં સતત વધારો કર્યા કરતો હતો. છેવટે પપ્પાએ શરતી શરણાગતિ સ્વીકારીને અમને એક તીર્થસ્થાનમાં લઈ જવા માટે ઓફિસમાંથી ટૂંકી રજા અને સ્પેશિયલ લોન મંજૂર કરાવી લીધી. તે તીર્થસ્થાને લઈ જવા પાછળનો એમનો ઈરાદો અમારા સૌ ભાઈ-બહેનોમાં ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ અને અતૂટ શ્રદ્ધાની વૃદ્ધિ કરાવવાનો હતો, અને તે સાથે ઓછા ખર્ચે ક્યાંક ફરી આવ્યાનો અમને આનંદ પણ પમાડવાનો હતો.

અમે આમ તો એવા આસ્તિક તો ન હતા પણ સાવ નાસ્તિક પણ ન હતા. ઈશ્વર પ્રત્યેના અમારા આદર અને સદ્ભાવ ભલે એટલા સશક્ત ન હતા પણ પપ્પાની પરિસ્થિતિનો અનાદર કરીએ એટલા અણસમજુ પણ ન હતા, એટલે સસ્મિતે અમે પણ પપ્પાના આ આયોજનને સ્વીકારીને જાણે એમને અભિકૃત કર્યા, મમ્મી પાસે અન્ય કોઈ વિકલ્પ ન હતો.

છેવટે એક નિર્ધારિત તિથિએ રાત્રી ટ્રેનની મુસાફરી ખેડી અમે વિરમગામ સ્ટેશને અર્ધનિદ્રામાં ઉતર્યા ત્યારે અમારી નાની બેનને પપ્પાએ તેડી અને નાનાને મેં તેડ્યો હતો એટલે સામાન ઊંચકવા માટે કૂલી કરવો પડ્યો અને પપ્પાના ખિસ્સામાં પડેલા ટૂંકા પૈસાને પણ પાંખ આવવાની શરૂઆત થઇ ચૂકી હતી. ઓછા પગાર ઉપર લીધેલી લોન, એટલે પૈસાને જીવ કરતાં વધારે જતનથી સાચવવાનું ચિંતન પપ્પાના ચહેરા પર ઊપસેલું મને સાફ દેખાઈ રહ્યું હતું.

સ્ટેશનની બહાર ઊભેલી એસ.ટી. બસમાં સવાર થઈ અમે શંખેશ્વર પહોંચ્યાં અને સદ્ભાગ્યે એક સારી ધર્મશાળામાં અમારા આગામી પાંચ દિવસના ઉતારાનું બુકિંગ થઈ ગયું, અને શરૂ થઈ ગયો અમારા વેકેશન ગાળવાનો એક અદ્ભુત અનુભવ.

દરરોજ સવારે વહેલા ઊઠીને પ્રભુની સેવાપૂજાનો લાભ લેવાનું, બપોરે ભોજન-શાળામાં જમવાનું, પછી રૂમ પર આવીને થોડીવાર ''આડા'' પડવાનું અને સાંજે બજારમાં આંટો મારીને પછી ચૌવિહાર કરીને રાત્રે ભાવના (ભજનસંધ્યામાં) માં બેસવાનો અમારો આ ક્રમ અમને એક વિશેષ આનંદની અનુભૂતિ કરાવી રહ્યો હતો.

ત્રણ દિવસ સુધી તો આ બધુંય રાબેતા મુજબ ચાલી રહ્યું હતું, એટલે એક ભરબપોરે જ્યારે અમે ભોજનશાળામાં જમીને અમારી રૂમ પર પાછા ફર્યા અને સૌ આડા પડ્યા ત્યારે કદાચ થોડી વારમાં જ નિદ્રાધીન થઈ ગયા હશું, પણ ત્યાં જ અમારી રૂમના દરવાજાના ખુલવાના અને ફરી બંધ થવાના મંદ અવાજે મને સફાળો બેઠો કર્યો. હું તરત જ કળી ગયો કે આ તો પપ્પાના બહાર જવાનો અવાજ હતો, પણ મૂંઝારો એ વાતનો થયો કે રોજ નક્કી કર્યા મુજબ બપોરે જમ્યા પછી થોડી વાર આરામ કરવાનું મૂકીને આમ ધૂમ તાપમાં પપ્પા કયાં અને શા માટે ગયા હશે પણ હું એમ ત્વરિત ઊભો થઈને એમની પાછળ જવાની ચેષ્ટા કરું તો કદાચ મારા આ કૃત્યથી મમ્મીને પણ ઊંઘમાં ખલેલ પહોંચે અને મારા ભાઈ બહેનો કદાચ જાગી જાય, એટલે એ આશયે હું જેમ હતો તેમ જ પડ્યો રહ્યો અને ક્યારે નિદ્રાધીન થઈ ગયો એની ખબર જ ન પડી.

બાદ સમી સાંજે જ્યારે પપ્પાના અવાજના પડઘાએ મને નિદ્રામુક્ત કર્યો ત્યારે બધા જાગી ગયા હતા એટલે હું પણ કચવાતા મને સાંજે બજારમાં ટહેલ મારવા ઊભો થયો, પણ પપ્પાના ભેદી આવાગમનનો

મૂંઝારો મારા અણસમજુ મનને હજુ પણ વલોવી રહ્યો હતો, અને રસ્તામાં એક બે વાર પ્રશ્નાર્થ ચિહ્નને પપ્પાના ચહેરાને ટંટોળીયો પણ નિરુત્તર એવા એ ચહેરા પર મને કોઈ ચિંતાના ચિહ્નો ઉપસેલા જરૂર નજર આવી રહ્યા હતા..

પછી એક દુકાનમાં થોડુંક ખરીદી કરવા અમે ઊભા રહ્યા જ્યાં ફક્ત લેડીઝ આઈટમો જ ઉપલબ્ધ હતી અને કદાચ મમ્મીને અને બહેનોને કંઈ અપાવવાની ઇચ્છાએ પપ્પા અમને ત્યાં લઈ ગયા હશે, અને એટલે જ અમને સૌને એ દુકાનમાં પ્રવેશ અપાવી તેઓ બહાર જઈને દુકાનના ઓટલે બેસી ગયા.

આમ પણ મને એ લેડીઝ આઈટમો જોવામાં કે લેવામાં કોઈ રૂચિ તો હતી જ નહીં અને મને લાગ્યું કે કદાચ આજ મોકો છે પપ્પાના આજના વર્તાવનો ભેદ જાણવાનો. એટલે મારા નાના ભાઈને 'ચાલ તને કાંઈ બીજું બતાવું' એમ કહીને અમે બંને ત્યાંથી બહાર સરકી ગયા. નાનાને એક રમકડાની દુકાને રમકડાં જોવાના કામે લગાડી દીધો અને હું પપ્પાની સમીપ ગોઠવાયો અને સીધો પપ્પાને સન્મુખ થયો, "પપ્પા શું વાત છે, તમે આજે થોડા ચિંતામાં કેમ જણાવ છો'?

મારા આકસ્મિક અને સીધા શાબ્દિક હુમલાથી તેઓ તૈયાર નહોતા એટલે થોડા વિચલિત તો થયા પણ પોતાનું મનોબળ જાળવવાના નિષ્ફળ પ્રયાસ રૂપે તેમણે આપેલ 'કાંઈ નથી મોટા, ખાલી એમ જ' ઉત્તરના મારા પ્રત્યુતરે તેમને વધુ મૂંઝવી દીધા, ''તો આજે ભરબપોરે તમે જમ્યા પછી આરામ કરવાને બદલે ક્યાં અને શા માટે જતા રહ્યા, એ પણ કોઈને કંઈ કહ્યા વગર? શું મમ્મીને પણ તમે જણાવ્યું ન હતું''? ''અ..અ..., ના મોટા, મમ્મીને પણ જણાવ્યું નહોતું'' પપ્પાએ થોડીક શરણાગતિ તો સ્વીકારી, પણ મારે તો એમની સમસ્યાના જડ સુધી જવું હતું, એટલે મેં હવે મોટો વાર કર્યો, ''પપ્પા અહીંના પારકા ગામમાં તમે આમ અચાનક એકલા કોઈ મુસીબત સામે લડવા સજ્જ થાવ અને અમને એની જાણ પણ ન કરો તો શું અમે એટલા પારકા થઈ ગયા?

**અને હવે તેઓ કોઈપણ જાતના પ્રતિકાર વિના મારો હાથ દાબીને જે બોલ્યા એ મારા માટે જીવનમાં ક્યારેય ન વિસરાય એવી ઘટના બની ગઈ**

''જો મોટા, આ વાત તારા પૂરતી જ રાખજે અને મમ્મીને તો એની જરાસરખી પણ ભનક ન પડવી જોઈએ, નહિતર એ બિચારી બેબાકળી બની જશે''.

મેં પણ હુંકારમાં મારી સંમતિ આપી અને પપ્પા આગળ વધ્યા,

''મોટા, મને ગઈકાલે અડધી રાત્રે છાતીમાં સખત દુખાવો ઉપડ્યો અને થોડી અકળામણ પણ થવા લાગી એટલે હું તરત જ રૂમની બહાર આવી ગયો અને લગભગ એકાદ કલાક ખુલ્લામાં બેસી રહ્યો તો થોડીક રાહત તો થઈ, દુખાવો પણ ઓછો થયો એટલે પાછો હું રૂમમાં આવીને સૂઈ ગયો. સવારે સેવાપૂજા કરવા આપણે જ્યારે દેરાસર ગયા ત્યારે પણ દેરાસરની અંદર અને પછી ભગવાનનાં ગભારામાં દાદાની પૂજા કરતા કરતા ફરી પાછું મને થોડી ગભરામણ થવા લાગી એટલે પૂજા અધૂરી મૂકીને હું બહાર આવી ગયો. પાછો થોડીકવાર ખુલ્લામાં બેઠો તો થોડી રાહત તો જણાઈ પણ દુખાવો તો થયા જ કર્યો, એટલે મને કોઈ અણધારી મુસીબતના આગમનનો પ્રતિભાસ થવા લાગ્યો એટલે આજે બપોરે જમ્યા પછી તરત જ આપણી ધર્મશાળાના મેનેજરને મળીને મેં એમને બધી વાતો કરી તો તેઓ મને એમના એક ઓળખીતા ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે ત્યાં મારું બી.પી. માપ્યું અને ખૂબ જ ચિંતિત સ્વરે તેઓ બોલ્યા કે, ''જુઓ સુર્યાભાઈ, તમારું બી.પી. ઘણું જ ઉપર ગયું છે અને જે પ્રમાણેની તમારી શારીરિક અવસ્થાના ચિહ્નો તમે વર્ણવી રહ્યા છો એ ઉપરથી તો મને ભય લાગે છે કે તમને કદાચ હાર્ટએટેક ના આવી જાય, માટે તમે અત્યારે જ સિવિલ હોસ્પિટલમાં પહોંચી જાવ અને તમારો ઈ.સી.આર. ચેક કરાવો, જો એમાં કંઈ ઊંચુંનીચું થયેલું જણાશે તો તમારે તરત જ હોસ્પિટલમાં દાખલ થઈ જવું પડશે એની પણ પૂર્વ તૈયારી.

''મોટા, મારે માટે તો હવે એક બાજુ કૂવો અને બીજી બાજુ ખાઈ છે. જો આવા સમયે અહીં આ પારકા પ્રદેશમાં મારે હોસ્પિટલમાં દાખલ થવું પડે તો એના ખર્ચાને પહોંચી વળવાની અને તમને બધાને આમ અચાનક નિઃસહાય અવસ્થામાં મુકાઈ જવાની ચિંતાએ મને વધુ વ્યાકુળ કરી દીધો, એટલે હવે બીજે ક્યાંય પણ નહીં ને સીધા દેરાસરમાં જવાનો નિર્ણય કર્યો, અને પ્રભુ સામે બેસીને પ્રભુના દરબારમાં પ્રભુ સામે જ બંડ પોકાર્યું.

''હે પ્રભુ, આ તો કેવી મારી પરીક્ષા લેવા તમે બેઠા છો? મારી આવી પરીક્ષા લેવાનો આ યોગ્ય સમય નથી અને યોગ્ય સ્થાન પણ નથી, અને આમ કસમયે કદાચ તમારી પાસે મને પાછો બોલાવી લેવાનો તમે જો નિર્ણય કર્યો જ હશે તો હું એનો પ્રતિકાર નહીં કરી શકું પણ એટલું તો જરૂર કહીશ કે મારો જીવ અવગતીયે જશે અને તમારાં પરથી મારા કુટુંબની અતૂટ શ્રદ્ધા કાયમ માટે જતી રહેશે, ખાસ કરીને મારા બાળકોના માનસ પર તમારી ઉપસ્થિત હોવાની ખોટી ભ્રમણા પણ તૂટી જશે અને એમના કુમળા મન પર જે ઘાત થશે એ પછી તેઓ ક્યારેય કોઈ તીર્થસ્થાને જવાનો વિચાર સુધ્ધાં નહીં કરે. પણ જો મારા પાછા ફરવાનો સમય આપે નિર્ધારિત કરી જ લીધો હોય તો કૃપા કરીને મને થોડી વધુ મુદત આપો. અમે ઘરભેગા થઈ જઈએ બસ એટલો જ સમય આપો જેથી કરીને અમારા કુટુંબને થોડોક સ્વસ્થ થવાનો સમય મળી જાય અને તમારા પ્રત્યે તેમની આસ્થા સદાય જળવાઈ રહે.'' ''બસ આટલું હું વારંવાર બોલતો રહ્યો, હવે પ્રભુએ સાંભળ્યું છે કે નથી સાંભળ્યું એની મને ખબર તો નથી, પણ પછી સાંજે ઘરે આવ્યો, તમને બધાને

ક્રમશઃ પાના નં. ૪૧ ઉપર




# પરિચયની પાંખે

**❑ સંધ્યા શાહ**

**અરવલ્લીનું વનફૂલ**
**મોતીભાઈ મ. પટેલ**
**સંપાદક : રમેશભાઈ પટેલ**
**પ્રકાશક : અવંતિકા પ્રકાશન,**
**૪૧૯/એ, સર્વોદય કોમર્શિયલ સેંટર,**
**જી.પી.ઓ.પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પૃષ્ઠ : ૨૦૦ કિંમત : ૨૦૦ રૂ.**

**અ**રવલ્લીના લીલાછમ ડુંગરાઓની વચ્ચે પાંગરેલા વનફૂલ સમા મોતીભાઈ પટેલના બહુઆયામી વ્યક્તિત્વને નિરુપતા આ પુસ્તકમાં તેમના વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, સાહિત્યકારો, કેળવણીકારો અને આત્મીયજનોના શબ્દો સંપાદકે સંચિત કર્યા છે.

જીવનભર વગડાનાં ફૂલની જેમ પોતાના કાર્યની સૌરભ સર્વત્ર વેરતા શિક્ષણના અખંડ આરાધક, ભાષા વિશારદ, ઉત્તમ આચાર્ય સ્નેહીસ્વજન, પરમ મિત્ર અને વત્સલ વડીલ વિશે ભાવસભર અભિવ્યક્તિ વાંચતા એક સાહિત્યરસથી છલકાતાં ઊર્જાવાન શિક્ષક, અદ્‌ભુત વક્તા, સાંસ્કૃતિક પ્રવૃતિઓના પ્રાણસમા અચ્છા આયોજક નજરે તરવરે છે.

શિક્ષક હંમેશાં વાચનસમૃદ્ધ હોવો જોઇએ તેવું દૃઢપણે માનતા અને તે જ રીતે પોતાના અધ્યાપકોને તૈયાર કરતા, વિદ્યાર્થીઓમાં વાંચનની ભૂખ જગાડતા, સાહિત્યકારોને નિમંત્રણ આપી, સર્જક અને કૃતિનો ઉત્તમ આસ્વાદ કરાવી માતૃભાષાને જીવંત રાખતા આ અતિ ઉદ્યમી બહુશ્રુત વિદ્વાન, લેખક, સમીક્ષક અને સંપાદક મોતીભાઈ પટેલ વિશે ગુણવંત શાહ, મણિલાલ પટેલ, ભદ્રાયુ વચ્છરાજાની, જોસેફ મેકવાન, શાસ્ત્રી જયેન્દ્ર દવે જેવા પ્રતિભાવાન સર્જકોએ તેમના અથાગ પરિશ્રમ,

**દીવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું...**
**જ્યાં મૂકો ત્યાં અજવાળું કરે છે...**

અપાર ઉત્સાહ તથા સતત છલકાતા જીવનરસને આલેખ્યો છે. ગુજરાતી શિક્ષણજગતના આ વિરલ મોતીની જીવનનિષ્ઠા કોઇ પણ શિક્ષક, આચાર્ય, આયોજક, વક્તા, વાચક અને લેખકને માટે પ્રેરણાદાયી છે.

પારાવાર હાડમારીમાં વીતેલું બાળપણ, અલગારી રખડપટ્ટીએ કરેલું જીવનનું ઘડતર, નળિયા ચાળતા મામાએ આપેલી શિખામણ, ભણવાનો અદમ્ય ઉત્સાહ, સતત આગળ વધવાની ઝંખના, સમાધાનને બદલે સંઘર્ષ કરવાની સજ્જતા, 'સાધુ તો ચલતા ભલા'ની જેમ કોઈ આસક્તિ, કોઈ મોહ રાખ્યા વગર પોતાની મરજીથી વિહરનારા આ કેળવણીકાર જો એક જ જગ્યાએ સ્થાયી થયા હોત તો શાંતિનિકેતન સર્જી શક્યા હોત. આ તો વગડાનાં ફૂલની જેમ નિતાંત નવી નવી પ્રયુક્તિઓ શીખવતા રહ્યા, જ્યાં ગયા ત્યાં સુવાસ ફેલાવતા રહ્યા, નિવૃત્તિમાં પણ સતત પ્રવૃત્ત એવા મોતીભાઈનું આવું નિરાળું ચિત્રણ અહીં પ્રગટ થયું છે.

સાહિત્ય અને સાક્ષરોની પ્રીતિ એમના પ્રત્યેક સંબંધમાં કળાય છે. એકે એક મિત્રો, વડીલો અને ગુરુજનોના લેખ-પત્રોમાં છલકાતી ઉષ્મા તેમના હૂંફાળા વ્યક્તિત્ત્વને વર્ણવે છે. પોતાના પ્રણયપ્રવાસીને આલેખતાં રંજનબેન એમના સ્નેહની સાહેદી પૂરે છે. પુત્ર કનુભાઈ અને પુત્રવધૂ સુધાબેનના લેખ મોતીભાઈના કઠોર અને કોમળ હૃદય પાસાને નિરૂપે છે.

'શિક્ષક એ સમાજનો ક્રાંતિકારી સૂર્ય છે. એને નિષ્ક્રિયતાનું ગ્રહણ ક્યારેય લાગવું ન જોઇએ' શિક્ષણની આ સંકલ્પનાનું જીવંત ઉદાહરણ એટલે મોતીભાઈ. ડૉક્ટરોની દવા કે વકીલોની દલીલો તાત્કાલિક પૈસા રળી આપે પણ શિક્ષકે તો એક પેઢી સુધી ધીરજ ધરવાની હોય છે. મોતીભાઈએ તૈયાર કરેલા ઉત્તમ શિક્ષકો તેમના નામ અને કામને રોશન કરી રહ્યા છે.

મોતીભાઈને મન એ જ ઊંડો પરિતોષ. આ સુગંધિત, આજીવન શિક્ષણયાત્રીને શત શત વંદન.

✷✷✷

## અમારા ભગવાન તો તમે જ

અનુસંધાન પાના નં. ૪૦ થી

ફરી જોયા, આપણે અહીં બજારમાં સાથે આવ્યા અને મોટા, કોણ જાણે કેમ તને આજે મન મૂકીને આ વાત કરીને એવું લાગ્યું કે મારું મન હળવુંફુલ જેવું થઈ ગયું છે, મારી છાતીનો દુખાવો પણ જતો રહ્યો હોય એવું હું અનુભવી રહ્યો છું, એવું લાગે છે કે ઈશ્વર હાજરાહજુર છે''!!!

પણ પપ્પાની વાતનો ભાવાર્થ ત્યારે મને બહુ નહોતો સમજાયો અને મૂક ચહેરે તેમની વાત સાંભળીને મન મનાવી લીધું હતું.

**આ વાત પછી લગભગ ૪૦ વર્ષ પપ્પાના પ્રેમની અમીવર્ષા અમારા ભાઈ બહેનો ઉપર સતત વરસી રહી અને આજે જ્યારેપપ્પાના સ્મિતભર્યા ચહેરા ને ફોટો ફ્રેમમાં કેદ થયેલો જોઉં છું ત્યારે એટલું જ કહેવાનું મન થાય છે કે, પપ્પા તમે તે દિવસે ભલે તમારા ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હશે પણ અમારા માટે ભગવાન તો તમે જ છો, સદા સદા માટે.**

''અને બીજું, પપ્પા, તમારી છબીને એટલા માટે અમે ક્યારેય હાર નથી ચડાવ્યો કારણ કે તમારું અમારા જીવનમાંથી સદેહે જતા રહેવું એ અમારા જીવનની સૌથી મોટી હાર છે, જન્મોજન્મની...

✷✷✷

એક નવી દૃષ્ટિથી મુલ્યાંકન

# મહાકાવ્ય મહાભારત



મહાભારતમાં એવું કહેવામાં આવ્યું છે સુમારે ૮૦% મનુષ્યબળ યુદ્ધના અઢારમા દિવસે મૃત્યુમુખી પડ્યું હતું.

જ્યારે યુદ્ધ સમાપ્ત થયું ત્યારે સંજયયુદ્ધ થયું ત્યાં એટલે કે કુરુક્ષેત્રના મેદાનમાં આવ્યો.

તેના મનમાં શંકા આવેલી હતી કે આ યુદ્ધ ખરેખર થયું છે કે ?

સાચે જ આટલો મોટો નરસંહાર થયેલો છે કે ?

તે આ જ જગ્યા છે કે જ્યાં સામર્થ્યવાન પાંડવ અને ભગવાન શ્રીકૃષ્ણ ઊભા હતા ?

આ તે જ જગ્યા છે કે જ્યાં શ્રીમદ ભગવત્ ગીતા કહેવામાં આવી ?

આ બધું સાચે જ થયું છે કે મને તેવો ભ્રમ થાય છે ?

તને ક્યારેય આની સત્ય હકીકત મળવાની નથી !!

એક શાંત વયોવૃદ્ધ અવાજ તેના કાને પડ્યો.

સંજયે અવાજની દિશામાં જોયું તો તેને એક સાધુ દેખાયો.

સાધુ હળવા અવાજમાં ફરી બોલ્યો,

મને ખબર છે કે તું અહીં કુરુક્ષેત્રનું યુદ્ધ થયું છે કે તે જોવાના માટે આવ્યો છે, પરંતુ તને આ યુદ્ધ બદલ સત્ય ક્યારેય સમજાશે નહીં.

સંજય બોલ્યો, એટલે ?

સાધુ બોલ્યો,

''મહાભારત તે એક મહાકાવ્ય છે'' ''એક વાસ્તવિકતા છે.''

''પરંતુ તેનાં કરતાં પણ અધિક તત્વજ્ઞાન છે.'' આટલું કહીને હસવા લાગ્યો. સાધુનું હસવાનું જોઈ સંજય હજુ વધારે ભ્રમિત થયો અને વિનંતિ કરવા લાગ્યો કે,

મને તમે તે તત્વજ્ઞાન કહી શકો છો કે ?

સાધુ તત્વજ્ઞાન કહેવા લાગ્યો,

પાંડવ એટલે બીજું કંઈ નહીં, તે આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયો છે :-

**આંખો :-** **દૃશ્ય**
**કાન :-** **અવાજ**
**નાક :-** ગંધ
**જીભ :-** **સ્વાદ અને**
**ત્વચા :-** **સ્પર્શ**

અને કૌરવ એટલે ૧૦૦ દુર્ગુણ (વિષયો) છે તે દરરોજ આ પાંચ પાંડવો પર આઘાત કરે છે .

પણ આપણે આ આઘાતથી આપણાં પાંચ પાંડવોનું રક્ષણ કરી શકીયે છીએ.

સાધુ બોલ્યો,

સંજય ! તું કહી શકીશ કે એનું રક્ષણ કરવાનું ક્યારે શક્ય હશે ?

જ્યારે આપણાં રથના સારથિ -આ પાંચ પાંડવોના મિત્ર ભગવાન શ્રીકૃષ્ણ હશે ત્યારે ?

સંજય બોલ્યો. સાધુ જવાબ સાંભળીને ખૂબ ખુશ થયો.

તે બોલ્યો, એકદમ બરોબર !

શ્રીકૃષ્ણ એટલે આપણો અંદરનો અવાજ, આપણો આત્મા, આપણો પથદર્શી પ્રકાશ. જ્યારે શ્રીકૃષ્ણનું આપણે સાંભળીયે તો આપણે ચિંતા કરવાની કોઈ જ આવશ્યકતા નથી.

સંજયને ઘણો જ મતિતાર્થ સમજાયો હતો. તો પણ તેણે પાછો પ્રશ્ન કર્યો, તો જો કૌરવ તે દુર્ગુણ જ હતા તો તેમની બાજુએ ગુરુ દ્રોણાચાર્ય અને પિતામહ ભીષ્મ લડ્યા ! તેનો શું અર્થ થાય ?

તેનો એવો અર્થ થાય કે, જેમ તમે નાનાથી મોટા થતા જાવ છો, તમારાં કરતાં મોટા લોકો બદલ હોવાનો તમારા દૃષ્ટિકોણ બદલાતો જાય છે.

જ્યારે આપણે નાના હોઈએ ત્યારે આપણને તે લોકો પરિપૂર્ણ લાગે છે પરંતુ જ્યારે આપણે મોટા થતાં જઈએ ત્યારે તેમનામાં ત્રૂટી (ખામી) દેખાવાની શરૂઆત થાય છે અને એક દિવસ આપણે નક્કી કરવું પડે કે આપણે આ મોટાઓનું સાંભળવું કે નહીં.

એટલે કે આપણે નક્કી કરવાનું કે આપણે પોતે જ પોતાના માટે નિર્ણય લેવાનો !

*(એટલે આવા ધર્મસંકટમાં શ્રીમદ ભગવત્ ગીતાનો ઉપદેશ મહત્ત્વનો ઠરતો હોય છે.)*

સંજયને હવે બધું જ સમજાયું હતું. તેણે છેવટનો પ્રશ્ન કર્યો, તો કર્ણ તે પાંડવ હોવાં છતા તેનાં વિરોધમાં કેમ

જવાબ :- કર્ણ પાંચ જ્ઞાનેદ્રિયો જેવો જ હોય છે. તે આપણો જ એક ભાગ હોય પરંતુ સાથ દે છે તે ૧૦૦ દુર્ગુણોને !

કર્ણ એ બીજો કોઈ નહીં પણ આપણી પોતાની જ વાસના હોય છે.

કર્ણને હર ઘડી પશ્ચાતાપ થતો હોય છે અને તે દુર્ગુણોને સાથ કેમ દે છે અને તેનાં સતત કારણો દેતો રહે છે.

આપણી વાસના પણ આવી જ હોય છે - પશ્ચાતાપ કરીએ અને પાછાં ત્યાં જ જઈએ !

હવે સંજયની આંખોમાંથી અશ્રુ આવી રહ્યા છે. તેને જગતમાંનું સૌથી મોટું ''મહાકાવ્ય મહાભારત'' સાચા અર્થમાં સમજાયું હોય છે.

તે દૂર સુધી ફેલાંયેલાં કુરુક્ષેત્રને જોતો ઊભો હોય છે.

તે સાધુને નમન કરવાં માટે પાછળ ફર્યો અને જુએ છે તો તે જગ્યાએ કોઈ નથી હોતું.

- તે સાધુ દેખાયો નહીં પરંતુ એક ગહન તત્વજ્ઞાન ત્યાં રાખીને ગયો....

✱✱✱

# ઘટઘટમાં રામ સમાયા



સંત તુકારામને દરેકમાં હરિનાં દર્શન થતાં હતાં. એક દિવસ એવું બન્યું કે તેમની બાજુમાં રહેતો એમનો પાડોશી એમની પાસે આવ્યો અને કહ્યું, તુકારામજી, મારું એક કામ કરશો ?' 'બોલોને ભાઈ, મારાથી થશે એવું હશે તો જરૂર કરીશ.'

'મારે એક દિવસ માટે બહારગામ જવું છે. ગયા વિના ચાલે તેમ નથી.'

'તો જઈ આવો ને.'

'જાઉં તો ખરો પણ મારું ખેતર જુવારની પાકથી લચી પડ્યું છે. ખેતર જરાય સૂનું મૂકું તો પંખીઓ સફાચટ કરી જાય. કામ એવું અગત્યનું છે કે જવું પડે એમ જ છે.'

'ઓહ ! ખેતરની ચિંતા છે ?'

'હા, જો તમે એક દિવસ ખેતરને સાચવો તો મારું કામ થઈ જાય. ખેતર સાચવવા બદલ હું તમને અડધો મણ જાુવાર આપીશ.'

'ભાઈ, તમતમારે ખુશીથી જાવ. હું તમારું ખેતર બરાબર સાચવીશ.'

'બરાબર સાચવજો હો ભગત, ક્યાંક ભજનમાં ન બેસી જતા !'

'તમતમારે બેફિકર રહો.' તુકારામે કહ્યું...

ભગતને ખેતરનું રખેવાળું સોપી પાડોશી બહારગામ ગયો. ભગત તો સમય થયો એટલે ખેતરે આવ્યા, માંચડા ઉપર ચઢ્યા અને હાથમાં ગોફણ લીધી. મનમાં તો જય વિઠ્ઠલા, જય વિઠ્ઠલાનું ગુંજન ચાલતું જ હતું...

થોડો સમય પસાર થયો.

ભગતે હાથમાંથી ગોફણ ક્યારે નીચે મૂકી અને ક્યારે તંબુરો હાથમાં આવી ગયો. એની કંઈ ખબર જ ન રહી. માંચડા ઉપર બેસીને એ તો ભજન લલકારવા લાગ્યા. ભગત તો ભજનમાં તલ્લીન બની ગયા...

એવામાં પંખીનું એક મોટું ટોળું આવ્યું.

ભગતને તો દરેક પંખીમાં પંઢરીનાથ દેખાવા લાગ્યા એટલે સૌને વંદન કરી બોલવા લાગ્યા,

'આવો પ્રભુ ! આવો સુખેથી આરોગો.'

તુકારામ તો મસ્ત બની ભજન ગાતા રહ્યા અને સાંજ સુધી પંખીઓ દાણા ખાવા લાગ્યા.

સાંજ થવા આવી ત્યારે પેલો પાડોશી પોતાના ઘરે પાછો ફર્યો. તરત જ ગામ લોકોએ તેને ભગતના રખોપાની વાત કરી.

'હાય... હાય, મારા ક્યાં ભોગ લાગ્યા કે મેં ભગતને ખેતરની સંભાળ લેવા કહ્યું.'

એ તો દોડતોક ભગત પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો, 'ભગત તને આવી રીતે રખોપું કરવાનું સોંપ્યું હતું ?'

'શું થયું ભાઈ ?'

'શું થયું ? આખું ખેતર પંખીઓ ચણી ગયા. હું તમને પંચમાં લઈ જઇશ.'

એમ કહી પાડોશી, સંત તુકારામને ખેંચીને ગામને ચોરે લઈ આવ્યો. પંચને ભેગું કર્યું અને પોતાની નુકસાનીની વાત કરી.

પંચે ભગતને કહ્યું, 'ભગત તમારો પાડોશી કહે છે કે એના ખેતરમાં સો મણ જેટલું અનાજ પાકે તેમ હતું. તમને તેણે રખોપાની જવાબદારી સોંપી હતી ?'

'હા.'

'કામની જવાબદારી તમે લો અને ફરજ ન બજાવો એમ કેમ ચાલે ? તમે આમ શા માટે કર્યું ?'

'તમને હું કેમ કરીને સમજાવું ? મને તો દરેક પંખીમાં વિઠોબા દેખાતા હતા. હું એને ગોફણના પથ્થરથી કેમ મારી શકું ?'

'એ વાત કેમ ચાલે ? પાડોશીના ખેતરમાં સો મણ જાુવાર થવાની હતી. એમાંથી હવે જેટલી ઓછી ઊતરે એ નુકસાન તમારે ભરપાઈ કરવું પડશે.'

તુકારામ કઈ ન બોલ્યા.

અંદાજે કેટલું નુકસાન થયું છે એ નક્કી કરવા પંચ અને ગામ લોકો પેલા પાડોશીના ખેતરે ગયા. પાછળ વિઠ્ઠલા... વિઠ્ઠલા કરતાં તુકારામ પણ ભજનમાં એકાગ્ર થઈ ધીરે ધીરે જવા લાગ્યા. આખું ટોળું ખેતર પાસે જવા લાગ્યું. કોઈ ક્રોધમાં હતા, કોઈ ટીખળમાં હતા તો કોઈ ભગતની ફજેતી થશે તે જોવા આનંદમાં હતા. ખેતર આવી ગયું. પંચના એક માણસે જાુવારનું ડુંડું હાથમાં લઈ મસળી જોયું તો આખી હથેળી મોતીના જેવા જાુવારનાં દાણાથી ભરાઈ ગઈ. બીજું ડુંડું લીધું તો તેમાંથી પણ એમ જ થયું. આખુંય ખેતર જુવારના પાકથી લચેલું દેખાતું હતું.

પંચે કહ્યું, 'ભાઈ, આ રીતે તારા ખેતરના પાકની સ્થિતિ જોતાં તો સો મણ નહીં પણ બસો મણ જાુવાર ઊતરે એમ લાગે છે.'

પેલો પાડોશી તો અવાક્ થઈ ગયો. એના મોઢા પરથી નૂર ઊડી ગયું હતું.

પંચે કહ્યું, 'તમે ભગતને હેરાન કરવા માટે જ આ ખોટી ફરિયાદ કરી છે. તમે સો મણ જાુવારની વાત કરી એટલે તમે સો મણ જાુવાર પાકેલી હોય તેના હકદાર હવે ભગત છે. એટલે એ જાુવાર ભગતને આપવી.'

પંચે ફેંસલો આપ્યો.

તુકારામને કહ્યું, 'સંત, આ ખેતરમાં જ્યારે પાક લેવાય ત્યારે સો મણ દાણા તમારા પાડોશીને લેવા દેજો અને બાકીના તમે હકદાર છો.'

સંતે તરત જ પંચને હાથ જોડ્યા અને કહ્યું, 'વિઠ્ઠલ, વિઠ્ઠલ, એવો અધરમનો દાણો મારાથી ન લેવાય. હું તો માત્ર અધમણ દાણાનો જ હકદાર છું. મારાથી અણહકનું કંઈ લેવાય જ નહીં. મને એ ન પચે.'

સંતના મનમાં પાડોશી પ્રત્યે જરાય અભાવ નહોતો. તેઓ તો એમાંય વિઠ્ઠલાને જ જોતા હતા.

ભગવાનને જે સર્વત્ર જુએ છે, ભગવાન જેને વ્યાપક દેખાય છે એને પછી બીજામાં અભાવ ક્યાંથી આવે ? ✱✱✱

# સાહિત્યવૃત્ત

## વેરના વેળામણાં

દુશ્મનને ખતમ કરવો મુશ્કેલ હોય છે કારણ કે તેનો નાશ કરવા માટે તેના કરતાં વધારે બળ અને બુદ્ધિની જરૂર પડે છે. પણ દુશ્મનાવટને ખતમ કરવી હોય તો બળ અને બુદ્ધિ ઉપરાંત ભાવનાત્મક ઔદાર્યની આવશ્યકતા રહે છે અને આ ગુણો કેળવવાનું કામ એટલું અઘરું હોય છે કે દુશ્મનાવટને ખતમ કરી શકે તેવા મહાનુભાવો ભાગ્યે જ જોવા મળે છે. અબ્રાહમ લિંકનને પૂછવામાં આવ્યું કે ''તમારા દુશ્મનોને પછાડવાના બદલે તેમની જોડે સારો વર્તાવ કરીને તેમને મિત્ર બનાવી દેવાના પ્રયાસ કરતાં રહો છો તેનું કારણ સમજાતું નથી. લિંકને જવાબ આપેલો કે ''આવો માણસ મિત્ર થાય તો મારો એક દુશ્મન તો કાયમ માટે નાશ પામ્યો તેવું કહી શકાય.''

દુશ્મનનો નાશ કરવાના ગમે તેટલા પ્રયાસ કરવામાં આવે છતાં તેનો સંપૂર્ણ નાશ કરી શકાતો નથી. તેનો બદલે લેવા માટે, વેરનાં વળામણાં કરવા માટે કોઈ ને કોઈ તો ઊભો થાય જ છે. દુશ્મનના સંતાનો કે મિત્રો મનમાં સતત ધૂંધવાતા રહે છે અને વખત આવ્યે, આપણી નબળાઈનો લાભ ઉઠાવીને આપણને પછાડે છે. શત્રુનાશના ઉપાયો લાંબા ગાળે આપણા પોતાના વિનાશનું કારણ બની રહે છે, કારણ કે દુનિયામાં કોઈ માણસ એવો હોઈ શકે નહીં કે જેને કોઈનો કશાનો ડર સેવવો ન પડે.

દુશ્મનાવટનો નાશ કરવાના પ્રયાસથી આ સમસ્યાનો અંત આવી જાય છે અને સંબંધોનું એવું રૂપાંતર થઈ જાય છે કે બીજાનો ત્રાસ ભોગવવો પડતો નથી. ગીતામાં યોગી પુરુષના અનેક લક્ષણો ઠેરઠેર વર્ણવવામાં આવ્યાં છે. તેમાં સૌથી ચોટડુક વર્ણન એ છે કે યોગી પુરુષ કોઈને ત્રાસ આપતો નથી અને તેને કોઈ ત્રાસ આપતું નથી. (યસ્માત્ નોદ્વિજતે લોકઃ લોકાત્ નો દ્વિજતે ચ સઃ)

## આદરાંજલી

**પદ્મશ્રી, વિદ્વાન પત્રકાર સ્વ. નગીનદાસ સંઘવીનું અંતિમ પ્રયાણ**



**સ્વ. નગીનદાસ સંઘવી**

પ્રજ્ઞાવંત, સ્પષ્ટવક્તા, ઇતિહાસવિદ્
શ્રી નગીનદાસ સંઘવીનું
૧૦૦ વર્ષની ઉંમરે અવસાન થયું છે.
'આ તડ ને ફડ' ના શીર્ષક અન્વયે
રાજકીય, સામાજીક, ઐતિહાસિક
ઘટનાઓનું વિશ્લેષણ કરતા
નિર્ભિક પત્રકાર જીવનના
અંત સમય સુધી કાર્યરત રહ્યા.
આ ટેક્નોસેવી પત્રકાર સતત
નવું નવું શીખતા રહ્યા...
'મહામાનવ શ્રીકૃષ્ણ', 'રામાયણની
અંતરયાત્રા', 'અગિયાનો ઉજાસ' વિ.
પુસ્તકો અને સેંકડો લેખ ગુજરાતી
સાહિત્ય અને પત્રકારત્વની
મોંઘી મિરાત છે.
૨૦૨૦ ની ૨૬મી જાન્યુઆરી
પદ્મશ્રીનું રાષ્ટ્રીય સમ્માન મેળવનાર
પ્રખર વિવેચક, પ્રાધ્યાપક
નગીનદાસ સંઘવીને આદરાંજલી....

## સ્વર્ગ અને નરક

મસ્તરામ, એકાંત સેવી અવધૂત પાસે જઈને રાજાએ માગણી કરી કે ''આપ સમર્થ અને ચમત્કારી સંત છો. આપની પાસેથી મારે સ્વર્ગ અને નરકના દરવાજાઓનું દર્શન કરવું છે.'' અવધૂતે આજીજીનો જવાબ વાળ્યો નહીં અને ચુપચાપ બેસી રહ્યા. આવી ઉપેક્ષાથી ગુસ્સે ભરાયેલો રાજા તેમની સામે આવીને ઊભો અને મોટેથી કહેવા લાગ્યો કે ''તમે ખરેખરા સંત હો તો મને સ્વર્ગ અને નરકના દરવાજાનાં દર્શન કરાવો.'' અવધૂતે તુચ્છકારથી તેની સામે જોયું. ''તું કોણ છો અને શા માટે આવ્યો છે ?'' રાજાએ માંડમાંડ ગુસ્સાને કાબૂમાં રાખ્યો. ''હું આ પ્રદેશનો રાજા છું.'' અવધૂતે હાંસી ઉડાવી ''તું રાજા છે ? તારાં દેદાર તો કોઈ ભિખારી જેવા જણાય છે. તારા જેવા રાજા હોય તો લોકોની હાલત ક્યાંથી સારી હોઈ શકે ?''

રાજાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો. તેણે તલવારની મૂઠ પર હાથ મૂક્યો. અવધૂત હસવા લાગ્યા ''તારી પાસે તલવાર પણ છે ? આવા કટાયેલા હાથાથી લોકોને ડરાવતો ફરે છે ? પણ તારી બુઠ્ઠી તલવાર મારું માથે વાઢી શકશે ખરી ?'' રાજાએ મ્યાનમાંથી ચમકતી તલવાર કાઢીને ઉગામી. સહેજ પણ થડકાર અનુભવ્યા સિવાય અવધૂતે કહ્યું, ''રાજા જુવો આ નરકના દ્વાર ખૂલવા લાગ્યા.''

સંતના ઉપદેશથી અને તેમનો આશય સમજાઈ ગયાથી ગળગળા થઈ ગયેલા રાજાએ તલવાર ફેંકી દીધી અને નીચા નમીને સંતનાં ચરણ પકડી લીધા. ''જુઓ રાજા હવે આ સ્વર્ગના દરવાજા ઊઘડી રહ્યા છે અને નરકનું દ્વાર અદૃશ્ય થઈ ગયું.''

રાજાને સાંત્વન આપીને સંત સમજ પાડી કે ''સ્વર્ગ અને નરક બંને આપણી કરણી અને મનોવૃત્તિનાં સ્વરૂપ છે. જેવી મનોવૃત્તિ હોય તેવી અનુભૂતિ થાય છે. સદ્ભાવનાથી શાંતિનો અનુભવ થાય તે સ્વર્ગસુખ છે. કોઈને પથ્થર મારીએ તો બીજા માણસનું માથું ફૂટે છે પણ તે વખત આપણા ક્રોધ અને દ્વેષના ઉદ્વેગથી આપણને થાય છે તેટલું નુકસાન સામાપક્ષને થતું નથી.''

**– નગીનદાસ સંઘવી**

# આદરાંજલી



**સ્વ. કુન્દનિકાબેન**

***ગુજરાતી સાહિત્યને પ્રાણવાન કૃતિઓ આપનારા, સ્ત્રીને 'સ્વ' ની ઓળખ આપનારા એક સમર્થ સર્જક, વાર્તાકાર, ચિંતક અને અધ્યાત્મયાત્રી કુંદનિકાબેન અનંતની યાત્રાએ ચાલી ગયા.***

***સર્જકને સાદરંજલિ સાથે એમની જ અંતિમ કાવ્યરચના...***

હૃદયના
વધી રહેલા ધબકારાને
ધીરે ધીરે શમી જવા દો
ગતિ નાડીની
મંદ થવા દો
બંધ થવા દો
મને મૌનમાં સરી જવા દો
શાથી માન્યું ક્યાંક મને છે
ડર - ઉંબરને ઓળંગવાનો
અંધકારમાં ડૂબી જવાનો ?
હું તો ખૂબ રાજી છું
ઉત્સુકતાથી વાટ જોઉં છું
પ્રવાસ હવે પૂરો થયો છે;
યાત્રાનો આવ્યો છે અંત.
કશી ઉતાવળ નથી
હૃદયને રંજ નથી
રાહ જોઉં છું:
ઉંબર પરના
જીવન-મૃત્યુના આલિંગનની
અંતિમ પળની સુવર્ણ ક્ષણને
એની સંગે
જરીક મનને રમી લેવા દો
ધીરે ધીરે વિરમવા દો
વિરમી જવા દો
અજ્ઞાતના અદ્‌ભુત પ્રદેશમાં
સુખ-શાંતિથી વીંટળાઈને
મને જવા દો
તમને સહુને વહાલ ધરીને
હૃદયમાં સૌનો પ્રેમ ભરીને
આ સુંદર નભ પૃથ્વી ને
વૃક્ષ પાંદ ઝરણાંને
સૂરજને ચાંદાને
છેલ્લી વેળા પ્રણામ કરી લઉં
'પરમ સમીપે' મને જવા દો
મહામૌનમાં સરી જવા દો
મહામૌનમાં સરી જવા દો.

# આને પાંખો આવી છે !



જ્યારે મોટી ઉંમરે સ્ત્રી આકાશમાં ઊડવાનું ચાલુ કરે છે,
સ્વતંત્રતાથી જીવે છે ત્યારે પુરુષો વિચારે છે....
આને પાંખો આવી છે !
અરે ...ભલા માણસ...
પાંખો તો એને જન્મથી જ મળી છે.
પણ એ સ્વેચ્છાએ એને સંકેલીને બેઠી હતી.
એણે ગૃહસ્થીને કદી પીંજરું ગણ્યું જ નથી.... માળો જ માન્યો છે.
પોતાની પાંખોની હૂંફથી એણે પરિવારને સેવ્યો છે.
ક્યારેય ઉડવાની તમન્ના નથી કરી.
પણ...પણ...આ મુકામ પર...
જ્યારે પક્ષીઓ જ ઊડી ગયા છે તો હવે એ પણ જરી પાંખો ફફડાવે તો ખોટું શું છે ?
એને આકાશ નથી જોઇતું...
એને ઊડીને ચાલ્યા પણ નથી જવું.
એને તો બસ ....થોડી અમસ્તી મોકળાશ જોઈએ છે.
એ તમારા જ આપેલા 'સમય'નાં ટુકડાને મનગમતી પ્રવૃત્તિથી ભરવા માટે એક ટુકડો 'અવકાશ' માગે છે.
તો .... શું એ વધારે કાંઈ માંગે છે ? એને
થોડું ખીલવું છે...
થોડું ખૂલવું છે...
થોડું વહેવું છે...
થોડું કહેવું છે...
થોડું મહોરવું છે...
થોડું મહેંકવું છે.
તો શું એમાં ખોટું શું છે... ?

□ **કુંદનિકા કાપડિયા**

## સાભાર સ્વીકાર

શ્રી સતીષભાઈ ધીરજલાલ મિયાણીના સુપુત્ર રીકીનના શુભ લગ્ન પ્રસંગે

સ્વધર્મી સહાય ફંડ ૨૧૦૦

**વિશાલ** **પ્રિયલ**

શ્રી અતુલભાઈ બાબુલાલ ચોક્સીના સુપુત્ર પાટણ હાલ : મરીનડ્રાઈવ તથા શ્રી સમીરભાઈ અનિલકુમાર ડેલીવાળાની સુપુત્રી લીંબડી હાલ : જુહુ ગોળધાણા નિમિત્તે (વરપક્ષ તથા કન્યાપક્ષ)

સ્વધર્મી સહાય ફંડ ૨૦૨૨

માતુશ્રી સ્વ. કલાબેન ઇન્દુલાલ કોઠારી હસ્તે : શ્રી આશિષભાઈ ઇન્દુલાલ કોઠારી

સ્વધર્મી સહાય ફંડ ૨૧૦૦૦

શ્રી દિનેશભાઈ તલસાણીયા હાલ :પવઈ

સ્વધર્મી સહાય ફંડ ૨૫૦૦

શ્રી જીતેન્દ્રભાઈ નગીનદાસ શાહ હાલ : ચિંચપોકલી

સ્વધર્મી સહાય ફંડ ૨૫૦૦

શ્રી નગીનદાસ એસ. શાહ હાલ : ઘાટકોપર

સ્વધર્મી સહાય ફંડ ૨૦૦૦

## વેવિશાળ

**સૌમિક** **ખુશ્બુ** વરપક્ષ કન્યા પક્ષ

શ્રી કેતનભાઈ જશવંતલાલ શાહના સુપુત્ર વઢવાણ હાલ : અંધેરી તથા શ્રી લલીતભાઈ હસમુખ શાહની સુપુત્રી લીમડી, હાલ : દહિસર

સ્વધર્મી સહાય ફંડ ૧૧૦૦ ૧૧૦૦

**મનન** **નીતિ**

શ્રી જીતેનભાઈ અરવિંદભાઈ મહેતાના સુપુત્ર સાયલા હાલ : થાણા તથા શ્રી વિરેન્દ્રભાઈ હિંમતલાલ શાહની સુપુત્રી વઢવાણ હાલ : દહિસર ૫૦૦ ૫૦૦

**ભાવિક** **ધરા**

અ.સૌ.સોનલબેન નીતીનભાઈ મોદીના સુપુત્ર બોટાદ હાલ મલાડ તથા અ. સૌ. કલ્પનાબેન સુનીલભાઈ સંઘવીની સુપુત્રી અંજાર હાલઃ મલાડ ૫૦૦ ૫૦૦

### ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન સંસ્થાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનાના દાતાઓ તરફથી ૨૫.૨.૨૦૨૦ પછી મળેલ રકમની વિગતો

| | |
|---|---|
| માતુશ્રી કાંતાબેન શાંતિલાલ મોહનલાલ શેઠ | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી જશવંતલાલ નાનાલાલ સંઘવી | ૧૦,૦૦,૦૦૦ |
| શ્રી વસંતભાઈ નાનાલાલ સંઘવી | ૫,૦૦,૦૦૦ |
| માતુશ્રી જ્યોત્સનાબેન ધીરજલાલ તલકચંદ શાહ | ૫,૦૦,૦૦૦ |
| શ્રી જ્યોતિન્દ્રભાઈ સી. સંઘવી | ૧,૫૦,૦૦૦ |
| શ્રીમતી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મુકેશભાઈ હિંમતલાલ શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી સુશીલાબેન સી. શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી કિરીટભાઈ મનસુખલાલ ઉદાણી | ૫૧,૦૦૦ |

**મિતેષ** **દિપીકા**

શ્રી શરદચંદ્ર નિરંજનદાસ શાહના સુપુત્ર લીંબડી હાલ : મલાડ તથા શ્રી રમેશભાઈ પરમાર ની સુપુત્રી સાવરકુંડલા હાલ : નાલાસોપારા ૨૫૧ ૨૫૧

## આધારસ્તંભ યોજના

શ્રી નવનીતલાલ જગજીવનદાસ વોરા તરફથી તેમના ૯૪મા જન્મદિવસ પ્રસંગે ૧૧૦૦૦

પાળિયાદ નિવાસી, હાલ મલાડ, શ્રી બિપિનભાઈ બાપાલાલ પારેખની સુપુત્રી તરફથી ૧૧૦૦૦

શ્રી રંજનબેન શેઠ પરિવાર હસ્તે : જયેશ-રાકેશ ૧૧૦૦૦

શ્રી ચંદુલાલ કાલીદાસ શાહ, હાલ : ગોરેગામ ૧૧૦૦૦

## પ્રભુતામાં પગલાં

**પ્રતીક-હેતા** વરપક્ષ કન્યા પક્ષ

શ્રી ભરતભાઈ માણેકચંદ લાખાણી સુપુત્ર ભોકરવા હાલ : વસઈ તથા શ્રી નીતિનકુમાર હસમુખલાલ અજમેરાની સુપુત્રી વિંછીયા હાલ : વસઈ ૨૫૧ ૨૫૧

**રીકીન - સૂચી**

શ્રી સતીષભાઈ ધીરજલાલ મિયાણીના સુપુત્ર માલપરા(ગઢડા સ્વામીના) હાલ : વિલેપાર્લા તથા શ્રી સુરેશચંદ્ર મણિલાલ બોરડિયાની સુપુત્રી દીગસર હાલ : કાંદિવલી ૧૫૧ ૧૫૧

# પારખું



સ્મિતા...બોલી તમારે ઓછામાં ઓછી પાંચ દિવસની રજા લેવી જ પડશે.

અરે સ્મિતા સમજવાનો પ્રયત્ન કર, અત્યારે ઓફિસનું વાતવરણ ખરાબ ચાલે છે. મેનેજમેન્ટ કોઈ પણ કર્મચારીને ના પાડવાની તકની રાહ જોઈને બેઠું છે.. આવા સંજોગોમાં તેઓને સામે ચાલીને કારણ ન અપાય.

હા, તમારે તો બધી તકલીફ અમારા પક્ષે જ્યારે પ્રસંગ હોય ત્યારે જ હોય છે. અસંખ્ય કટાક્ષ કરતી કરતી સ્મિતા રિસાઈને રૂમ માં જતી રહી.

સાંજે સસરાનો ફોન આવ્યો... કુમાર... તમારે પાંચ દિવસની રજા તો લેવી જ પડશે. સાળાના લગ્ન છે. રજા તો લેવી પડે કે નહીં ?

મેં કીધું...વડીલ સમજવાનો પ્રયત્ન કરો ઓફિસનું વાતવરણ અત્યારે ખરાબ છે.

મારા સસરા પણ સમજવા તૈયાર ન હતા. આવા સંજોગમાં મારે શું કરવું એ ખબર પડતી ન હતી.

મારા પપ્પાએ પણ કીધું...મનદુઃખ થાય તેના કરતાં રજા લઈ આનંદ કરી આવ. મેં પપ્પાને પણ ઓફીસની પરિસ્થિતિ સમજાવી. બાપ કોણે કીધો....જે શબ્દ મારા સસરા બોલી ન શક્યા એ શબ્દો મારા પપ્પા બોલ્યા.

જા બેટા... આનંદ કર તારી નોકરીને તકલીફ પડશે.. તો હું બેઠો છું... તારું રૂટિન ડિસ્ટર્બ નહિ થાય....એ મારું તને વચન છે. આવી હિંમત તો મા-બાપ સિવાય કોઈ આપી શકે નહીં.

લગ્નપ્રસંગો પૂરા કરી ...બીજે દિવસે હું ઓફિસે ગયો. સાંજે ઘરે આવી મેં મારો ટર્મિનેટ ઓર્ડર સ્મિતાના હાથમાં મૂક્યો.

પપ્પા બોલ્યા શું થયું.

કંઈ નહિ પપ્પા....જે થવાનું હતું તે થયું....મને કંપનીએ ટર્મિનેટ કર્યો છે...હવે નવી નોકરી ફરીથી ગોતવાની.

સ્મિતા ચિંતામાં પડી ગઈ...

કૂદી કૂદીને પાંચ દિવસની રજાનું કહેતી સ્મિતાનું મોઢું.. ઉતરેલ કઢી જેવું થઈ ગયું. દુનિયા તો આપણી તકલીફ ન સમજે પણ જીવનસાથી પણ જયારે આવું વર્તન કરે ત્યારે દુઃખ થાય..મેં તને કીધું હતું સ્મિતા તું મહિના પહેલા તારા ભાઈના લગ્નની તૈયારી માટે જા..પણ મને આગ્રહ ન કર... હું અગત્યના ફંક્શનમાં હાજરી આપી દઈશ... પણ જીદ કોને કહે.

મારી મમ્મી પણ ચિંતામાં પડી ગઈ...એ પણ બોલી કંઈ વાંધો નહિ..ખાનગી નોકરીમાં તો એવું જ હોય....માનસિક તૈયાર રહેવાનું.

પપ્પા ફક્ત એટલું બોલ્યા બેટા કોઈ ચિંતા નહીં...કરતો...હજુ મારી નોકરી ચાલુ છે.

સ્મિતા અને મારા સસરાને મેં ચેતવ્યા હતા...એટલે એ લોકો કંઈ બોલી શકે તેમ હતા નહીં.

સવાર પડે મને ઘરમાં બેઠેલો જોઈ સ્મિતા અને મારા દૂર બેઠેલ સસરાને ધીરે ધીરે ચિંતા વધવા લાગી..

મેં કીધું..સ્મિતા નોકરીનો પ્રયત્ન તો ચાલુ છે...અત્યારે સાવ નવરાં છીયે તો...ચલ થોડો વખત તારા મમ્મી પપ્પાને ત્યાં રહેવા જઈએ.

સ્મિતા બોલી એમ થોડા કારણ વગર પિયર જવાતું હશે...તેના કરતાં આ સમયમાં નોકરી ગોતો.. ઘરમાં બેઠા રહેવાથી નોકરી નહીં મળે. રોજ સવાર પડે સ્મિતાના વાણી વર્તન બદલાવા લાગ્યા. હું સમાજ અને પરિવારના કાંચીડાની જેમ બદલતા કલરની નોંધ કરી રહ્યો હતો.

એક દિવસ સાંજે પપ્પાએ મોબાઈલ કરી તેમની ઓફિસે મને બોલાવી. મારા હાથમાં ૫૦૦૦૦ રૂપિયાનું કવર મૂકી કહે... મુંઝાતો નહીં બેટા... વધારે રૂપિયાની જરૂર હોય તો કહેજે... મારા ખભા ઉપર પપ્પાનો હાથ જાણે... મારા ઇષ્ટદેવે હાથ મૂક્યો હોય તેવું લાગ્યું. બચપનમાં તેડીને ફરતા તેમ મુસીબતના સમયે મને ફરી તેડી લીધો હોય એવો અનુભવ થયો.

હું સમય સ્થળનું ભાન ભૂલી પપ્પાને ભેટી રડી પડ્યો.

આ રૂપિયાની મારે જરૂર નથી .પપ્પા મારા ખરાબ અને સારા સમયમાં કોણ મારી સાથે છે... એ જોવા માટે જ મેં આ નાટક કર્યું છે...

મતલબ....પપ્પા બોલ્યા.

ચલો પપ્પા કેન્ટીનમાં.. હું શાંતિથી બધી વાત કરું.

ચા પીતા પીતા મેં કીધું...પપ્પા મારો લિવ રિપોર્ટ લઈ હું મારા બોસ પાસે ગયો... ત્યારે તેમણે મને કીધું... સમીર ખરેખર કેટલા દિવસની જરૂર છે ?

મેં પણ સાચું કીધું... સાહેબ ખરેખર બે દિવસની જરૂર છે પણ મારી પત્ની અને સસરાની ઓફીસની ગંભીરતા સમજાવી પણ એ સમજવા તૈયાર નથી થતા.

બોસે લિવ રિપોર્ટ હાથમાં લીધો..અને બોલ્યા.

સમીર... જિંદગીમાં નોકરી અથવા ધંધો ચાલુ હોય ત્યાં સુધી પરિવાર કે સંસાર આપણને ઈજ્જત થી જુએ છે...નોકરી જતી રહે પછી ૩૬૫ દિવસ રજા જ હોય છે...પણ આ દરમ્યાન લોકોનો વ્યવહાર અને વર્તન ઓળખાઈ જાય છે.

આ મારો વ્યક્તિગત અનુભવ તને કહું છું... હો પોતે નોકરી કરતો હતો..મારી નોકરી અચાનક જવાથી...મારા દામ્પત્યજીવનમાં તોફાન આવ્યું...મારી પત્ની મારી લાંબી બેકારી સહન ન કરી શકી...અને તેણે છૂટાછેડા લીધા. નછૂટકે મેં ધંધામાં ઝંપલાવ્યું. આજે આ બિઝનેસને ૨૫ વર્ષ પૂરાં થશે. આપણી કંપનીનો ઇતિહાસ તું જાણે છે.. મારો કહેવાનો મતલબ તું સમજી ગયો હોઈશ...દુનિયા ઉગતા સૂરજની પૂજા કરે છે.

હું તારી વગર કપાતા પગારે ૩૦ દિવસની રજા મંજૂર કરું છું... પણ એક શરત...સાથે તને એક બનાવટી ટર્મિનેટ ઓર્ડર પણ આપું છું... જે તારે લગ્નમાંથી આવી તારા ઘરે બતાવવાનો છે જેની અસર તારા પરિવાર, મિત્રો અને સમાજ ઉપર શું પડે છે.. એ તારે નોંધ કરી મને કહેવાનું છે...આવો જિંદગીનો પાઠ તને કોઈ નહિ ભણાવે.

મેં મારા બોસને બે હાથ જોડી કીધું... બોસ હોય તો આવા હોવા જોઈએ...

પપ્પા... મારા બોસ સાચા છે... આજે મેં તમારી લાગણી પણ જોઈ લીધી. મારી પત્ની - સસરા દરેકના વાણી વર્તનનો અભ્યાસ મેં મારી કાલ્પનિક બેકારીમાં કરી લીધો.

પપ્પા કાલથી મારો નવો જન્મ હશે. નોકરી પ્રત્યે પ્રથમ મારી વફાદારી હશે... ખરેખર જરૂર હોય ત્યારે રજા માટે કદી મારા બોસે સવાલ નથી કર્યો. તમારા હાર્ટના ઓપરેશન વખતે મારા બોસે જ કીધું હતું. મા-બાપની સેવા પહેલાં પછી ઓફિસ... આવા સંજોગોમાં આપણી પણ ઓફિસ પ્રત્યે કોઈ જવાબદારી બને છે.

મારા પપ્પા મારા નવા સ્વરૂપને જોઈ રહ્યા. હું પપ્પાને પગે લાગી બોલ્યો, પપ્પા કાલથી ફરી નોકરી ચાલુ કરું છું, જે કંપની કે તેનો માલિક મારો ખરાબ સમય સાચવે... તો હું એ કંપનીનો સમય કેમ ન સાચવું.

પપ્પા...બોલ્યા બેટા આ તારા વિચારો તને ઉન્નતિના શિખર સુધી પહોંચાડશે.

મારા ખભે હાથ મૂકી પપ્પાએ હસતા હસતા કીધું...મતલબ તેં મારી પણ કસોટી કરી લીધી.

ના પપ્પા... તમારી કસોટી કરવાની લાયકાત જ મારામાં નથી. મારી કૉલેજ લાઈફની સફરથી બેકારી સુધીની સફર દરમ્યાન તમે મારુ પાકીટ હંમેશાં ભરેલું રાખ્યું હતું. જીવનમાં જે વ્યક્તિ આંખોની ભાષા સમજતા શીખી જાય તેને માટે જીવન જીવવું સરળ બની જાય.

તમારી આંખોનો નિર્મલ અને નિસ્વાર્થ ભાવ મેં બચપનથી જોયો છે. મારે મંદિરની મૂર્તિ સામે પણ ઊભવાની જરૂર નથી. ઘરમાં જ મા-બાપનું કરુણા અને પ્રેમનું ઝરણું વહે છે.

સાંજે... હું ઘરે ગયો ત્યારે મારા સસરા સ્મિતાને લેવા આવ્યા હતા. સ્મિતા બેગ સાથે તૈયાર થઈ બેઠી હતી. મને કહે નોકરી મળે એટલે કહેજો.... હું અત્યારે પપ્પા સાથે જાઉં છું.

મેં કીધું... FB ઉપર મોટી મોટી વાતો કરનારી... તું એકમાત્ર પવનની લહેરથી ભાંગી પડી... જીવનનું તોફાન હજુ ક્યાં તે જોયું છે. સ્મિતા જે વિપરીત સંજોગમાં પણ મારો હાથ અને સાથ ન છોડે તેના માટે હું જીવું છું. તું મુક્ત છે. તારી ઈચ્છા મુજબ જાય છે અને ઈચ્છા મુજબ પાછી આવજે....

હા... એક વાત તારા ધ્યાન માટે કહી દઉં, ના તો હું બેકાર હતો ના તો હું મજબુર હતો, કોણ કોની સાથે છેલ્લા શ્વાસ સુધી જોડાયેલ છે એ જોવા માટે... આતો ફક્ત નાટક હતું... જીવન વાણી વિલાસ ઉપર નથી ચાલતું... મારી નોકરી ચાલુ જ છે... એ પણ જે કંપનીમાં હતો ત્યાં જ સમજી....આગળનો નિર્ણય તારા ઉપર...

જય શ્રીકૃષ્ણ કહી હું અંદરના રૂમ માં જતો રહ્યો.

✱✱✱

## હૃદયસ્પર્શી વાર્તા ...



દાદા દાદી બન્ને એકલાં રહેતાં હતાં.
બંને વચ્ચે ખૂબ જ પ્રેમ હતો.
બંને એકમેકનું ધ્યાન રાખે.

એકવાર કોઈક નજીવા કારણસર
એ બંને વચ્ચે થોડી બોલાચાલી
થઈ ગઈ....... દાદીએ તો
દાદાની કિટ્ટા પાડી દીધી......

સાંજે બંને જણાએ ચૂપચાપ જમી લીધું.
રાતે પણ કશું બોલ્યા
વગર બંને સૂઈ ગયાં......

દાદાને હતું કે સવારે ઉઠ્યા પછી
બધું બરાબર થઈ જશે.
દાદી તેની રીસ છોડીને બોલવા લાગશે......
પણ....... દાદી ખામોશ જ રહ્યાં.

થોડી વાર પછી દાદા એમની
કોઈક વસ્તુ શોધવા લાગ્યાં.....
પલંગ પર જોયું. બાથરૂમમા જોયું. રૂમમાં જોયું.
કપડાંની ગડીમાં જોયું.......

પણ ક્યાંય મળી નહીં.......
ફરી ફરીને ચક્કર મારતાં
એમણે એમની શોધ ચાલુ રાખી.....
ક્યારનો દાદાજીની આ શોધનો ખેલ જોતાં
દાદીથી રહેવાયું નહીં.......

અને...... એમણે પૂછ્યું :
'ક્યારનાં શું શોધો છો ?'
ને.......દાદાએ હસતાં હસતાં કહ્યું
'મળી ગયું......
**હું તારો મીઠો અવાજ શોધતો હતો**

દાદી ......
**હસતાં હસતાં રડી પડ્યાં..!!**

✱✱✱

# સુરેન્દ્રનગર શહેર સોહામણું રે ... લોલ



**મો**રલો બોલ્યો મારા મલકનો... મન મોર બની થનગાટ કરે. ગોકુળીયું છે મારું ગામ. લોકસાહિત્યમાં લોકગીતોમાં માદરે વતનની સુગંધ. સોહમની આવી અનેક રચનાઓ ગુજરાતી સાહિત્યમાં ભરેલી પડી છે. એવું જ મારે મન મારું ગળ્યું ચટક ગામ સુરેન્દ્રનગર સોહામણું  છે. એની માટીની ખુશબો આજે પણ માણવા જેવી છે. ભરપૂર માણીએ છીએ.

સુરેન્દ્રનગર કોઈ પ્રાચીન નગરી નથી. તેનો કોઈ પુરાતન ઇતિહાસ નથી. સને ૧૮૬૪માં બ્રિટિશ એજન્સીના પોલિટિકલ એજન્ટના થાણા માટે વઢવાણ ઠાકોર સાહેબ અને દૂધરેજના દરબારો પાસેથી જમીન લીધેલ. આમ લોકજીભે વઢવાણ કાંપ (વઢવાણ કેમ્પ) અસ્તિત્વમાં આવ્યું. વઢવાણનાં રાજવી સુરેન્દ્રસિંહજીના નામ ઉપરથી 'સુરેન્દ્રનગર' શહેર 'ઝાલાવાડ' નું મુખ્ય મથક બન્યું. જે આજનો 'સુરેન્દ્રનગર જિલ્લો'. આમ સુરેન્દ્રનગરનો ઇતિહાસ ૧૫૦ વર્ષોથી વધુ નથી. તોપણ અગત્યનો ભાતીગણ ઇતિહાસ તો અવશ્ય જાણવા જેવો છે જ.

વઢવાણ કેમ્પમાં પોલિટિક્લ એજન્ટ ઝાલાવાડનું મુખ્ય મથક, તેની કોર્ટ - કચેરી અહીં હતી. તેથી રાજાઓ - કારભારીઓ અવાર નવાર રજવાડાના કામે તેમના વકીલો, માણસો સાથે આવતા.

આ કારણથી શહેરમાં રજવાડાના રહેવા માટે ઉતારવા મોરબીનો ઉતારો, લીંબડી, સાયલા, વઢવાણ, વણા જેવા અનેક ઉતારાઓ નિર્માણ પામ્યા. જે આજે આ જ નામથી ઓળખાય છે અને પ્રખ્યાત છે.

પૌરાણિક શિલ્પસ્થાપત્યો નથી. પરંતુ સુરેન્દ્રનગરની અસ્મિતાને ઉજાગર કરે તેવી અસ્મિતા યાદ કરવા જેવી છે. અતિ પ્રાચીન હાટકેશ્વર મંદિર, અણઘટનાથ મહાદેવ મંદિર, એક્સો વીસ વર્ષ પ્રાચીન તીર્થ સ્વરૂપ અમીઝરા વાસુપૂજ્ય સ્વામી દેરાસર, શહેરની શોભારૂપ મિ. જાર્ડીન ટાવર, તે ભૂંકપ બાદ નવો બનેલો અજરામર ટાવર, મોરબીના પુલ તરીકે ઓળખાતો પુલ કર્નલ કિર્ટીજ બ્રિજ આજે નવો બંધાયેલ સરદારસિંહ રાણા પુલ છે. એ જમાનાના ગિરાસદારો કુમારોના અભ્યાસ માટે ગિરાસદાર સ્કૂલ બોર્ડિંગોનું બિલ્ડીંગ આજે ઊભું છે. નારાયણદાસ ઠાકરશી મુળજી (એન.ટી.એમ. હાઈસ્કૂલનું બિલ્ડીંગ આજે ય શોભાયમાન છે) સાકરબાઈ ધર્મશાળા, ઠાકરશી મુળજી સેનિટોરીયમ, આઈ. પી. મિશન સંચાલિત એલેક્ઝાન્ડર કેર મેમોરિયલ હોસ્પિટલ (આઈરીશ હોસ્પિટલ) ધી કાન્તિલાલ કોટન મિલ્સ, રૂનું વિઠ્ઠલ (મી. વ્હિટલ) પ્રેસ, કુકડા પ્રેસ જીન, પરમાર મિકેનિક વર્કસ, જીનતાન થર્મોમીટર, વઢવાણ, સુરેન્દ્રનગર વચ્ચે દોડતી ટ્રામ, ગેઈટનું સ્ટેશન, જૂનું રેલવે સ્ટેશન, બર્ડવૂડ લાઇબ્રેરી, દારા સાહેબનો બંગલો, વગેરે કાળના ભૂગર્ભમાં વિલીન થઈ ગયા. સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિ માટે યંગ્ઝ ક્લબ, ઝાલાવાડ ક્લબ, રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, જૈન જાગૃતિ સેન્ટર, જૈન સોશ્યલ ગ્રુપ, જૈન કલ્ચર તથા જય જિનેન્દ્ર સેવા ગ્રુપ, સાંસ્કૃતિક સંસ્થા, શબ્દલોક ટ્રસ્ટ, ઝાલાવાડ લોક સાહિત્ય પરિવાર, ભારત સેવક સમાજ વગેરે સંસ્થાઓ કાર્યરત છે. એન.ટી.એમ. હાઈસ્કૂલનું બિલ્ડીંગ આજે ય શોભાયમાન છે. દયા, અનુકંપા, કરુણા અને માનવતાને વરેલી સંસ્થાઓ, અંધ વિદ્યાલય, બહેરામુંગા શાળા, વાનપ્રસ્થાશ્રમ (ઘરડાઘર) અનાથ આશ્રમ, બાલાશ્રમ, લોક વિદ્યાલય, પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ રામ ભોજનાલય, સી. જે. હોસ્પિટલ, સી.યુ. શાહ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, મહાત્મા ગાંધી હોસ્પિટલ, આયુર્વેદીક દવાખાનું, સવા હોસ્પિટલ, માનવતાની મહેક પ્રસરાવી રહ્યા છે.

પૂ. મહાત્મા ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્રજી, લોકમાન્ય તિલક, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ, દાદા ધર્માધિકારી, પાંડુરંગ આઠવલે, શહીદ ભગતસિંહના માતુશ્રી અને જગદ્‌ગુરુ શંકરાચાર્ય, આચાર્ય રજનીશ, સૈયદ મોહમ્મદ બુરાનુદીન, સંતશ્રી કાનજી સ્વામી, ડોંગરેજી મહારાજ, મોરારી બાપુ, પ્રમુખ સ્વામી જેવી વિરલ વિભૂતીઓએ સુરેન્દ્રનગરની ધરાને પાવન કરી છે.

સમાજસેવાનાં ભેખધારી, દાતાઓ, દાનવીરો, લેખકો, કવિઓ, સાહિત્યકારો, સમર્થ રાજકારણીઓ, સર્વશ્રી ચંદુલાલ સુખલાલ મહેતા, શાંતિલાલ કુલચંદ શાહ, શાહ રાયચંદ પ્રેમચંદ, શાહ શાંતિલાલ ચત્રભૂજ, અમૃતલાલ આઝાદ, વાડીલાલ એમ. શાહ (વકીલ), ધીમંતભાઈ શાહ વી.ના ઈશ્વરીય પ્રયત્નોથી એમ.પી.શાહ, સી.યુ.શાહ, દીપચંદભાઈ ગાર્ડી વગેરે જેવા સુખી અને સખી દાતાઓએ શાળાઓ, મહાશાળાઓ, છાત્રાલયો, દવાખાનાઓ વી. અનેક સંસ્થાઓ સ્થાપી દાનનો મહાસાગર લહેરાવ્યો.

ઝાલાવાડી મોરપીંછ સુફી સંત બાબુભાઈ રાણપુરા, ડોલર ગઢવી, બચુભાઈ ગઢવી, બાપલભાઈ ગઢવી, જગદીશ ત્રિવેદી, કવિશ્રી રમેશ આચાર્ય, શાયર લાભશંકર રાવલ, મુર્ધન્ય સાહિત્યકાર મોહમ્મદ માંકડ, ભાનુભાઈ શુક્લ, અરવિંદભાઈ આચાર્ય, ભૂપેન્દ્ર મો. દવે તથા કુસુમબેન દવે, વગેરે સાહિત્ય ક્ષેત્રે પ્રદાન કર્યુ. ત્રંબકલાલ મો. દવે, મનુભાઈ શાહ, ઘનશ્યામભાઈ ઓઝા, રસિકલાલ પારેખ, ચુનીલાલ ચુડગર, સમાજસેવિકા અરુણાબેન દેસાઈ, અરવિંદભાઈ સંઘવી, જીતુભાઈ ભટ્ટ, જેવા પીઢ પરિપક્વ અને સમર્થ અનેક રાજકારણીઓ આપ્યા.

ધર્મના અને આસ્થાના સ્થાનકો ધરાવતાં મંદિરો અંબિકા માઈ મંદિર, શક્તિ મંદિર, ગણેશ મંદિર, ગાયત્રી મંદિર, પૂ. કાનજીસ્વામી પ્રેરીત શાંતિનાથ તથા સિમંધર સ્વામી દિગમ્બર જિન મંદિરો, શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના પંદરથી વધુ દેવવિમાન જેવા જિન મંદિરો, સ્થાનકવાસી સંપ્રદાયના દસથી વધુ ઉપાશ્રયો, સ્વામીનારાયણ સંપ્રદાયના ભવ્ય મંદિરો તથા ચર્ચ અદ્ભુત વારસો ધરાવે છે. વહેરા કોમની કલાત્મક મસ્જિદ, હસ્તાપીરબાબા અને ગેબનશાહ પીરની દરગાહ વગેરે મુસ્લિમોના આસ્થાના સ્થાનકો છે.

આ શહેરની આગવી ઓળખ છે. સૌ કોઈ ''વાળા'' છે. સીતાપુરવાળા, લીંબડીવાળા, સુદામડા, બોટાદ, લખતરવાળા તરીકે જ ઓળખાવવાનું પસંદ કરે છે. જુદા શહેરો જુદા જુદાં ગામોમાંથી જુદી જુદી કોમના, ધર્મના, માણસો અનેક પ્રકારનાં કામ-ધંધા, વેપાર, નોકરી, મજૂરી માટે અહીં આવ્યા, સ્થિર થયા અને મહેનત, મજૂરી, બુદ્ધિ, કૌશલ્યથી ખૂબ આગળ વધ્યા. કર્મભૂમિ બનાવી સુરેન્દ્રનગરની રોનક વધારી વિશ્વના નકશામાં સ્થાન અપાવ્યું. આમ આવું છે મારું સુરેન્દ્રનગર શહેર રળિયામણું. મને વહાલું લાગે મારું ગામ.

☐ **નયન શાહ**

**STOP PRESS**

**તા. ૧-૧૦-૨૦૨૦ થી સભાની ઓફીસ લૉકડાઉનને ધ્યાનમાં રાખીને કાર્યરત કરવામાં આવશે.**

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**૪૭ ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ,**
**મુંબઈ ૪૦૦૦૦૨**
**ફોન : ૨૨૦૦૦૦૯૭ /૨૨૦૧૨૮૭૦**

**કાંદિવલીની ઓફીસ બંધ થયેલ છે માટે સંપૂર્ણ પત્રવ્યવહાર તથા રૂબરૂમાં ઉપરોક્ત સ્થળે મળવાનું રહેશે.**

# ○ વિશેષતા ○



દરેક વસ્તુને પોતાની આગવી વિશેષતા હોય છે, જે તેનો ગુણ છે. આવી વિશેષતાનું અભિમાન કરવું સારું નથી, કારણ ક્યારેક આ વિશેષતાનો ગુણ વાતાવરણના આવરણમાં ઢંકાઈ જાય છે ત્યારે તેનું દુઃખ અસહ્ય થઈ પડે છે.

એક બગીચામાં જાતજાતનાં ફૂલ હતાં, ઝાડ હતાં, લતાઓ હતી, તો સાથે હાથલા થોર પણ હતા. આવા બગીચામાં એક સુંદર સવારે ગુલાબના છોડ પર એક સુંદર મજાનું ગુલાબનું ફૂલ ઊગ્યું. જેમ માતાની કૂખે બાળકનો જન્મ થાય ને માતા રાજી થાય, તેવી જ રીતે આ ગુલાબનો છોડ પણ હવાના ઝોકે હાલકડોલક થતો ખુશ થવા લાગ્યો.

લોકો એના સૌંદર્યનાં વખાણ કરવા લાગ્યા એટલે એને તો ગુમાન આવી ગયું. આસપાસ ઊગેલા બીજા છોડ અને વૃક્ષોની તે મજાક કરવા લાગ્યો, તેમાં પણ કાંટાળા થોર સામે જોઈને કહ્યું : 'તું તો કેટલો ભદ્દો દેખાય છે.'

વડીલ જેવા પીપળાએ ગુલાબને ટકોર કરી : 'ગુલાબ, તારાં સુંદર ફૂલોની નીચે પણ કાંટા છે તો પછી થોરની શા માટે મજાક કરે છે ?'

ગુલાબે તોછડાઈથી કહ્યું : 'પીપળ, તું તો સાવ મૂર્ખ છે, કાંટાને કારણે તું મને થોર સાથે સરખાવે છે ? ઉંમર વધી પણ તારું જ્ઞાન ન વધ્યું.'

એવામાં ગ્રીષ્મ ઋતુ આવી, સૂરજ ગરમી ઓકવા લાગ્યો. વાતાવરણ એકદમ ગરમ થઈ ગયું. પાણીની અછત વર્તાવા લાગી. પશુ-પંખી તરસે મરવા લાગ્યાં. ઝાડ-પાન સુકાઈને કરમાવા લાગ્યાં. ગુલાબના છોડની હાલત પણ ખરાબ થઈ ગઈ. એવામાં એક ચકલી આવી, પેલા હાથીયા થોરમાં ચાંચ ભરાવીને એમાંથી પાણી પીને ઊડી ગઈ.

ગુલાબે પીપળને પૂછ્યું : 'થોરને દુઃખે નહીં ?'

પીપળ કહે : 'થોર તો પીડા સહન કરીને પણ ખુશીથી બધાની મદદ કરે છે.'

ગુલાબને પોતાની ભૂલ અને મર્યાદાનો અહેસાસ થતાં થોર પ્રત્યેના પોતાના વર્તનનો પસ્તાવો થયો. પ્રત્યેક વ્યક્તિમાં કોઈ ને કોઈ વિશેષતા હોય છે. પોતાની વિશેષતાનો તોર રાખી બીજાની વિશેષતાની અવગણના કરીને તેનામાં ખામી શોધ્યા કરવી નિરર્થક છે, ઊલટાનું, એકબીજાની વિશેષતાનો આદર કરવો અને બની શકે તો એકબીજા માટે પોતપોતાની વિશેષતાનો સદુપયોગ કરવામાં સાચી સાર્થકતા છે.

✱✱✱

# મધ્યમવર્ગની વેદના



મેં કીધું દોસ્ત...કેમ આજે ઢીલો છે....

કંઈ નહીં દોસ્ત.... 'આવક કરતાં જાવક' વધી રહી છે !

આર્થિક મંદીના બહાના હેઠળ 'ત્રણ વર્ષથી પગાર-વધારો' નથી થયો, બજારમાં 'નવી નોકરી' જલદી મળતી ન હોવાથી તેનો 'લાભ કંપનીઓ' ઉઠાવી રહી છે.

નોકરી/ધંધાની અનિશ્ચિતતા વચ્ચે સ્વભાવ ચીડિયો થઈ ગયો છે. 'બનાવટી હાસ્ય' લઈને એક હરતી ફરતી લાશ સમાજ વચ્ચે ફરે છે. દૂર દૂર સુધી તો કોઈ 'આશાના કિરણ' દેખાતા નથી.

ઘણી વખત આ 'તકલીફોને' કારણે વગર મફતનો 'આપણો પરિવાર' ભોગ બને છે.

દોસ્ત આવા સમયે સંયમથી વર્તવું, ઓછું બોલવું...

સાંભળ દોસ્ત, એક મહિના પહેલાની વાત કરું તો.. હું ડ્રોઈંગ રૂમમાં બેઠો હતો... અંદરના રૂમમાં સ્વીટુ ભણતા ભણતા ઊભો થઈ તેની મમ્મી સાથે મસ્તી તોફાન કરતો હતો...

મારા હાથમાં 'ઇલેક્ટ્રિક બિલ' હતું... બિલની રકમ જોઈ હું મુંઝાયો હતો....તેની વ્યવસ્થા, ઉઘડતી 'સ્કૂલે ફી' ની ચિંતા, 'ઘરના હપ્તા', 'મેડિકલેમ....', ધંધામાં હરીફાઈને કારણે 'આવકની અનિશ્ચિતતા !', નોકરીઓ ઉપર 'લટકતી તલવાર..' જાણે મગજ ઉપર અચાનક 'આતંકી હુમલો' થયો હોય તેમ ખર્ચનું લિસ્ટ આતંક માચવવા લાગ્યું.... હું મારી જાત ઉપર સંયમ ગુમાવતો જતો હતો.

તેવામાં સ્વીટુ તેના રૂમનો 'પંખો અને લાઈટ' ચાલુ રાખી તે ક્યારનો મજાક મસ્તી તેની મમ્મી સાથે કરતો હતો... હું ઊભો થયો અને મેં બૂમ મારી કે, જે જગ્યાએ બેઠા નથી ત્યાં પંખા લાઈટ કેમ ચાલુ રાખો છો... ?

સ્વીટુની સામે જોઈ હું બોલ્યો તારી આદત કેમ તું સુધારતો નથી.... આટલું બોલી તેના કાન ઉપર મારાથી એક થપ્પડ વાગી ગઈ...

આ થપ્પડ એટલી જોરથી વાગી કે સ્વીટુના કાનમાંથી લોહી નીકળવા લાગ્યું....

સ્વીટુ એટલે સાત વર્ષનું બાળક. તે મારી સામે જોઈ આંખમાંથી આંસુ પાડવા લાગ્યો.....વાત નાની હતી છતાં પણ સ્વરૂપ તેનું ગંભીર બની ગયું.

મારી પત્ની પણ મને વઢવા લગી.... તમે નાના બાળક ઉપર હાથ ઉપાડો છો એ આદત સારી નથી. મારી ભૂલ મને સમજતા મિનિટની પણ રાહ જોયા વગર સ્વીટુ ને તેડીને હું ઝડપથી નીચે ઉતર્યો...

પાછળ મારી પત્ની પણ બધા કામ બાજુ ઉપર મૂકી નીચે ઉતરી...અમે એક્ટિવા ઉપર બેસી ડૉક્ટર પાસે ગયા. ફેમિલી ડૉક્ટરે કાનમાંથી લોહી બંધ ન થતું હોવાથી તાત્કાલિક સર્જનને મળવાનું કીધું. અમે સર્જનને ત્યાં પહોચ્યા.....

સર્જને કીધું..... સ્વીટુ સામે જોઈ કીધું..... બેટા સ્કૂલમાં મારા મારી કરી ?

સ્વીટુ તો મારી સામે જોઈ રહ્યો.....

મેં ભીની આખે મેં કરેલ ભૂલ વર્ણવી.... ડૉક્ટરે કીધું તમે ભણેલ થઈ આ હદ સુધી જાવ છો ?

તમને ખબર છે..... કોઈ વખત આખી જિંદગી ખોડ રહી જાય ?

મેં કીધું સાહેબ મારી ભૂલ છે, સ્વીટુને સારું તો થઈ જશે ને ?

ડૉક્ટરે ચેક કરી કીધું....

હું મનોચિકિત્સક નથી પણ બાળકની માનસિક હાલત ઉપરથી એટલું જરૂર કહીશ.. તેને કાન કરતા દિલ ઉપર વધારે ઘા વાગ્યો છે...

બાળક તમારું છે...છતાં પણ કહું છું.....આવા સ્વીટ બાળક ઉપર તમે હાથ કેવી રીતે ઉપાડી શક્યા ? મારી પત્ની તો રડી પડી.... રડવાનું મારે બાકી હતું.... હું ડૉક્ટર દેખતા સ્વીટુને ભેટી રડ્યો.... બેટા માફ કરી દે... થોડો સ્વસ્થ થઈ મેં કીધું સાહેબ કેટલી ફી આપવાની ?

ડૉક્ટર સ્માઈલ આપી બોલ્યા રહેવા દો..... ''મારી ફી તમે નહીં ચૂકવી શકો ?''

મેં કીધું સાહેબ...હું પ્રયત્ન કરીશ... આપ બોલો...

ડૉક્ટર સાહેબ બોલ્યા, એક ''વચન'' આપો.... આજ પછી સંજોગો ગમે તેટલા ''પ્રતિકૂળ'' હોય પણ બાળક ઉપર હાથ નહીં ઉપાડો. ગુસ્સો પણ ચાલાક છે એ નિર્બળ વ્યક્તિ ઉપર જ વાર કરે છે....

કોણ કહે છે ડૉક્ટર ''લૂંટે'' છે ?

૧૦૦માંથી એક દાક્તર પણ આવા ભગવાન જેવા હોય છે....જે ફક્ત રૂપિયા માટે પ્રેક્ટિસ નથી કરતા.... એક ધર્મગુરુ જ્ઞાન ન આપે એવું જ્ઞાન તેમણે એક વાક્યમાં કીધું.

''ગુસ્સો પણ ચાલાક છે એ નિર્બળ વ્યક્તિ ઉપર જ વાર કરે છે''....

વાત તો સાહેબની ''સાચી'' હતી

નિર્બળ, લાચાર, વૃદ્ધ, અશક્ત ઉપર વાર કરી આપણે શું સાબિત કરવા માગીએ છીએ ?

અત્યારે ચારે બાજુ દરેક વ્યવસાયમાં લોકોએ લૂંટફાટ આદરી છે ત્યારે.... આવો પ્રેમાળ ઠપકો આપી અમને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાનું સમજાવનાર ડૉક્ટર સામે હાથ જોડી અમે ઊભા રહ્યા અને તેમનો આભાર માન્યો.

ડોક્ટર સાહેબ બોલ્યા .....

તમારા સંપર્કમાં કોઈ સારી વ્યક્તિ આવે તો આભાર ભગવાનનો માનવો..... કારણ કે,

તેની પ્રેરણા વગર આ શક્ય નથી... બાકી પંદર દિવસ પછી ફરી બતાવી જજો...

સ્વીટુ સામે જોઈ ડૉક્ટર સાહેબ બોલ્યા બેટા પપ્પાનું કહ્યું હંમેશાં કરવાનું....બાકી હવે તારા પપ્પા તને મારે તો મને કહી દેજે..... અમે બધા હસી પડ્યા.....

''નફાના ધ્યેય'' સાથે વ્યવસાય કરવાનો દરેકનો અધિકાર છે... પણ સમય અને સંજોગો જોઈને જો તમારા દિલમાં કરુણા ઊભી થાય તો તમારો મનુષ્ય જીવનનો ફેરો સફળ થયો છે.....તેવું સમજી લેજો...

દોસ્ત...ઘરે આવી સ્વીટુને ભેટી ફરી રડ્યો. તેના માથે હાથ ફેરવી હું આખી રાત રડતો રહ્યો..... વિચારતો હતો... આવક કરતાં ખર્ચ વધે તેમાં પરિવારનો શુ વાંક ?

હિલ સ્ટેશન ઉપર ફરવા ન લઈ જઈ શક્યો તો વાંધો નહિ.... પણ ઉનાળોમાં પંખો તો વાપરે કે નહીં ?

દોસ્ત દુઃખ તો ત્યારે થયું જ્યારે હું તેના ભણવાના રૂમમાં ગયો. એ ભણતો હતો પણ પંખો ચાલુ કર્યો નહોતો ?

હું સમજી ગયો.....સ્વીટુ એ મને હજુ માફ નથી કર્યો.....અથવા તો અંદરથી હજુ મારાથી ડરે છે.....

મેં માથે હાથ ફેરવી કીધું...બેટા સ્વીટુ પપ્પાને માફ નહિ કરે ? હવે પપ્પા કદી તને નહીં મારે.... પ્રોમિસ.

એ ભોળા ભાવે બોલ્યો...

જેન્ટલમેન પ્રોમિસ ?

હું તેને ભેટી પડ્યો..કહ્યું

બેટા જેન્ટલમેન પ્રોમિસ.

મેં મારી પત્ની સામે જોઈ કીધું...એક સમય હતો. હું પણ અંધારા થી ગભરાતો હતો..... પણ આજે...સંજોગો બદલાઈ ગયા .... આજે અજવાળું જોઈ હું ગભરાઈ જાવ છું !

ડાર્લિંગ.... તું પણ. મને શક્ય હોય તો માફ કરી દે...

કોઈ વખત આવક જાવકના બે છેડા મેળવતી વખતે માનસિક સંતુલન ગુમાવી દેવાય છે.....

આ મારી તકલીફ નથી. ઘરે ઘરે મધ્યમવર્ગના પરિવારોમાં આવી તકલીફો છે.....

પણ હવેથી આવી ભૂલ કદી ન થાય તેનું હું ધ્યાન રાખીશ.

મારી આંખો પણ ભીની થઈ ગઈ હતી. બોલવા જેવા કોઈ શબ્દો જ ન હતા.... કારણ કે મધ્યમવર્ગની વેદના આપણે એકબીજા નહિ સમજીયે તો બીજું કોણ સમજશે ?

✱✱✱

# બાર મેઘ

આજકાલ સમાચાર, છાપામાં કે પછી કોઈના મોઢેથી સાંભળતા હસો કે બારેય મેઘ ખાંગા થયા.

પણ કોઈને ખબર નથી ''બાર મેઘ'' શું છે.

**ગુજરાતી સાહિત્યમાં વરસાદના બાર પ્રકાર પાડેલા છે.**

(૧) ફરફર
(૨) છાંટા
(૩) ફોરા
(૪) કરા
(૫) પછેડીવા
(૬) નેવાધાર
(૭) મોલ મેહ
(૮) અનરાધાર
(૯) મુશળધાર
(૧૦) ઢેફાભાંગ
(૧૧) પાણ મેહ
(૧૨) હેલી



**(૧) ફરફર** - જેનાથી ફકત હાથ પગના રુંવાળા ભીના થાય તેવો નજીવો વરસાદ.

**(૨) છાંટા** - ફરફરથી થોડો વધારે વરસાદ.

**(૩) ફોરા** - છાંટાથી મોટા ટીપાવાળો વરસાદ.

**(૪) કરા** - ફોરાથી વધુ અને નાના બરફના ટુકડાનો વરસાદ.

**(૫) પછેડીવા** - પછેડીથી રક્ષણ થાય તેવો વરસાદ

**(૬) નેવાધાર** - છાપરાના નેવા પરથી પાણીની ધાર વહે તેવો વરસાદ

**(૭) મોલમેહ** - મોલ-પાકને પૂરતો થઈ રહે તેટલો વરસાદ

**(૮) અનરાધાર** - એક છાંટાને બીજો છાંટો અડે અને ધાર થાય એવો વરસાદ

**(૯) મુશળધાર** - અનરાધારથી વધુ હોય એવો વરસાદ મુશળ-સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.

**(૧૦) ઢેફાં** - વરસાદની તીવ્રતાથી ખેતરમાં માટીના ઢેફાં ભાંગી જાય એવો વરસાદ.

**(૧૧) પાણ મેહ** - ખેતરો પાણીથી ભરાઈ જાય અને કૂવાનાં પાણી ઉપર આવી જાય એવો વરસાદ.

**(૧૨) હેલી** - અગિયાર પ્રકારના વરસાદથી કોઈ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને હેલી કહેવાય છે.

✱✱✱

# શ્રેષ્ઠ માવતર



☐ મધુસૂદન જોશી

તેઓ એક ઇન્ટરનેશનલ શાળાના ભભકાદાર બગીચા માં સુકાયેલા છોડ કાઢી રહ્યા હતા, ધૂળ અને ગરમીની તેમના પર કોઈ અસર નહોતી. ''ગંગાદાસ, આચાર્ય શ્રી તમને મળવા માંગે છે, હમણાં જ.''

છેલ્લા બે શબ્દો પટાવાળાએ તાકીદ ઉભી કરવા માટે ભાર દઈને કહ્યા.

તેઓ ઝડપથી ઉભા થયા, એમના હાથ ધોઈને લુછી નાખ્યા અને આચાર્યની ઓફીસ તરફ ચાલવા લાગ્યા.

તેઓ એક નિષ્ઠાવાન કાર્યકર હતા, તેમણે ક્યારેય કામચોરી નથી કરી.

ઠક.... ઠક....

''તમે મને બોલાવ્યો મેડમ ?''

''અંદરઆવો'' એક ખારાશ સાથેના આદેશપૂર્ણ અવાજે તેમને વધુ ડરાવી મૂક્યા.

ભૂખરા રંગ નાં વ્યવસ્થિત રીતે બાંધેલા વાળ, સાદી પણ ડિઝાઇનર સાડી અને નાક ની ટોચ પર રાખેલા એમના ચશ્માં....

તેમણે ટેબલ પર મુકેલા કાગળ સામે ઈશારો કરીને કહ્યું, ''આ વાંચો...''

''પણ મેડમ, હું એક અભણ માણસ, અંગ્રેજી ના વાંચી શકું. મેડમ મારાથી કોઈ ભૂલ થઇ હોય તો મને માફ કરો.. મને હજી એક તક આપો. મારી દીકરી ને આ શાળામાં મફતમાં ભણાવા માટે હું આપનો કાયમનો ઋણી છું. મેં મારી દીકરી માટે આવી સારી જિંદગીની ક્યારેય કલ્પના પણ નહોતી કરી.''

અને તેઓ લગભગ ધ્રૂજવા લાગ્યા.

''ઉભા રહો, તમે તો ઘણું બધું ધારી લીધુ... અમે તમારી દીકરી ને તેની હોશિયારી અને તમારી નિષ્ઠા ને લીધે પરવાનગી આપી છે. મને કોઈક શિક્ષકને બોલાવવા દ્યો, અને તે આ વાંચી ને તમારા માટે ભાષાંતર કરી આપશે. આ તમારી દીકરીએ લખ્યું છે, અને મારે એ તમને વંચાવવું છે.''

થોડી જ મિનિટોમાં શિક્ષક્ને બોલાવાયા અને તેમણે વાંચવાનું શરૂ કર્યું. અને દરેક વાક્યને હિન્દીમાં પણ અનુવાદ કર્યું.

તેમણે વાંચ્યું -

''આજે અમને માતૃત્વ દિવસ પર લખવાનું કહેવામાં આવ્યું હતું.

હું બિહાર ના એક નાના ગામ થી છું, એક નાનું ગામ જ્યાં શિક્ષણ અને દવા હજુ પણ દૂરનાં સપના જેવું લાગે છે. આના લીધે આજે પણ ઘણી સ્ત્રીઓ બાળકને જન્મ આપતાની સાથે જ મૃત્યુ પામે છે. મારી માતા પણ તેમાની એક હતી, તેણે મને ક્યારેય એના હાથ માં તેડી નથી.

મારા પિતા મને તેડનાર સૌથી પ્રથમ વ્યક્તિ હતા, અને કદાચ છેલ્લા પણ. દરેક જણ દુઃખી હતા. કારણકે, હું એક છોકરી હતી અને મારી પોતાની માને ભરખી ગઈ હતી. મારા પિતાને તરત જ બીજા લગ્ન કરી લેવા માટે કહેવામાં આવ્યું હતું, પણ તેમણે નાં પાડી. મારા દાદા દાદી એ તેમને તાર્કિક, અતાર્કિક અને ભાવનાશીલ કારણો આપી ખૂબ દબાણ કર્યું પરંતુ તેઓ સહેજ પણ ચસ્ક્યા નહી . મારા દાદા દાદી ને પૌત્ર જોતો હતો, તેમણે પપ્પા ને લગ્ન માટે બહુ જ ડરાવ્યા અને કહ્યું કે જો તેઓ લગ્ન નહી કરે તો દાદા દાદી તેમનો ત્યાગ કરશે.

તેમણે બે વાર પણ વિચાર ના કર્યો અને તેમણે બધું જ છોડી દીધું, તેમની એકરોની જમીન, એક સુંદર ગુજરાન, આરામદાયક ઘર, ઢોર અને તે તમામ વસ્તુઓ કે જે ગામડાંમાં જીવવા માટે સારી ગણાય છે.

તેઓ આ વિશાળ શહેરમાં મને તેમના ખોળામાં લઇ ને કંઈપણ લીધા વગર આવ્યા. જીવન ખૂબ જ કઠોર હતું, તેમણે દિવસ અને રાત સખત મહેનત કરી. મારી ખૂબ જ પ્રેમ અને પરેજી સાથે દેખરેખ કરી.

હવે મને સમજાય છે કે મને ભાવતી દરેક વાનગી માટે તેમણે શા માટે અચાનક જ અણગમો ઉભો કર્યો હતો, કારણકે, થાળીમાં એ વાનગીનો ફક્ત એક જ ટુકડો વધ્યો હોતો તો. તેઓ એવું કહેતા કે, તેમને તે વાનગી થી નફરત છે અને હું એવું માની ને ખાઇ જતી કે એમને એ વાનગી ભાવતી નથી. પણ, જેમ જેમ હું મોટી થતી ગઈ મને કારણ ખબર પડી કે બલિદાન શું છે. એમણે મને શક્ય એટલી સગવડતા તેમની ક્ષમતા બહાર જઈને આપી છે.

આ શાળાએ એમને છત આપી, સમ્માન આપ્યું અને સૌથી શ્રેષ્ઠ ભેટ, તેમની દિકરીને પ્રવેશ આપ્યો.

જો પ્રેમ અને કાળજી મા ની વ્યાખ્યા છે, તો મારા પિતા એમાં વ્યવસ્થિત બેસે છે.

જો કરુણા મા ની વ્યાખ્યા છે, તો તેમાં પણ મારા પિતા વ્યવસ્થિત બેસે છે.

જો ત્યાગ મા ની વ્યાખ્યા છે, તો તેઓ તેમાં પણ સૌથી ઉપર છે.

ટુંક માં કહુ તો કાચલીમાં જો માતા પ્રેમ, કાળજી, ત્યાગ અને કરુણાથી બને છે, તો મારા પિતા દુનિયાના સૌથી શ્રેષ્ઠ મા છે.

માતૃત્વ દિવસ પર હું મારા પિતાને ધરતી પરના મારા શ્રેષ્ઠ માવતર બનવા માટે શુભેચ્છા આપવા માંગું છું. હું તેમને સલામ કરું છું અને ગર્વથી કહું છું કે, આ શાળામાં કાર્ય કરતા મહેનતુ માળી મારા પિતા છે.

હું જાણું છું કે, શિક્ષક ના આ વાંચ્યા પછી પરીક્ષામાં કદાચ હું નાપાસ થાઉં, પણ આ એક ખૂબ જ નાની ભેટ મારા નિઃસ્વાર્થ પિતાને અર્પણ કરું છું.

''આભાર.''

ઓફિસમાં નિરવ શાંતિ હતી. કોઈપણ ગંગાદાસના હળવા ડૂસકા સાંભળી શકતું. ગમે તેવો જ્વલનશીલ સૂર્ય પણ તેના કપડા ભીના ના કરી શકતો, પણ તેની દિકરી ના માસુમ શબ્દોથી તેની છાતી આંસુઓથી ભરાઈ ગઈ હતી. તેઓ ત્યાં હાથ વાળી ને ઉભા હતા.

તેમણે શિક્ષકનાં હાથમાંથી કાગળ લીધો અને તેની છાતી પાસે મૂકી ને એક ડૂસકું ભર્યું.

આચાર્ય ઉઠ્યા અને ગંગાદાસને ખુરશી અને પાણી આપ્યા અને કઈંક કહ્યું. પણ, નવાઈ સાથે આ વખતે તેમના અવાજ ના ખારાશ ની જગ્યા હૂંફ અને મીઠાશ એ લઇ લીધી હતી.

''ગંગાદાસ, તમારી દીકરી ને આ નિબંધ માટે ૧૦ માંથી ૧૦ ગુણ આપ્યા છે. શાળાનાં ઈતિહાસમાં માતૃત્વ દિવસ પર લખાયેલ આ સૌથી શ્રેષ્ઠ નિબંધ છે. અમારે કાલે માતૃત્વ દિવસ નિમિત્તે શાળામાં ખૂબ જ ભવ્ય સમારંભ છે. અને શાળાના તમામ વ્યવસ્થાપક મંડળે આ કાર્યક્રમ માટે તમને મુખ્ય અતિથિ તરીકે બોલાવવાનું નક્કી કર્યું છે.

આ એક ગૌરવ ની વાત છે કે કેવી રીતે તેના બાળકને આગળ લાવવા માટે એક પુરૂષ પ્રેમ અને બલિદાન આપી શકે છે. અને આ એ વાત સાબિત કરે છે કે પૂર્ણ માવતર બનવા માટે સ્ત્રી હોવું જરૂરી નથી.

અને સૌથી મહત્વની વાત કે, તમારા અભિમાન માટે કે તમારી દિકરીની તમારા પર પૂર્ણ શ્રદ્ધા છે. અને તમારી દિકરી ના કહેવા મુજબ આખી શાળાને પણ સાથે સાથે ગૌરવ છે, તમારા પર પૃથ્વી પર ના શ્રેષ્ઠ માવતર તરીકે !

''તમે ખરેખર એક સાચા માળી છો, જે ફક્ત બગીચાનું જ ધ્યાન નથી રાખતા, પણ તમારા જીવનનાં અણમોલ ફૂલ ને પણ એક અલગ સુંદર રીતે ઉછેરો છો....''

તો ગંગાદાસ, શું તમે અમારા કાર્યક્રમના મુખ્ય અતિથિ બનશો ?....''

✱✱✱

# અભિનંદન



સિદ્ધ અમિષ સંઘવી- દુબઇ (ઉં ૧૨- સાતમા ધોરણમાં ભણતો) જ્યારે સિદ્ધ તેની માતા જીજ્ઞા સાથે N-Covid 19 વાયરસ વિશે ચર્ચા દરમ્યાન શરીરના સંપર્ક દ્વારા ફેલાય છે તેથી વ્યક્તિગત આરોગ્ય માટે સેનિટાઇઝરનો બોટલનો સ્પર્શ કર્યા વગર લેગો ટેકનીક સિસ્ટમ દ્વારા લીક્વીડ હાથ પર સ્વચ્છતા પ્રવાહી છાંટવાનો વિચાર ઉદભવ્યો. લેગો ટેક્નિક સિસ્ટમનો ઉપયોગ કરી સર્જનાત્મક રીતે રોબોટિક સેનિટાઇઝર બનાવ્યો છે. જેની શાળા સ્પ્રિંગ ડેલ્સ દુબઇ સ્કુલે શાળાની સોશિયલ મિડીયા ઉપર અને ખલીજ ટાઇમ્સે દુબઇ તેમનાં અખબારમાં છાપી તેની પ્રશંસા કરી હતી.

રમેશચંદ્ર ભગવાનલાલ સંઘવી, વિલેપાર્લેનો પૌત્ર અને બકુલ નંદલાલ ગાંધીનો દોહિત્ર સિદ્ધ અમીષ સંઘવી સિદ્ધ રુબીક સ્ક્વેર્સ/ ક્યુબ્સ ૨* ૨, ૩* ૩, ૪* ૪, ૫* ૫, ૬* ૬, ૭* ૭, મેગા મિક્સ, ઘોસ્ટ ક્યુબ, મિરર ક્યુબ, પિરામિડ ઘણાં જ ટૂંક સમયમાં સોલ્વ કરવાની કુશળતા ધરાવે છે.

સિદ્ધે ચેસ અને ટેબલ ટેનિસમાં એની શાળાનું પ્રતિનિધિત્વ કર્યું છે.

COVID લડવા માટે, સિદ્ધે પહેલેથી જ નાનો રોબોટ SOVID (સિદ્ધનું ઉત્કૃષ્ટ વિક્ટોરિયસ ઇનોવેટિવ ડિવાઇસ) બનાવ્યું છે જેનો તે ઘરે ઉપયોગ કરી રહ્યો છે.

સિદ્ધને તેની કુશળતા માટે ખુબ ખુબ અભિનંદન તથા શુભેચ્છા...

**અ**મેરિકામાં એક વૃદ્ધ માણસને રોટલી ચોરીના ગુનામાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. વૃદ્ધ વ્યક્તિએ ચોરી સ્વીકાર કરી, અને કહ્યું હું ભૂખ્યો હતો અને ચોરી ના કરત તો હું મરી જાત.

જજ વૃદ્ધ વ્યક્તિને જણાવે છે કે, ''તમે રોટલી ચોરી કરવાનો ગુનો કબૂલ કર્યો છે એટલે હું આ ગુના માટે તમને દસ ડોલર દંડ કરવાની સજા કરું છું. અને હું જાણું છું કે આટલી રકમ તમારી પાસે નહીં હોય એટલે આ રકમ આપના તરફથી હું આપું છું.'' કોર્ટમાં મૌન પ્રસરી જાય છે અને જજ તેના



ખિસ્સામાંથી દસ ડોલર કાઢીને તે વૃદ્ધ માણસ તરફથી દંડ રાષ્ટ્રીય ખજાનામાં જમા કરાવે છે. જજ કોર્ટમાં બેઠેલ બધા વ્યક્તિઓને જોઈને ઊભા થાય છે અને કહે છે ''હું અહીંયા કોર્ટમાં હાજર બધા લોકોને દસ ડોલરની સજા ફરમાવું છું કારણ કે તમે એક એવા દેશમાં રહો છો જ્યાં એક ગરીબ માણસને ખોરાક માટે ચોરી કરવી પડે છે. કોર્ટમાં રહેલ બધા લોકો પાસેથી ૪૮૦ ડોલર એકત્રિત થાય છે અને ન્યાયાધીશ તે વૃદ્ધ વ્યક્તિને આપે છે. આપણા દસ રૂપિયા એટલા અગત્યના નથી હોતા જેટલા ક્યારેક નિઃસહાય લોકો માટે અગત્યના હોય છે. પરિવર્તન માટે આપણે આપણી જાતને બદલવી જોઈએ, કોઈના સુખનું કારણ એ સૌથી મોટી ખુશી છે.

✱✱✱

# મહાવીરની અંતર્યાત્રા

મહાવીર પ્રભુની જીવનયાત્રાને સમજવાનું સહેલું નથી. જીવનયાત્રાના બે ફાંટા તે બહિર્યાત્રા અને અન્તર્યાત્રા. કૈવલ્ય પ્રાપ્ત થયા પહેલાં અને પછી એમની યાત્રા અંર્તજગતમાં સવિશેષ ચાલતી રહી. સાધનાના બાર વર્ષો દરમ્યાન એમને અભય, અહિંસા અને મૈત્રીના ઘણાં પ્રયોગો કર્યા. આ ગાળા દરમિયાન એમણે અહિંસા, માંડ પચાસેક કલાકો જેટલા સમય માટે નિદ્રાધીન થયા. આવું જ આહાર માટે કહી શકાય. જીવનના રહસ્યને સૂક્ષ્મતમ કક્ષાએ પામવાની એમની મથામણના ખ્યાલ ઝટ નથી આવતો. આપણું સમગ્ર જીવન 'બહાર' ની સૃષ્ટિની માથાફોડમાં વીતી જાય છે. અંદર ડોકિયું કરવાનું બહુ ઓછું બને છે.

મહાવીર એકલા ઘૂમતા રહ્યા. કોઈ પણ જાતના ભય અને ઠઠારા વગર અપરિચિત લોકો વચ્ચે તેઓ પહોંચી ગયા. એમનું જીવન એટલે પરાક્રમ, કર્મ, પુરુષાર્થ, વીર્ય અને ઊર્ધ્વમૂળ સાધનાનો મંગલ યાત્રાપથ. એમના યાત્રાપથ પર એમણે ચાંડાળોને આવકાર્યા. સ્ત્રીઓને અધ્યાત્મમાર્ગમાં સક્રિયપણે જોડનારા તેઓ પ્રથમ મહામાનવ હતા. એ જ રીતે, લોકોને સમજાય તેવી ભાષાનો આગ્રહ રાખાવમાં પણ તેઓએ પહેલ કરી. જીવન એક સહજ ઘટના છે, પરંતુ એને ઊર્ધ્વગામી બનાવવા મથવું એ કળા છે, એમાં કરવામાં સફળ થવું એ મહાકળા છે અને એ પૂરું થાય તે પહેલાં કૈવલ્ય પ્રાપ્ત કરવું એ પરમ કળા છે. પરમ અસ્તિત્વ સાથે એકાકાર થવા માટે એમણે પોતાના વ્યક્તિત્વને જાણે સાવ ઓગાળી નાખવાનું તપ આદર્યું. આવા તપને અંતે તેમનું વ્યક્તિત્વ શૂન્ય બનતું ગયું અને વિરાટ મહાશૂન્યતા સાથે એકરૂપ થઈ રહ્યું.

✱✱✱

## જૈન ધર્મ વિશે પ્રસિદ્ધ હસ્તીઓ કહે છે...



જૈનધર્મ સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મ છે, આ ધર્મે બીજા કોઈપણ ધર્મનું અનુકરણ કે નકલ કર્યા નથી.

**- ડૉ. હર્મન જેકોબી (પ્રસિદ્ધ જર્મન ચિંતક)**



જૈનધર્મ હિન્દુ ધર્મથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર ધર્મ છે. જૈન ધર્મનો ઈતિહાસ હિન્દુ ધર્મ જેટલો જ પ્રાચીન છે.

**- પ્રો. મેક્સમૂલર (પ્રસિદ્ધ જર્મન ફિલોસોફર)**



જૈનધર્મનો મેં અભ્યાસ કર્યો છે. અહિંસા અને અનેકાન્તવાદ જૈન ધર્મે વિશ્વને આપેલી અનમોલ ભેટ છે.

**- એ. પી. જે. અબ્દુલ કલામ (ભૂ.પૂ. રાષ્ટ્રપતિ)**



અહિંસા તત્ત્વના સૌથી મહાન પ્રચારક મહાવીર સ્વામી જ હતા. મારા જીવનમાં અહિંસાની પ્રેરણા મેં બુધ્ધ અને મહાવીરના ચરિત્રોમાંથી મેળવી છે. **- ગાંધીજી**



ભગવાન મહાવીરે બતાવેલા માર્ગ પર ચાલવાથી આપણે સહિષ્ણુ સમાજની રચના કરી શકીશું. બીજા કોઈ ધર્મે અહિંસાની આટલી સુક્ષ્મતા નથી બતાવી. જૈનધર્મ પોતાના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવા માટે સંપૂર્ણ યોગ્ય છે. **- ડૉ. રાજેન્દ્રપ્રસાદ**

જૈનધર્મ બૌદ્ધધર્મ કરતાં પણ પ્રાચીન છે.

**- ટી. ડબલ્યુ- રઈસ ડેવિડ**

મનુષ્યોના વિકાસ માટે જૈનધર્મનું સ્વરૂપ ઘણું જ લાભકારી છે, આ ધર્મ ખૂબ જ અસલી, સ્વતંત્ર, સાદો, બહુ મૂલ્યવાન તેમજ બ્રાહ્મણોના મતોથી ભિન્ન છે અને તે બૌદ્ધોની જેમ નાસ્તિક નથી.

**- ડૉ. એ. ગિરનાર (પેરીસ) (ફ્રેન્ચ કેળવણીકાર)**



ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં જૈનધર્મે પોતાનું અસ્તિત્વ અનેક ઉથલપાથલ વચ્ચે પણ ટકાવી રાખ્યું છે.

**- કર્નલ જેમ્સ ટોડ (પ્રસિદ્ધ ઇતિહાસકાર)**



હું શાકાહારી છું, ધૂમ્રપાન નથી કરતો અને શરાબ નથી લેતો. મને જૈન ધર્મના અહિંસા અને શાકાહારના સિદ્ધાંતો ખૂબ જ અપીલ કરે છે. **- અમિતાભ બચ્ચન**



જૈનધર્મના સિદ્ધાંત મને ખૂબ જ પ્રિય છે, મારી ઈચ્છા છે કે મૃત્યુ બાદ બીજો જન્મ હું જૈન કૂળમાં પ્રાપ્ત કરું !

**- જ્યોર્જ બર્નાર્ડ શૉ (નોબલ પ્રાઈઝ વિજેતા સાહિત્યકાર)**



બ્રાહ્મણ અને હિન્દુ ધર્મમાં ધાર્મિક વિધિમાં માંસ ભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયા એની પાછળ જૈન ધર્મની અસર જવાબદાર છે. **- લોકમાન્ય ટિળક**



જૈન ધર્મ જેટલું ત્યાગનું મહત્ત્વ અન્ય ક્યાંય જોવા નહિ મળે. શાંતિ, સહિષ્ણુતા, અહિંસા અને જીવદયાની ભાવના જૈન ધર્મને ભારતીય સંસ્કૃતિમાં ટોચ પર મૂકે છે. **- શ્રી શ્રી રવિશંકર**

જૈનધર્મનો પ્રારંભ ક્યારથી થયો તે શોધી કાઢવું લગભગ અસંભવિત છે. ભારતના ધર્મોમાં જૈન ધર્મ સૌથી પ્રાચીન છે.

**- જી. જે. આર. ફરલાંગ (અમેરિકન તત્ત્વ ચિંતક)**

જો કોઈ વિરોધી સજ્જન જૈન સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મપણે કરે તો તેમનો વિરોધ સમાપ્ત થઈ જશે.

**- ડૉ. ગંગાનાથ ઝા.**



# શ્રી સદ્ગુણા સી.યુ. શાહ સ્ત્રીઓનું દવાખાનું અને પ્રસુતિગૃહ

**દાજીરાજ હાઈસ્કુલ સામે, વઢવાણ સિટી – ૩૬૩૦૩૦**

૭૦ વર્ષથી ઉપરના શુભ નામથી ચાલતી અને સેવાના ધ્યેયથી ચાલતી આ કાર્યરત હોસ્પિટલથી મુંબઈના વતનવાસીઓ અને વતન પ્રેમીઓ ખુબજ પરીચિત છે. દર્દીઓને ખુબજ નીચા દરે જેવા કે **મેજર ઓપરેશનના રૂા. ૧,૦૦૦/- માઈનોર ઓપરેળનના રૂા. ૫૦૦/-, સોનોગ્રાફીના રૂા. ૧૦૦/-, તેમજ નોર્મલ ડીલીવરીના રૂા. ૨૦૦/-**, ના ચાર્જથી તેમજ અન્ય સારવારના લોકોને પરવડે તેવા ચાર્જથી અદ્યતન સારવાર પુરી પાડવામાં આવે છે. સંસ્થા પાસે આર્થિક ભંડોળ નહી હોવાના કારણે તે તેનો વિકાસ સાધી શકતી નથી તેથી આપણા વતનના મુંબઈ માં વસતા દાતાશ્રીઓ આર્થિક રીત મદદરૂપ બને તો નવા વિભાગો ચાલુ કરીને સેવાનું વિસ્તરણ કરીને દર્દીઓને મદદરૂપ બની શકાય તેમ છે. ઈનડોર રૂમોના સંપુર્ણ રીનોવેશન માટે રૂા. ૧૫,૦૦,૦૦૦/- પંદર લાખ પુરાનું દાન શ્રીમતી નિરૂબેન વિરેન્દ્રભાઈ સંઘવી અને M/s. AARVI ENCON LTD. તરફથી સ્વ. શ્રી જાગેશ વિરેન્દ્રભાઈ સંઘવી ના સ્મરણાર્થે મળેલ છે. તેઓ જામનગરના વતની હોવા છતા વઢવાણની આ હોસ્પિટલની જરૂરીયાતને ધ્યાને લેતા અમોને મદદરૂપ બન્યા તે બદલ સંસ્થા તેઓનો અને પરીવારનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે. તેમજ સી.યુ.શાહ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન મુંબઈ તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- પાંચ લાખ નુ દાન મળેલ છે. તે માટે શ્રીમતી મિનલબેન તથા રોહિતભાઈ શાહના ખુબજ આભારી છીએ. ફીજીયોથેરાપી નો વિભાગ બનાવી તેમા અદ્યતન સાધનો વસાવીને આ વિભાગને ચાલુ કરવા માટે અને આ વિભાગને દાતાશ્રીનું નામ જોડી આ વિભાગ વહેલી તકે ચાલુ કરી શકાય છે. તેના માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/- પચીસ લાખના ફંડની જરૂરીયાત છે. આ રીતે આંખના વિભાગને પણ અદ્યતન સાધનો વસાવી આંખના ઓપરેશનો માટે ઓપરેશન થિએટર બનાવી દર્દીઓને આ વિભાગમા સારી સારવાર આપી શકીએ તેમ છીએ. તે વિભાગ વહેલી તકે કાર્યરત કરી શકાય તેમ છે.

આ રીતે ઉપરની વિગતે દાતાશ્રીઓ સંસ્થાને આર્થિક રીતે મદદરૂપ બને તો નવા વિભાગો બનાવી તેને કાર્યરત કરી દર્દીઓની મહતમ સેવાનો લાભ મેળવી શકાય તેમ છે. આ રીતે સંસ્થાની મેટરનીટી વિભાગના ડેવલપમેન્ટ ફંડ માટે ની યોજના જેવી કે પ્લેટીનમ દાતાશ્રી તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- પાંચ લાખ, ગોલ્ડન દાતાશ્રી તરફથી રૂા. ૩,૦૦,૦૦૦/- ત્રણ લાખ, સિલ્વર દાતાશ્રી તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/- બે લાખ, તેમજ પેટ્રન દાતાશ્રી તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- એક લાખ

ફંડમા જમા કરવામા આવે તો તે દાતાશ્રીનું નામ બોર્ડ પર લખવામાં આવશે અને તે દ્વારા સંસ્થા સંતાએ કહ્યુ છે તેમ ''દર્દીઓની સેવાથી મોટી કોઈ ભક્તિ નથી આપ બધા ઈશ્વરના રૂપમાં આવેલ દર્દીઓની સેવા એજ તમારૂ ભજન છે દર્દીઓની બુમો તો ઘંટારવ છે.'' આ પંક્તિને સાર્થક કરીને આપ સર્વે દાતાશ્રીઓ દાન મેળવવા માટે અમોને ઉદાર દિલે અમારા આ સેવા કાર્યના મહાન યશ મા પોતાની ઇચ્છાનુસાર આહુતી આપો તેવી આપ સર્વેને નમ્ર વિનંતી કરીએ છીએ. કાર્યમા અમોને યોગ્ય લાભ પ્રાપ્ત થાય તે માટે મદદરૂપ બનશો તેવી આપ સર્વે દાતાશ્રીઓ પાસે આશા રાખીએ છીએ.

હાલમાં સંસ્થા નવી કમિટીના નેજા નીચે ખુબજ પ્રગતિ કરી રહી છે. અને શ્રી નવિનભાઈ મણીયાર ના અનુમોદનથી દાન મેળવીને હોસ્પીટલમા નવા વિભાગો ચાલુ કરીને તે વિભાગ સાથે દાતાશ્રીનુ નામ જોડીને વઢવાણ તેમજ આજુબાજુના ગામડાના દર્દીઓને મેડીકલ સેવનો મહત્તમ લાભ મળે તે માટે પુરા પ્રયત્નો કરી રહ્યા છીએ. આ રીતે નવી યોજનાઓ અને આયોજન દ્વારા દાન મેળવવા માટે દાતાશ્રીઓને અપીલ કરી રહ્યા છીએ. તો આ હોસ્પીટલના વિકાસ અને આધુનિકરણ તેમજ ફંડ માટે દાતાશ્રીઓ અમોને અર્થિક સહયોગ આપીને ખુબજ મદદરૂપ બનશે તેવી આશા રાખીએ છીએ. આભાર સાથે....

સંસ્થાને ૮૦-જી હેઠળ આપેલ દાન ઇન્કમટેક્ષ મા બાદ મળવા પ્રાપ્ત છે. અમારા બેંક સેવિંગ્સ ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

**STATE BANK OF INDIA**

Smt. Sadgunaben C.U. Shah Women Hospital And Maternity Home

Account No.: 30585085167 IFSC Code : SBIN0060102 Branch : Darbargadh Wadhwan City CIF No.: 85384394540

**STATE BANK OF INDIA** PAN No. : AAATS7124D

**નવિનભાઈ એ. મણીયાર**

**મોબા. ૯૩૨૩૩૯૮૬૧૦** • Email:navinmaniar@gmail.com

Advt.

## શ્રી ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

## ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ
તા. ૧૯-૦૬-૧૯૩૨

અરિહંતશરણ
તા. ૨૪-૦૭-૨૦૨૦

### સ્વ. શ્રીમતી રસીલાબેન મનસુખલાલ સંઘવી

ધ્રાંગધ્રા નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

હૃદય અમારુ રડી પડે છે. જોઈ તસવીર આપની
હૈયુ માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા
વ્યવહારમાં કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે. અંજલી આપતા હૈયુ તૂટે છે
વારંવાર યાદ આવે છે આપની, તસવીર જોઈ આપની

બા, આપની યાદ કયારેય પણ ભુલાય તેમ નથી
એજ અમારા સૌના શ્રધ્ધાંજલિના પુષ્પો.

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | રાજેન્દ્ર-સ્મિતા |
| | : | અશોક-ચંદ્રિકા |
| | : | રાજેશ-સંગીતા |
| દીકરી-જમાઈ | : | સુરેખા-અભયકુમાર |
| પૌત્ર-પૌત્રવધુ | : | ઋષભ-શ્રેયા |

Advt

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ :
૦૯-૦૩-૧૯૩૫



અરિહંતશરણ :
૦૭-૦૪-૨૦૧૯

## અ. સૌ. ઇન્દુમતી મુલચંદભાઇ

મૂળ વતન : વઢવાણ, હાલ : કાંદિવલી

કુન્દન જેવું જીવન જીવીને, સુખ સહુને આપી ગયા
ખુદ ઘસાઈ અમ કાજે, સૌરભ થઇ પ્રસરી ગયા
જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહી
વિદાય એવી લીધી કે કદી ભુલાય નહી
આપની હયાતી અમારી પ્રેરણા હતી. આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.
આપનો સ્વભાવ, લાગણીશીલતા, અમો જીવનભર ભુલશું નહીં
મમતા ઘણી મૂકી ગયા, છાના ખૂણે રડી લઈશુ જયારે આવશે યાદ તમારી
શૂન્ય માંથી સર્જન કરી, સર્વત્ર સુવાસ ફેલાવી ગયા,
ગુમાવ્યું છે અમે શિરછત્ર, સ્પંદન અને ધબકાર,
કિંતુ રહેશે અમર આપની શ્રદ્ધા, સ્મૃતિ અને સંસ્કાર
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**શ્રદ્ધાંજલિ અર્પતા મૂલચંદભાઈ ગાંડાલાલ ગોસલીયા પરિવાર**

| | | |
|---|---|---|
| પુત્ર | : | નયનભાઈ ચેતનભાઈ, રાકેશભાઈ |
| પુત્રવધુ | : | સોનલ, મનિષા, જસ્મિન |
| દીકરી | : | દિપીકાબેન, સ્વ. રીટાબેન |
| જમાઈ | : | મહેશભાઈ સોમાણી |
| પૌત્રી જમાઈ | : | મિતાલી, ધવલ, મિલોની, શ્રીપાલ, ધર્મિલ અર્ચિતા, સલોની, આકાશ, દ્દવનિ, બંસરી, રાજ |
| દોહીત્રી જમાઈ | : | અંકિતા રાહુલ |
| પ્રપૌત્ર | : | રીઆંશ |

**સમસ્ત ગાંડાલાલ માણેકચંદ ગોસલીયા તથા**
**માતુશ્રી સ્વ. ચંપાબેન વનેચંદ દોઢીવાલા પરિવાર**

Advt

श्री महावीराय नमः

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૧૦-૧૧-૧૯૩૮

અરિહંત શરણ
૧૦-૦૪-૨૦૧૯

# અ.સૌ. જયાબેન હિમ્મતલાલ શાહ

## નાગનેશ(રતલામ) નિવાસી હાલ કાંદિવલી

Advt

# શ્રદ્ધાંજલીના પુષ્પરૂપે



જન્મ :
૧૧-૦૧-૧૯૩૯

અરિહંતશરણ :
૧૯-૦૪-૨૦૨૦

## પ. પૂ. માતુશ્રી પુષ્પાબેન મહાસુખલાલ શાહ

ઉ. વર્ષ–૮૧

છોડી સ્વજનોનો સાથ, તમે વસ્યા પ્રભુને પાસ
નથી હયાત પણ છો સાથ, એવો અમને રહે છે ભાસ,
શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે, અંજલિ આપતા હૈયું તૂટે છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને, પરમ શાંતિ અર્પે
એજ અંતઃકરણપૂર્વક પ્રાર્થના

### શ્રદ્ધાસુમન અર્પણ કરનાર

| | | | |
|---|---|---|---|
| પુત્રો | : મુકેશ, સંજય, મનિષ | પૌત્રી | : પ્રિયા વિશાલભાઈ મહેતા |
| પુત્રવધુ | : સ્વ. અમી, ઈલા, પૂર્વી | | સ્નેહા કેયુરભાઈ શાહ |
| પૌત્ર | : કૃણાલ, વિશાંત, આયુષ | | વિધિ શાહ |
| પૌત્રવધુ | : દિશા, દેવીશા | પ્રપૌત્ર, પૌત્રી | : હ્રિદય, કશ્વી |

: સમસ્ત :
હરજીવન રાયચંદ શાહ, અમુલખભાઈ મોહનલાલ શાહ
પરિવાર

Advt

# અશ્રુભીની શ્રધ્ધાંજલી

## ઝાલાવાડ દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન
## મુળી નિવાસી હાલ ઘાટકોપર

જન્મ
૨૮-૫-૧૯૩૧



અરહિંત શરણ
૧૫-૭-૨૦૨૦

## સ્વ. પોપટલાલ ભુદરભાઈ શાહ

માણસાઈ અને આવકારો જેના હૃદયમાં હતા, કરૂણા જેના દિલમાં હતી, પરોપકાર જેના પગલામાં હતા, કોઈના દુઃખે દુઃખી, કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો એવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના....

શોકાતુર

ઈન્દીરાબેન પોપટભાઈ ભુદરભાઈ શાહ

કલ્પનાબેન ઉમેશભાઈ | ઉર્મીબેન કૈલેશભાઈ
દિપ્તીબેન સુનીલભાઈ | અલ્કાબેન સંજયભાઈ

Purvesh Enterprise-Ghatkopar | Optical Palace-Ghatkopar
New Optik- Dombivali | Raj Optics Co-Vashi
Spectacles - Vashi

Advt

# ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન

## શ્રદ્ધાંજલિ



## મહેન્દ્રભાઈ વિજયલાલ દાદભાવાલા

**વઢવાણ નિવાસી (નાથાભવનવાળા) હાલ કાંદીવલી (વેસ્ટ)**

| જન્મ | અરિહંત શરણ |
|---|---|
| તા.૦૭-૧૦-૧૯૪૨ | તા.૧૪-૦૫-૨૦૨૦ |

---

કુદરતને દેતો ટક્કર વડલો,
જીવનભર જોયો મેં આ વડલો,
જમીન પર જે પડી રે ગયો,
નહિ ભૂલું તારો શીતળ છાયો,
નહિ જોવા મળે એ પ્રેમાળ વડલો,
આજ ધૂળમાં ભળી રે ગયો.....

: સ્વજનો:

ધર્મપત્નિ : કોકીલાબેન
સ્વ શાંતાબેન વિજયલાલ દાદભાવાલા ના સુપુત્ર
સ્વ નારંગીબેન ખેતસીભાઈ સંઘવી ના જમાઈ
દિકરી - જમાઈ : આશિતા કેતનભાઈ દોશી
શીતલ દીપકભાઈ શાહ
તેજલ અલ્કેશભાઈ દોશી
ભાઈ - ભાભી : સ્વ શ્રી જીતેન્દ્રભાઈ - સ્મીતાબેન
શ્રી શરદભાઈ - પ્રજ્ઞાબેન
બેન - બનેવી : જ્યોત્સનાબેન - જયકુમારભાઈ શાહ
નલીનીબેન - જગદીશભાઈ શાહ
સ્વ ઈલાબેન - સુરેશભાઈ શાહ
વિધી, વિદિત,વિહિત,નીલ, મન અને અનેરી ના નાનાજી

Advt

# અશ્રુભીની શ્રદ્ધાંજલી





**સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ**

જન્મ : ૧૫/૯/૧૯૩૭ • સ્વર્ગવાસ : ૨/૫/૧૯૯૩

**સ્વ. શાન્તાબેન જયંતીલાલ શાહ**

જન્મ : ૧/૫/૧૯૪૧ • સ્વર્ગવાસ : ૨૭/૯/૨૦૧૦

ત્વમેવ માતાચ પિતા ત્વમેવ । ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।।
ત્વમેવ સ્વામી શરણાગતાનમ્ । ત્વમેવ સંસાર નિવાર કોસિ ।।

GAUTAM

**ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર તથા**
**ગૌતમ એડવર્ટાઈઝીંગ સ્ટાફ**

Advt

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2018-20. WPP Licence No. MR/Tech/WPP- 341/south/2018-20. Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

### છઠ્ઠી માસિક પુણ્યતિથિએ

# અશ્રુભીની શ્રદ્ધાંજલી

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
**સાયલા નિવાસી (કરાચીવાળા) હાલ સાંતાક્રુઝ વેસ્ટ**



જન્મ : તા.૨૦/૮/૧૯૪૧

અરિહંત શરણ : તા. ૮/૩/૨૦૨૦

# સ્વ. હસમુખલાલ જેઠાલાલ શાહ

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી
જે નાશ પામે છે તે શરીર છે. આત્મા શાશ્વત અને અમર છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

**હંમેશા યાદ કરનાર**

- માતા-પિતા : સ્વ. શાંતાબેન સ્વ. જેઠાલાલ શાહ
- પત્ની : ભારતીદેવી હસમુખલાલ શાહ
- પુત્ર-પુત્રવધુ : હિમાંશુ-સુમિતા
- દીકરી-જમાઈ : ફાલ્ગુની-સંજય દોશી, પિન્કી-પારસ પારેખ
- પૌત્ર : દેવિન, ભાવેન, મિહિર
- દોહીત્ર-દોહીત્રી : કેયુર, આશવી, જાસ્મીન, આશીકા

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah